# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ

## જાગૃતિ સંદેશ

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭. ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬
www.jainjagruti.com
www.jainjagruticentre.com
www.jainjagruticentre.org

માનદ્ તંત્રી : **શ્રી રમેશ એમ. સંઘવી**
સહતંત્રી : **શ્રી અશોક એ. શાહ**



## કૅબિનેટ કમિટી

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| આઈ.પી.ચૅરમૅન | : શ્રી કિરણ એચ. શાહ |
| ફાઉન્ડર ચૅરમૅન | : શ્રી ચીમનલાલ એસ. ગોસલિયા |
| વાઈસ ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| | શ્રી પ્રફુલ્લ એમ. શાહ |
| સેક્રેટરી જનરલ | : શ્રી સંજય બી. શાહ |
| સેક્રેટરી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| | શ્રી કિશોર એસ. શેઠ |
| | શ્રી કીર્તિ પી. સખપરા |
| ડેવલપમેંટ સેક્રેટરી | : શ્રી જયંતીલાલ કે. છાડવા |
| ખજાનચી | : શ્રી અનિલ જી. દોશી |
| તંત્રી | : શ્રી રમેશ એમ. સંઘવી |

## જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ-કમિટી

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી કિશોર એન. શાહ |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી કિરણ એચ. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી ચંદ્રવદન આર. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| સેક્રેટરી | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| સેક્રેટરી | : શ્રી સંજય બી. શાહ |
| જો. સેક્રેટરી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| ખજાનચી | : શ્રી હસમુખ કે. દેઢિયા |
| સહખજાનચી | : શ્રી કિશોર એસ. શેઠ |

**: ટ્રસ્ટીઓ :**

| | |
|---|---|
| શ્રી દીપચંદ એસ. ગાર્ડી | શ્રી પ્રવીણ જી. શાહ |
| શ્રી કમલેશ સી. શાહ | શ્રી હર્ષદ જે. ગાંધી |
| શ્રી રાજેશ સી. ગાંધી | શ્રી નીતિન એમ. સંઘવી |
| શ્રી રસિક એન. કોઠારી | શ્રી જયંતીલાલ કે. છાડવા |
| શ્રી શૈલેશ ડી. શાહ | શ્રી અનિલ જી. દોશી |
| શ્રી રાજેષ આર. ભણસાલી | શ્રી રમેશ એમ. સંઘવી |

● પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.
● કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.


છૂટક મૂલ્ય રૂ.૫/-  વાર્ષિક લવાજમ રૂ.૪૦/-

## Message From The CHAIRMAN.....



**પ્રિય સ્નેહાળ સભ્યો,**

જય જિનેન્દ્ર,

થોડા સમયમાં જ પરીક્ષાઓનાં પરિણામો એક પછી એક આવશે. બે-ચાર વધતા-ઓછા માર્ક્સ વિદ્યાર્થીઓનું ભવિષ્ય બદલાવી શકે નહીં, માટે નિરાશ થશો નહીં કે હરખાઇ જશો નહીં. કૅરિયર બનાવવા માટે એટલી બધી લાઇન ખૂલી છે કે હવે કોઇ જ Set Back આવશે નહીં. સાથેસાથે જેજેસી પણ કાર્યરત થઈ જશે. શરૂઆત થઈ ચૂકી છે. એજ્યુકેશન પ્રોજેક્ટ માટે ડોનેશનનો પ્રવાહ ચાલુ થઈ ગયો છે. આપણા માનવંતા સભ્યોએ આ પ્રોજેક્ટ સારી રીતે ચાલે તે માટેની જવાબદારી સમજી લીધી છે. તેમને હવે વધુ અપીલ કરવી પડતી નથી તેનો દાખલો મોજૂદ છે. તાજેતરમાં જુહુનાં ત્રણ સેન્ટરમાં આ ડોનેશન ડ્રાઈવના શ્રીગણેશ કર્યા. આશ્ચર્ય વચ્ચે અપીલની શરૂઆત જ કરી અને ત્રણેય કાર્યક્રમના ઈન્ટરવલમાં જ રૂા. ૩૧ લાખ (+ ૪/૫ની હજી શક્યતા) સભ્યો દ્વારા આવી ગયા. મારી અપીલ છે કે આ વર્ષે કોઈ જ સેન્ટર આ મુવમેન્ટમાં બાકાત ન રહે.

આ મહિનામાં જેજેસી દ્વારા થયેલા એક સુંદર પ્રોજેક્ટમાં જેજેસી-અંકલેશ્વર દ્વારા લોકાર્પણ થયેલ શબવાહિની (અંતિમયાત્રા રથ). ખૂબ જ સુંદર કાર્ય કર્યું શ્રી ધોકા પરિવારે! નવા સમાજની આ જરૂરિયાત છે. Multi Purpose શબવાહિની બનાવી મારા હાથે લોકાર્પણવિધિ કરાવી. જેજેસીના ઘણાબધા પરમેનન્ટ પ્રોજેક્ટમાં એક નવું છોગું ઉમેરાઇ ગયું. અન્ય કાર્યક્રમમાં જેજેસી-બોરીવલી દ્વારા આયોજિત ત્રીજો યુવામેળો ધારેલી સફળતાથી સંપન્ન થયો. બન્ને સેન્ટરની કમિટીને આવા સુંદર-સહેતુક પ્રોજેક્ટ માટે મારા ધન્યવાદ.

દર બે વર્ષે યોજાતી કૉન્ફરન્સ આ વર્ષે દમણ ખાતે છે. તેનો પ્રતિસાદ સભ્યો તરફથી ખૂબ જ સારો આવ્યો છે. હવે જગ્યા નથી તેથી રહી જનાર સભ્યોને સૉરી!

અન્ય ક્વૉલિટી સમાચારમાં યુવા હૃદયસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિને મળેલ યુગદિવાકરની ઉપાધિ. આ એક બહુ જ મોટો પ્રસંગ છે. પૂ. ગુરુદેવ બહુ જ નાની ઉંમરમાં જૈન સમાજના દીવાદાંડીરૂપ બની ગયા છે.

એવી જ રીતે પૂજ્ય પૂજ્ય યતિવર્ય શ્રી વસંત વિજયજી મહારાજસાહેબ પણ નૂતન સમાજનું નિર્માણ કરવા માટે અથાગ પરિશ્રમ કરી રહ્યા છે. મારી તેમની સાથેની એક મુલાકાતમાં તેમણે તેમની વ્યથા કહી. જૈન સમાજ ઝડપથી

Decentrilasationનો ભોગ બનતો જાય છે. નવી પેઢી ખૂબ ખૂબ ભણીને દુનિયામાં અલગ અલગ જગ્યાએ સ્થાયી થતી જાય છે અને બીજી ચેતવણીરૂપ બાબત એ છે કે આ યુવા વર્ગ ઉચ્ચ ડિગ્રીઓ પ્રાપ્ત કરીને સારા, ઉચ્ચ હોદ્દાઓ પર બેસીને Job કરતા થઈ ગયા છે. આ નવી જીવનશૈલી આપણા જેવી લઘુમતી વ્યાપારી કોમ માટે નુકસાનકારક સાબિત થશે. આપણી પહેલાંની પેઢી નોકરી કરતી પણ થોડા સમય માટે જ, કારણકે તેના મનમાં મહત્ત્વાકાંક્ષા જાગૃત રહેતી કે ક્યારેક મોકો મળ્યે પોતાનો બિઝનેસ કે ફૅક્ટરી કરવી. No Doubt, અત્યારના Job કરતા યુવાધનની વર્તમાન જિંદગી સરસ છે. સારું, જરૂરિયાત જેટલું કમાય છે, પણ આપણા જૈનો માટે તે પૂરતું નથી. જૈન તો પોતાનું જ નહીં, બીજાં દશ-બાર કે પચાસ-સો ફેમિલીનું ઘર ચલાવે – બીજાને Employ કરે એ એની ગળથૂથીમાં જ હોય છે. જૈન બંધુ Employee થવા નહીં, પણ Employer થવા સર્જાયો છે. આ સનાતન હકીકત છે. પૂ. વસંત વિજયજી મ.સા.ની સૂચનાથી અને આશીર્વાદથી ટૂંક સમયમાં જૈન જાગૃતિ સેન્ટર એક બિઝનેસ વિંગ ચાલુ કરવા માગે છે, જેમાં જૈન યુવા સાહસિકોને બિઝનેસ વિશે સંપૂર્ણ જ્ઞાન અને માહિતી મળી રહે.

બીજું Inter Cast Marrages. દીકરીઓ ખૂબ ખૂબ ભણી બીજી કાસ્ટમાં પરણી જાય તે ખતરનાક મોડ છે. આ બધું ચિંતન માગી લે છે. આની ચર્ચા અવસરે કરીશું. આપણા સભ્યોમાંથી કોઈને આ બાબત કાંઈ કહેવું હોય તો તંત્રીને લખી જણાવે.

આપણા હાયર એજ્યુકેશનના પ્રોજેક્ટને હવે વ્યાપક માન્યતા મળી રહી છે. પરમ પૂજ્ય ગુરુદેવ નયપદ્મ સાગરજી મ.સા. તથા પરમ પૂજ્ય ગુરુદેવ નમ્રમુનિના આશીર્વાદ પહેલેથી જ હતા. હવે અન્ય ગુરુદેવ પરમ પૂજ્ય આચાર્ય રત્નસુંદરજી મ.સા., ગુરુદેવ પરમ પૂજ્ય ધીરજમુનિ મહારાજસાહેબ, ગુરુદેવ પરમ પૂજ્ય ઉદયવલ્લભ મ.સા. કે પરમ પૂજ્ય યતિવર્ય વસંત વિજયજી મ.સા. તેમનાં વ્યાખ્યાનમાં આપણા આ પ્રોજેક્ટનો પ્રશંસનીય ઉલ્લેખ કરે છે અને તેમના અનુયાયીઓને ડોનેશન આપવા પ્રેરે છે. આ આપણી સફળતા જ કહેવાય ને!

આપણા સમાજ માટે કારમા સમાચાર એ છે કે મહારાષ્ટ્ર સરકારે લેટેસ્ટ ટેક્નૉલૉજીવાળાં, દરરોજનાં ૧૫૦૦૦ ઢોર (અબોલ પશુ) કપાય તેવું કતલખાનું બાંધવાનું શરૂ કર્યું છે તો યુ.પી.ની સરકારે દરરોજનાં ૧,૨૦,૦૦૦ પશુઓની કતલ થાય તેવાં ૮ કતલખાનાં નાખવાનું નક્કી કર્યું છે. આ બધું તેઓ Export અને Foreign Exchange કમાવવાની લાયમાં કરી રહ્યા છે. આખી દુનિયા જ્યારે જૈન ધર્મના પ્રભાવમાં ધીરે ધીરે આવી રહી છે, જૈન ફૂડ કટ્ટર મુસ્લિમ Airline - Air Egypt જેવામાં પણ માન્યતા પામ્યું છે ત્યારે આપણા જ દેશના આ ભ્રષ્ટાચારી બેઈમાનો શું કરવા જઈ રહ્યા છે? શું તેમને ખબર નથી કે અહીંનો હિસાબ અહીં જ ચૂકતે કરવો પડે છે! આપણે ઘણા જ ભયંકર દુઃખી આત્મા અહીંતહીં ભટકતા જોઈએ છીએ તે તેમનાં પૂર્વજન્મનાં કર્મોનાં પરિણામ ભોગવી રહ્યાં છે! આવા કર્મીઓની હાલત શું થશે એ તો તેઓ જ જાણે. જૈન લોકોએ આ સામે Agitation કર્યું તો યુ.પી. સરકારની હિંમત તો જુઓ! કાંઈ નહીં ને જૈન સાધુને હવાલાતમાં લીધા. રાજકીય તખતા પર આપણે જૈનો ખૂબ જ પશ્ચાદ્ભૂમાં ધકેલાઈ ગયા છીએ. નહીંતર ઇતિહાસમાં ક્યારેય આવો દાખલો નથી બન્યો. મુસલમાન હોય કે ખ્રિસ્તી હોય, રાજપૂત, હિંદુ હોય કે દ્રવિડ હોય, કોઈએ જૈન સાધુઓ સાથે આવી દુષ્ટતા નથી કરી. કારણ પૃથ્વી પર વિચરતા સૌથી નિરુપદ્રવી સાધુ ફક્ત જૈન જ છે. આ ચળવળ હવે પૂરા જૈન સમાજમાં જો ન પ્રસરે તો જૈનો માટે આથી વધુ દુર્ભાગ્ય કાંઈ જ નહીં હોય.

Admissionની સિઝન આવી રહી છે ત્યારે દુઃખ સાથે કહેવું પડે છે કે Education પદ્ધતિએ આજે ધરખમ નફો કરતાં બિઝનેસનું સ્વરૂપ લઈ લીધું છે. ગમે તે એરિયામાં જુઓ, વસઈ, વિલે પાર્લે, ઘાટકોપર, નવી મુંબઈ, થાણા, પુના, લોણી, યવતમાળ, કોલ્હાપુર કે નાગપુર, શૈક્ષણિક કૉલેજો કે ઇન્સ્ટિટ્યુશનો પોલિટિશિયનોએ સીધી કે આડકતરી રીતે પોતાના હાથમાં લઈ લીધાં છે. પૈસા બનાવવા સિવાય તેમનું કોઈ જ સામાજિક સેવાનું પ્રયોજન નથી. અઢળક પૈસા તેઓ આવા ઈન્સ્ટિટ્યુશનમાંથી ઉલેચી લે છે અને આપણાં બાળકોને શિક્ષણ મોંઘું પડે છે. કોઈ જ બોલવાવાળું નથી. પશ્ચિમની રાહે આપણે ઝડપથી દોડી રહ્યા છીએ, પણ પશ્ચિમના દેશોમાં નૈતિકતાનું મૂલ્ય જળવાઈ રહ્યું છે, જ્યારે અહીં તો નૈતિકતાનાં ઉઠમણાં થઈ ગયાં છે. આ લોકોનાં પાપનો ઘડો ક્યારેય ભરાશે? જોકે, તે માટે આપણે સામાન્ય જનતા ઓછી જવાબદાર નથી! હમણાં

જ આઠ રાજ્યની ચૂંટણીના પરિણામો આવતા જાય છે. પાંચ વર્ષ પહેલાં જે અમ્મા જયલલિતાને પબ્લિકે ફિટકાર વરસાવી બૂરી રીતે કાઢી મૂકેલ તેને એ જ પબ્લિક ૮૦% સીટ આપી ફરી વાર તામિલનાડુની ધુરા સોંપી રહી છે. ક્યાં સુધી આવી બુઢ્ઢી અમ્માઓને આપણે પોષતા રહીશું? કેમ યંગ બ્લડને આપણે તક આપતા નથી? તામિલનાડુમાં શપથવિધિ વખતે ગવર્નર સૂરજિતસિંહ બર્નાલાની હાલત જોઈ? શપથવિધિ પણ બેઠા બેઠા કરાવવી પડી. અરે, રાષ્ટ્રગીત ગવાતું હતું ત્યારેય ઊભા રહી ન શક્યા? આપણને આવા 'Expire' થઈ ગયેલા કહેવાતા નેતાઓની શું જરૂર છે? તેમની પાસે કાંઈ નવા વિચારો છે? નવું જોમ છે? થોડા સમય પહેલાં એન.ડી. તિવારીએ હૈદરાબાદમાં આબરૂના કેવા ધજાગરા કરેલા? કેમ આપણે આવા નેતાઓને ફગાવી દેતા નથી? આપણને હવે એક નહીં પણ પૂરા ૨૦ નરેન્દ્ર મોદીની જરૂર છે. જો એમ થાય તો આવતાં ૨૦ વર્ષમાં જુઓ ભારત દેશ નવયુવાનોના હાથે ક્યાંથી ક્યાં પહોંચી જાય છે?

અમેરિકાની આપણે ગમે તેટલી આલોચના કરીએ, પણ આંતરરાષ્ટ્રીય ફલક પર ફરી વાર તેણે પોતાની સર્વોપરિતા સાબિત કરી દીધી છે. અમેરિકા પર આંગળી ચીંધનારની અમે ડોક જ ઉડાવી દઈશું, એવી તાકાતનો પરિચય કરાવ્યો છે.

અમેરિકા પર આતંકવાદી હુમલો કરી ૩૦૦૦ જેટલા નિર્દોષ નાગરિકોનો ખાતમો બોલાવી અભિમાન લેતો માનવતાનો દુશ્મન ઓસામા બિન લાદેન પાકિસ્તાનની પનાહમાં આશરો લઈ શરમજનક જીવન જીવી રહ્યો હતો ત્યારે અમેરિકાએ તેને શોધી કાઢી, પાકિસ્તાની લશ્કરનું નાક કાપી તેના ઘરમાં જઈ કૂતરાના મોતે માર્યો અને તેનું શબ પણ ઉઠાવી જઈ ધાર્મિક વિધિ કરવાનો ચાન્સ આપ્યા વિના સીધો દરિયામાં શાર્ક માછલીને ધરી દીધો. આ ઑપરેશન એવી સિફતથી પતાવ્યું કે દુનિયાની શાબાશી મેળવી. અમેરિકાએ આવું કર્યું તો ચારેબાજુથી શાબાશી મેળવી, પણ જો ભારતે આમ કર્યું હોય તો? ન્યાયની વિધાને કોરાણે મૂકવા બદલ અમેરિકા સહિત આખી દુનિયા અને માનવસંસ્થાએ કકળાટ કરી આપણને જ ગુનેગારના કઠેડામાં બેસાડી દીધા હોત.

અસંખ્ય આતંકવાદી હુમલાના આરોપીઓ ભારતની જેલમાં ફાઈવસ્ટાર સગવડતા સાથે વર્ષોથી જીવે છે અને હજી ૨૫-૫૦ વર્ષ જીવશે અને નામચીન ગુનેગારો પાકિસ્તાનની પનાહમાં રજવાડી જીવન વિતાવી રહ્યા છે. આપણા જવાનો શું અમેરિકાથી ઓછા જવાંમર્દ છે? તેમને તક આપો, જુઓ અમેરિકા જેવું જ ઑપરેશન પાર પાડે છે કે નહીં, પણ અફસોસ, આપણા પોલિટિશિયનો વચ્ચે આવશે. શું કામ એ તો જગજાહેર હકીકત છે. ઓસામા બીન લાદેને એક ભૂલ તો કરી જ. જો તેણે અમેરિકા પર હુમલો કરાવ્યા બાદ ભારતના શરણે આવી ગયો હોત તો ભારતની કોર્ટમાં તેનો કેસ ૨૫-૩૦ વર્ષ સુધી ખેંચી શકત. જડબેસલાક સિક્યુરિટી વચ્ચે રજવાડી સુખ-સગવડતા વચ્ચે તે જિંદગી જીવત અને સુખેથી માનભેર વિદાય થાત! ખેર! તેને બુદ્ધિ ન આવી. તેના કરતાં તો કસાબ વધારે બુદ્ધિશાળી નીકળ્યો!!! આપણા વડા પ્રધાન સામેથી ખુલાસો કરે છે કે અમે દાઉદ પર આવું નહીં કરીએ. શું જરૂર હતી આવી નાકલીટી તાણવાની? ડૉ. મનમોહન સિંઘ પર આજે દરેકને માન છે, પણ વધુપડતી સરળતા રાજ્ય ચલાવવા માટે નુકસાનકર્તા છે એમ ચાણક્યે કહ્યું છે.

આ લખવાનું શરૂ કર્યું અને લખીને ઊભો થયો એ દરમિયાનમાં જ પેટ્રોલના ભાવમાં રૂા. પાંચનો વધારો ઝીંકાણો અને ડીઝલ, રાંધણગૅસમાં કમરતોડ વધારો તોળાય છે. ભારતની પ્રજાને સલામ. ખરેખર ક્યાં સુધી આ દુષ્ટ વિલનોનો ગેરવહીવટ સહન કરશે.

હવે લાગે છે કે ક્રાંતિ ધીમા પણ મક્કમ પગલે નજીક આવી રહી છે. હજી વધારે ને વધારે જુલમ કરતા રહો જેથી પ્રજાની સહનશક્તિની લિમિટ આવી જાય અને તમારો ન્યાય તોળે! ન્યાયની વાત આવે એટલે આપણે કબૂલ કરવું પડે કે આપણે ત્યાં ન્યાયના નામે બહુ મોટા નાટક ચાલી રહ્યા છે. અફઝલ હજી જીવે છે. કસાબનો કોઈ વાળ વાંકો કરી શક્તું નથી. હા, એક યુવાન ચોરે માની દવા માટે રૂા. ૨૦૦ની ચોરી કરી તેને આપણે ફાંસીએ ચડાવવાની તૈયારી કરી રહ્યા છીએ. મુબારક હો... મુબારક હો... આપણી જાતને.

હું હવે થોડા સમય માટે મારા ઘરના પ્રસંગ નિમિત્તે બિઝી થઈ જઈશ. દીકરીને વિદાય કરવાનો સમય આવે ત્યારે ભલભલા ઢીલા થઈ જાય છે, તો હું કઈ વાડીનો મૂળો!!! થોડી ઉતાવળમાં છું.

ચાલો, તો આવતા મહિને નિરાંતે મળીએ.

*લિ. જિતેન્દ્ર કોઠારી*
*ચૅરમૅન: જે.જે.સી. - સેન્ટ્રલ બોર્ડ*

તંત્રીસ્થાનેથી...

# ભગવાન મહાવીરસ્વામીએ પ્રરૂપેલા ધ્યેય અને સિદ્ધાંતનો બહોળા પ્રમાણમાં પ્રચાર-પ્રસાર એ જ એકમાત્ર ધ્યેય !

મગધ દેશમાં ઈક્ષ્વાકુ કુળની એક શાખામાં, ક્ષત્રીયકુંડ નામના ગામમાં સિદ્ધાર્થ રાજા અને માતા ત્રિશલાની કુખે જન્મેલો વર્ધમાન રાજકુમાર દિન-પ્રતિદિન વધતો જ ગયો અને વિકાસની પરમોચ્ચ અવસ્થાને પામતા વિશ્વે તેમને 'મહાવીર'નું વિશેષણ પ્રદાન કર્યું. બાહ્ય શત્રુઓને જીતે તે વીર અને આંતર્વિકારો પર વિજય મેળવે તે મહાવીર. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર જેવો ષડ્રિપુઓ પર જેનું શાસન પ્રવર્તે તે મહાવીર જેના જન્મથી કુળ પવિત્ર થાય છે, જનની કૃતાર્થતા અનુભવે છે અને મા વસુંધરા પોતાને પુણ્યવતી માને છે તે મહાવીર. ત્યારથી એટલે કે ૨૬૦૦ વર્ષથી તે મહામાનવ ભગવાન મહાવીરના નામે વિશ્વવિખ્યાત થયા.

વર્ધમાને માતાની આજ્ઞા શિર પર ચઢાવી યશોદા નામની રાજકન્યા સાથે લગ્ન કર્યાં અને પ્રિયદર્શના નામની પુત્રીના પિતા બન્યા. પ્રિયદર્શના આગળ જતા જમાલી નામના રાજપુત્ર સાથે પરણી. જે આગળ જતા મહાવીર સ્વામીના તીવ્ર આલોચક બની રહ્યા.

નિર્દંભ, નિરાડંબર એવા આ મહામાનવે બાર વર્ષ સુધી ઉગ્ર તપશ્ચર્યા કરી કોઈના પ્રત્યે ક્રોધ ન કરવો, પ્રાણીમાત્ર પ્રત્યે ક્ષમાભાવથી વર્તવું એ વાતને જીવનવ્રત તરીકે સ્વીકારી. પરાક્રમી હોવા છતાં જીત, ક્રોધ, સમર્થ છતાં ક્ષમાશીલ હોવાથી મહાવીરપદ પામ્યા.

મહાવીર ભગવાને મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન તો માતાના ઉદરમાંથી જ મેળવી લીધું, પણ પોતે જે બનવાના છે, જે માટે જન્મ લીધો છે તેની અનુભૂતિ જન્મની પહેલી જ ક્ષણથી થવા માંડી. એટલે તો ફક્ત આઠ વર્ષની ઉંમરે તેમણે ''ઐદ વ્યાકરણ'' રચ્યું. સત્ય જે આંખથી જોઈ શકાતું નથી, જેને રૂપ નથી, અવાજ નથી, ગંધ નથી એને જાણવા ખાસ અનુભૂતિ માટે ભગવાને ૧૨ વર્ષ સુધી ઉગ્ર તપ કર્યું. તેના પરિણામે તેમને જ્ઞાન લાધ્યું કે સૃષ્ટિના હર જીવાત્મા જડ કે ચેતન પીડાથી ઘેરાયેલા છે. ચેતનાત્માને પીડા હોય છે તે આજનું વિજ્ઞાન કબૂલ કરે છે. વનસ્પતિમાં પણ ચેતના છે. તેને પણ પીડા છે એવું સાબિત આજના વિજ્ઞાને કરેલું છે, પણ જડમાં પણ પીડા છે તેવું વિજ્ઞાને હજી સુધી કબૂલ નથી કર્યું. મહાવીરસ્વામીએ કેવળજ્ઞાનથી એ જાણી લીધું તેથી જ તેમણે જે સિદ્ધાંતો અભિવ્યક્ત કર્યા છે તે જૈન ધર્મના મૂળભૂત સિદ્ધાંતો ગણાય છે.

જડ અને ચેતનની પીડા હિંસાથી થાય છે. તેમણે પુદ્ગલનો સંપર્ક કરી તેમને મિત્ર બનાવ્યા. તેમની કરુણાદૃષ્ટિથી જ પુદ્ગલો ખુશ થયા અને બધા જ પ્રકારનો સહકાર આપ્યો. એટલે જ બારબાર વર્ષની ઘોર તપસ્યા છતાં ભગવાનની કાંતિ કે તેજમાં જરાય સરખો ફરક ન પડયો અને છેવટે ભગવાન કેવળજ્ઞાનને પામ્યા અને પછી તેમણે જે મૂળભૂત સત્ય-સિદ્ધાંતોને લોકવાણીમાં અભિવ્યક્ત કર્યા તે તેમને સૃષ્ટિના સમર્થ વૈજ્ઞાનિકપદે મૂકે છે. તેમણે ધર્મ અને વિજ્ઞાનનું સંયોજન કર્યું. સૃષ્ટિને વિનાશમાંથી ઉગારવા તેમણે આપેલા અનુનિયમોને જો બધા જ અનુસરે તો દુનિયામાં કોઈ જ વેદના ન રહે, પીડા ન રહે. ૨૬૦૦ વર્ષ પહેલાં તેમણે પ્રવર્તેલો બોધ આજે પણ આઈન્સ્ટાઈન જેવા પ્રખર વૈજ્ઞાનિકો કબૂલ રાખે તો પછી....

તો પછી આપણા જ ભગવાન મહાવીરવાણીથી આપણે કેમ ફંટાઈ ગયા છીએ? આપણે કઈ તરફ જઈ રહ્યા છીએ? આજે વિજ્ઞાન પુદ્ગલોનો ઉપયોગ Fission માટે કરી રહ્યું છે જ્યારે તેમનો ઉપયોગ Fussion માટે કરી દુનિયામાં શાંતિ-સુખ સ્થાપી શકાય છે.

અરે બીજાની વાત જવા દો. આપણે જૈનો તો 'જૈન દર્શન'ની ખૂબ જ નજીક છીએ છતાં અત્યારે ક્યાં છીએ? જૈનોની દુનિયામાં ઓળખ નથી. આ આપણી પીડા છે, કમનસીબી છે.

હમણાં એક સરકારી કામ માટે મારે ગૃહમંત્રાલયમાં જવાનું થયું ત્યારે મને જાણીને નવાઈ લાગી અને દુઃખ થયું કે ઑફિસર જૈન વિશે કાંઈ જાણતા ન હતા. જૈન જ્ઞાતિ છે, પેટાજ્ઞાતિ છે કે અટક (Third Name) છે તે વિશે મને પૂછયું. મારા કુળ માટે ગૌરવ લેતો હું વિચારમાં પડી ગયો કે શું આપણે કૂપમંડૂક છીએ?

આવો જ અનુભવ થોડા સમય પહેલાં પૂ. ગુરુદેવ નમ્રમુનિએ કહ્યો. તેઓ જ્યારે બે વર્ષ પહેલાં બિહારમાં વિહાર કરી રહ્યા હતા ત્યારે અચાનક એક વિશાળ મોનેસ્ટ્રી પાસેથી પસાર થયા. ત્યાં દેશ-વિદેશથી લગભગ ૩૦-૩૫ હજાર બૌદ્ધ સાધુઓ એક પરિષદમાં ભાગ લેવા આવેલ. પૂ. ગુરુદેવને જોઈને તેમનામાંના કેટલાય સાધુએ પૂછયું કે, તમે કોણ છો? કેમ આવાં વસ્ત્રો પરિધાન કર્યાં છે? આવા કેટલાય પ્રશ્નોના જવાબમાં જ્યારે ગુરુદેવે કહ્યું કે તેઓ જૈન સાધુ છે ત્યારે તેમના દુઃખદ આશ્ચર્ય વચ્ચે જાણવા મળ્યું કે

તે બૌદ્ધ સાધુઓમાંથી કોઈને જ જૈન ધર્મ વિશે, ભગવાન મહાવીર વિશે કાંઈ જાણકારી નહોતી!

હકીકતમાં આપણા ભગવાન મહાવીરસ્વામી પછી ફક્ત ૭૬ વર્ષ પછી બિહારની કપિલવસ્તુ નગરીમાં ક્ષત્રીય ઘરાનામાં જ જન્મેલા ભગવાન બુદ્ધે પણ ભગવાન મહાવીર જેવા જ સિદ્ધાંતો પ્રવર્તેલા. તેમનો સમયકાળ અને દેશકાળ એક જ હોવા છતાં ૨૫૦૦ વર્ષમાં બૌદ્ધ ધર્મ દુનિયાના અનેક દેશ ચીન, જાપાન, કોરિયા, ચંપાદેશ (બ્રહ્મદેશ), નેપાળ-જાવા-સુમાત્રા-સિલોનમાં પ્રસરી જઈ એક સમયે દુનિયાનો સૌથી મોટો ધર્મ (સૌથી વધારે અનુયાયી ધરાવતો ધર્મ) બની ગયો જ્યારે જૈન ધર્મ સંકોચાતો સંકોચાતો ફક્ત રાજસ્થાન-ગુજરાત અને અમુક પ્રમાણમાં મહારાષ્ટ્ર, કર્ણાટક સુધી સીમિત રહ્યો. આજે ભારતમાં પણ જૈન અનુયાયીની વસ્તી ૦.૪% જ રહી છે અને તેમાં પણ ઘસારો થઈ રહ્યો છે. આમ કેમ થયું? મહાવીરસ્વામીના નિર્વાણ પછી ૬૦/૭૦ વર્ષમાં જ આપણે બિહાર છોડી ઉજ્જૈન (ભોજરાજાના આશ્રયે) નિરાશ્રિત તરીકે ગયા. ત્યાંથી રખડતારખડતા એક ફાંટો સિંધ અને બીજો ફાંટો કર્ણાટક (મૂળ બદ્રી) ગયો. આ વિશે વધુ જાણશું ક્યારેક અવસરે, પણ સિંધથી મારવાડ થઈને છેવટે ગુજરાતમાં સ્થાયી થયા. એટલે જ રાજસ્થાન તથા ગુજરાતમાં જૈન ધર્મ ફૂલ્યો-ફાલ્યો છે.

પૂજ્ય નમ્રમુનિએ સવાલ કરેલો કે જૈનિઝમનો પ્રચાર કરવા શું કરવું જોઈએ? સભામાં ઘણાં બધાં સૂચનો આવ્યાં. 'જાગૃતિ સંદેશ'ના વાચકો પાસે જો કોઈ રચનાત્મક સૂચન હોય તો જરૂરથી તંત્રીને મોકલાવે. વાસ્તવિક સૂચનો જરૂરથી ગુરુદેવને પહોંચાડવા પ્રયત્ન કરીશું.

[ *આડવાત : બૌદ્ધધર્મી અને ઝનૂની બ્રાહ્મણોના હિંસક હુમલાથી પરેશાન થઈ જ્યારે જૈનો (બિહારમાંથી મગધમાંથી) હિજરત કરવા લાગ્યા ત્યારે ભગવાન મહાવીરે પ્રવર્તેલા સંસ્કારવારસાનું રક્ષણ કરવા અમુક જૈન કુટુંબ જોખમ વચ્ચે પણ બિહારમાં રોકાઈ ગયાં. અત્યારે આપણે જ્યારે શિખરજીની યાત્રાએ જઈએ છીએ ત્યાં ડોળી ઉપાડનારા ૮/૧૦% મૂળભૂત જૈનો હશે. જેઓ ગરીબીની ઘણી નીચી રેખાએ જીવી રહ્યા છે. ઘણાએ જોયું હશે કે ચણાના લોટમાં પાણી નાખી તેનો માવો બનાવી તેઓ પેટ ભરે છે. બહાર નીકળી ગયેલા જૈનો ભારતમાં આર્થિક રીતે સૌથી સુખી છે. શું તેમની કોઈ ફરજ નથી કે મહાવીરસ્વામીના મૂળભૂત અનુયાયીઓનાં સંતાનોની સામે જુએ? વંદન કરીએ પરમ પૂ. જયંતમુનિ મહારાજસાહેબ અને પરમ પૂ. ચંદનાજી મહાસતીજીને કે તેમણે વતનથી દૂર મહાવીર ભગવાનની ભૂમિ પર સેવાનો યજ્ઞ આરંભ્યો* ]

---

# જેજેસી – સાયન માટુંગા

## FELICITATION OF DONERS IN HIGHER EDUCATION THEME PROJECT OF CENTRAL BOARD

■ આર્મેશકુમાર જૈન

એપ્રિલના અંકમાં આપે વાંચ્યું કે આ પ્રોજેક્ટના Philanthropistનું બહુમાન કરતો એક ભવ્ય કાર્યક્રમ સેંટ્રલ બોર્ડ દ્વારા યોજવામાં આવ્યો. તેમાં જે સેન્ટરો રૂા. પાંચ લાખ કરતાં વધુનો ફાળો લાવ્યા તેઓનું પણ સન્માન થયું. નવાઈ નથી કે તેમાં સૌથી ટોચ પર જેજેસી-સાયન માટુંગા રૂા. ૭૬,૦૦,૦૦૦/-ના ફાળા સાથે પ્રથમ હતું. હવે આટલું માતબર ડોનેશન સાયન-માટુંગાના માધ્યમથી કોની મારફત આવ્યું? કોણે આપ્યા?

આનો જબાબ સેન્ટરે આપ્યો મંગળવાર, તા. ૧૯-૪-૨૦૧૧ના રોજ માનવ સેવા સંઘ ખાતે સેન્ટર દ્વારા યોજેલ 'ડોનરનું બહુમાન' કરતા વિશેષ કાર્યક્રમમાં.

શ્રી રાજેશ ગાંધીએ કાર્યક્રમનું સુકાન સંભાળ્યું અને તેમની લાક્ષણિક શૈલીમાં સભાનું સંચાલન કર્યું. સ્ટેજ પર Centre of attraction હતા શ્રી કિશોર નંદલાલ શાહ, શ્રી પ્રવીણ ગંભીરદાસ શાહ તથા અલબત્ત જેજેસીના ચૅરમૅન શ્રી જિતુભાઈ કોઠારી.

શ્રી જિતુભાઈએ આ પ્રોજેક્ટની સમાજ માટે જરૂરિયાત, ઉદ્દેશ્ય, તેનાં દૂરગામી પરિણામો, સામાજિક મહત્ત્વ, સાધર્મિક ઉત્થાન વગેરે સાથે વિદ્યાર્થીઓને કઈ રીતે સહાય આપવામાં આવે છે, કેવા પ્રકારના વિદ્યાર્થીઓ આવે છે વગેરે સવિસ્તર સમજાવ્યું ત્યારે ત્યાં બેઠેલા સર્વે સભ્યો અને ડોનરોને Feel થયું કે તેઓ જે કાંઈ કાર્ય કરી રહ્યા છે તે એક ઉત્તમ કાર્ય છે.

શ્રી કિશોરભાઈ ક્યારેક તેમની માર્મિક ભાષામાં ચોટદાર રીતે સ્પષ્ટપણે કહી જ દે છે જેની અસર શ્રોતા પર બહુ જ સારી થાય છે. સભ્યો તથા ડોનરો ૨૦૧૧ના પ્રોજેક્ટ માટે મનથી તૈયાર થઈ ગયા.

કુલ ૫૧ ડોનરોનું યથાઉચિત બહુમાન મેમેન્ટો તથા બૂકે આપીને કરવામાં આવ્યું.

છેલ્લે 'વાળુ'ને ન્યાય આપી સૌ છૂટા પડ્યા.

# મનોરંજનની અટારીએથી

| જે.જે.સી. | તારીખ | કાર્યક્રમ | |
|---|---|---|---|
| • અમૃતનગર | : ૧૪-૦૪-૧૧ | નાટક : ‘દીકરી વહાલનો દરિયો’ | ✉ |
| | ૧૯-૦૪-૧૧ | નાટક : ‘આપણાં એ આપણાં’ | ★ |
| • એલીસ બ્રીજ | : ૨૭-૦૪-૧૧ | નાટક : ‘આ ફેમિલી ફેન્ટાસ્ટિક છે’ | ✉ |
| • બીચ સાઇડ | : ૨૬-૦૪-૧૧ | ગીત-સંગીત : ‘Retro-Classics-Birthday-7th’ | ★ |
| • ભાંડુપ-વિક્રોલી | : ૧૦-૦૪-૧૧ | મૂવી : ‘Thank You’ | ✉ |
| | ૨૯-૦૪-૧૧ | પ્રહસન : ‘102 Not Out!’ | ★ |
| • બોરીવલી | : ૨૦-૦૪-૧૧ | નાટક : — | ✉ |
| • ચેમ્બુર | : ૧૮-૦૪-૧૧ | નાટક : ‘આપણાં એ આપણાં’ | ★ |
| • દહિસર | : ૨૬-૦૪-૧૧ | બૉલીવૂડ કવાલી : ‘સ્પિરિટ ઑફ સૂફીઝ’ | ✉ |
| • દાદર | : ૧૨-૦૪-૧૧ | મૂવી : ‘Thank You’ | ✉ |
| | ૨૫-૦૪-૧૧ | નાટક : ‘આપણાં એ આપણાં’ | ✉ |
| • ડાઉન ટાઉન | : ૦૩-૦૪-૧૧ | બૉલીવૂડ કવાલી : ‘સ્પિરિટ ઑફ સૂફીઝ’ | ▲ |
| • જેમ્ જગડુશા | : ૧૫-૦૪-૧૧ | પ્રહસન : ‘ભગવાનની મહેર તો લુખ્ખાને લહેર’ | ★ |
| | ૨૮-૦૪-૧૧ | હાસ્ય કાર્યક્રમ : ‘હસી કા ખજાના’ (સાઇરામ દવે દ્વારા) | ✉ |
| • જૂનાગઢ | : ૨૪-૦૪-૧૧ | ‘ગેટ-ટુ-ગેધર’ | ★ |
| • ગોલ્ડન ગારોડિયા | : ૨૧-૦૪-૧૧ | નાટક : ‘બદલાતા ચહેરા’ | ★ |
| • જુહુ બીચ | : ૨૭-૦૪-૧૧ | ગીત-સંગીત : ‘Retro- Classics’ | ★ |
| • જુહુ | : ૦૮-૦૪-૧૧ | પ્રહસન : ‘102 Not Out!’ | ★ |
| | ૧૪-૦૪-૧૧ | મૂવી : ‘Thank You’ | ✉ |
| | ૨૭-૦૪-૧૧ | મૂવી : ‘દમ મારો દમ’ | ✉ |
| • કલાનગરી | : ૨૪-૦૪-૧૧ | ગીત-સંગીત : ‘મ્યુઝિકલ નાઇટ’ | ★ |
| • કાંદિવલી | : ૨૨-૦૪-૧૧ | નાટક : ‘આંખોની પેલે પાર’ | ★ |
| • લે. વિં. સેન્ટ્રલ મુંબઇ | : ૨૫-૦૩-૧૧ | નાટક : ‘આપણાં એ આપણાં’ | ✉ |
| | ૦૭-૦૪-૧૧ | નૃત્ય-ગીત-સંગીત : ‘નમો ગુર્જરી નમોસ્તુતે’ | ✉ |
| | ૨૮-૦૪-૧૧ | નાટક : ‘સંસારની સેમિફાઇનલ’ | ✉ |
| • મલાડ | : ૧૯-૦૪-૧૧ | નાટક : ‘સંસારની સેમિફાઇનલ’ | ✉ |
| • મુલુંડ | : ૨૦-૦૪-૧૧ | ક્વીઝ શો : ‘F3 Musical Game Show’ | ✉ |
| • મુંબઈ | : ૦૯-૦૪-૧૧ | ઑરકેસ્ટ્રા : ‘All is Well’ – સંદીપ પંચવાટકર | ★ |
| | ૨૨-૦૪-૧૧ | પ્રહસન : ‘102 Not Out!’ | ✉ |
| • નવી મુંબઈ | : ૧૯-૦૪-૧૧ | નાટક : ‘આ ફેમિલી ફેન્ટાસ્ટિક છે’ | ✉ |

| | | | |
|---|---|---|---|
| ● નોર્થ ઈસ્ટ | : | ૧૨-૦૪-૧૧ પ્રહસન : 'ભગવાનની મહેર તો લુખ્ખાને લહેર' | ★ |
| | | ૧૪-૦૪-૧૧ મૂવી : 'Thank You' | ✉ |
| | | ૨૮-૦૪-૧૧ હાસ્ય કાર્યક્રમ : 'હસી કા ખજાના' (સાઈરામ દવે દ્વારા) | ✉ |
| ● પનવેલ | : | ૨૮-૦૪-૧૧ નાટક : 'સંસારની સેમિફાઈનલ' | ✉ |
| ● રાજાવાડી | : | ૦૩-૦૪-૧૧ મૂવી : 'ગૅમ' | ✉ |
| | | ૧૦-૦૪-૧૧ મૂવી : 'Thank You' | ✉ |
| | | ૧૩-૦૪-૧૧ પ્રહસન : 'ભગવાનની મહેર તો લુખ્ખાને લહેર' | ★ |
| | | ૨૨-૦૪-૧૧ હાસ્ય કાર્યક્રમ : 'હસી કા ખજાના' (સાઈરામ દવે દ્વારા) | ✉ |
| ● સાયન-માટુંગા | : | ૦૮-૦૪-૧૧ નાટક : 'આંખોની પેલે પાર' | ✉ |
| ● શિવાજી પાર્ક | : | ૧૧-૦૩-૧૧ નાટક : 'આપણાં એ આપણાં' | ✉ |
| ● તાડદેવ | : | ૦૯-૦૪-૧૧ પ્રહસન : 'ભગવાનની મહેર તો લુખ્ખાને લહેર' | ✉ |
| | | ૨૩-૦૪-૧૧ સંગીત-સ્પર્ધા : 'મ્યુઝિકલ હાઉસી' | ★ |
| | | ૧૩-૦૪-૧૧ પ્રહસન : 'ભગવાનની મહેર તો લુખ્ખાને લહેર' | ★ |
| ● વિલે પાર્લે | : | ૦૪-૦૪-૧૧ કવાલી : 'જુનૂન' | ▲ |
| | | ૨૦-૦૪-૧૧ મ્યુઝિકલ શો : 'તારે જમીં પર' શારીરિક ઊણપવાળાં બાળકોનો શો | ✉ |

સંજ્ઞા : કાર્યક્રમ – જમણ સાથે ★ જમણ વિના (ડ્રાય) ✉ સ્નેક્સ ▲

## યાત્રા-પ્રવાસ આયોજન

| જે.જે.સી. | પ્રવાસ સ્થળ | રોકાણ | ચાર્જિસ |
|---|---|---|---|
| ★ બોરીવલી | પિંક સિટી જયપુર | તા. ૧૨-૦૮-૨૦૧૧ થી ૧૬-૦૮-૨૦૧૧ | રૂા. ૧૨,૫૦૦/- Per Person |
| ★ લે. વિં. સેન્ટ્રલ મુંબઈ | ટ્રીટ રિસોર્ટ સિલવાસા | તા. ૦૫-૦૭-૨૦૧૧ થી ૦૭-૦૭-૨૦૧૧ | રૂા. ૫,૦૦૦/- Per Person |
| ★ જુહુ | પિંક સિટી જયપુર | તા. ૧૪-૦૯-૨૦૧૧ થી ૧૯-૦૯-૨૦૧૧ અને તા. ૧૭-૦૯-૨૦૧૧ થી ૨૨-૦૯-૨૦૧૧ | રૂા. |

## પ્રવાસ સંપન્ન

■ **જેજેસી-તારદેવ** દ્વારા રવિવાર, તા. ૩-૪-૨૦૧૧થી ગુરુવાર, તા. ૭-૪-૨૦૧૧ દરમિયાન દેવલાલી (કોરલ ગાર્ડન) ખાતે પ્રવાસ પર્યટનનું આયોજન કરવામાં આવેલ જેમાં સભ્યોએ ખૂબ જ મોજ માણી.

## VISIT WEBSITE

જૈન જાગૃતિ સેન્ટરોની વિવિધ પ્રવૃત્તિઓ વિશેની માહિતી જાણવા જેજેસીની વેબસાઈટની મુલાકાત લ્યો. જાગૃતિ સંદેશ, વિવિધ સેન્ટરોના પરિપત્ર તથા અન્ય માહિતી આ વેબસાઈટ પર ઉપલબ્ધ હોય છે.

# જેજેસીની આજકાલ

## જે.જે.સી.-અમૃતનગર, ઘાટકોપર

### 'દીકરી વહાલનો દરિયો'

■ શ્રીમતી એચારીકા જૈન

તા. ૧૪-૪-૨૦૧૧ ને ગુરુવારના રોજ અન્ય સંસ્થાઓના સહયોગમાં ઉપરના સેન્ટરોએ એક હૃદયસ્પર્શી કાર્યક્રમ રાખ્યો. ખ્યાતનામ કવિ, ગાયક તથા 'મા-બાપને ભૂલશો નહીં' કાર્યક્રમ દ્વારા વિખ્યાત શ્રી અશ્વિન જોષી દ્વારા રજૂ થયેલો આ કાર્યક્રમ દરેકને ભીંજવી ગયો. કાર્યક્રમ હતો 'દીકરી વહાલનો દરિયો.'

આપણા સમાજમાં હજારો વર્ષથી માતા-પિતા માત્ર દીકરો ઇચ્છતાં તે સર્વસામાન્ય હકીકત હતી. સ્ત્રીનું આદર્શ સ્વરૂપ એવી મા પણ એવું ઇચ્છતી કે તે એક દીકરાની મા બને. દીકરો ન હોય તો વંશવેલો આગળ ન વધે. દીકરો હોય તો જ કુટુંબનું નામ રોશન કરે. દીકરીને ક્યારેય વંશવેલામાં સ્થાન મળ્યું નથી. દશ પેઢીનાં નામ કોઇ પણ જણ બોલી જશે, તેમાં પિતાશ્રી, દાદાશ્રી, પરદાદા, પૂર્વજોનાં નામ રહેશે, પણ એ દશ પેઢીનાં નામ બોલી જનાર વ્યક્તિને પૂછો કે તેમની ચોથી પેઢીનાં દાદીનું નામ શું હતું? કોઇનેય ખબર નહીં હોય. આ પુરુષપ્રધાન સમાજની દેણગી છે. દીકરીને બાપના વારસામાંથી પણ અળગી રાખવામાં આવતી. સમજાતું નથી કે કયા કારણસર દીકરીને સાપનો ભારો ગણવામાં આવતી? (અરે હજી પણ ગણવામાં આવે છે?) શા માટે બહેનો મા-માસી-ફૈબા-કાકી-મામીઓ ભેગાં થઇને 'મા'ના ગરબામાં ગાતી કે 'પગલીનો પાડનાર દે ને રન્ના દે.' એક સ્ત્રી થઇને કેમ તે દીકરીને માગતી ન હતી? શા માટે? સત્ય હકીકત એ છે કે દીકરી વગર માનું જીવન અધૂરૂં છે. ગોળ વિના મોળો કંસાર દીકરી વિના સૂનો સંસાર. દીકરી છે તો ઘર ધબકતું રહે છે.

દીકરી તું તો તુલસીનો ક્યારો! નાનકડી દીકરી હસતી-કૂદતી, કાલુ-ઘેલું બોલતી, રૂમઝૂમ રૂમઝૂમ અવાજ કરતી, દોડતી બધાને પરાણે હસાવતી, લાડકોડ કરાવતી હોય ત્યારે ઘર સજીવન લાગે છે. ઉલ્લાસ-આનંદ ખૂણેખૂણામાં પ્રસરી જાય છે. સમગ્ર ઘરમાં ચેતના વ્યાપી જાય છે.

ખરેખર સ્ત્રીના સ્વરૂપ દીકરી વિના સંસારનું નવનિર્માણ જ શક્ય નથી. તો પછી દીકરીની આટલી અવગણના અને અવહેલના શા માટે? ભગવાનની પાસે બધા પ્રાર્થનામાં દીકરો જ માગે! દીકરી આવે તો દૂધપીતી કરી પ્રથમ દિવસે જ મારી નાખવાની પ્રથા સેંકડો વર્ષથી અમલમાં હતી. જીવતી દીકરીને મારી નાખતાં કોઇ જ પાપ માનવામાં ન આવતું. ઘણા પ્રદેશોમાં તો એક જ દિવસની દીકરીને દૂધ ભરેલા ત્રાંબાવાડીમાં ડુબાડી દેવાના પ્રસંગને ઉત્સવનું સ્વરૂપ આપી મિજબાનીઓ અપાતી! (Ref.: રાજસ્થાન ઇતિહાસ-ટોડરમલ) કોણ કહે છે આપણો ઇતિહાસ ઉજ્જ્વળ હતો! લ્યાનત છે આવી આપણી સંસ્કૃતિને. હજી પણ આપણે ત્યાં નવા જમાનામાં ૨૧મી સદીમાં સોનોગ્રાફી ટેસ્ટમાં દીકરો છે કે દીકરી એ જાણી દીકરી હોય તો ગર્ભપાત કરાવવામાં આવે છે – ભ્રૂણહત્યા કરતાં કોઇ જ હિચકાટ નથી થતો. ગર્ભપાત એ 'દૂધપીતી'નું અર્વાચીન સ્વરૂપ છે.

પણ કદાચ કરવટ બદલાઇ રહી છે. દીકરીનું મહત્ત્વ સમાજમાં સમજાતું જાય છે. દીકરીનું સ્થાન દૃઢ થતું જાય છે. આધુનિક સમાજમાં જબરજસ્ત પરિવર્તન આવી રહ્યું છે. સમાજનો દૃષ્ટિકોણ બહુ જ જલદી બદલાઇ રહ્યો છે. લોકોના વિચારો સમૂળગા બદલાઇ રહ્યા છે. દીકરો હશે તો મોક્ષ મળશે, દીકરો કુળ તારશે કે દીકરો અગ્નિદાહ દેશે એવા રૂઢિચુસ્ત વિચારો ધીમેધીમે અદશ્ય થતા જાય છે. દીકરી પ્રત્યેના પૂર્વગ્રહ હવે નેસ્તનાબૂદ થતા જાય છે. કાશ અમારે પણ એક દીકરી હોય! એવું દીકરી વિનાનાં મા-બાપ ઇચ્છવા લાગ્યાં છે. હવે દીકરી જન્મે ત્યારે 'લક્ષ્મીજી પધાર્યાં' કહી બરફી વહેંચવામાં આવે છે.

સરકારે પણ વારસા બિલમાં કુટુંબની સંપત્તિમાં દીકરીના હિસ્સાને માન્યતા આપી દીધી છે. લોકોમાં સમજણ આવી રહી છે કે ફક્ત થોડા શારીરિક તફાવત બાદ કરતા દીકરા કે દીકરીમાં કાંઇ જ ફરક નથી.

આજકાલ તો દીકરી પણ મા-બાપની સારસંભાળ સન્નિષ્ઠાપૂર્વક લે છે. દીકરો કદાચ તેની ફરજમાં મા-બાપ પ્રત્યેની નિષ્ઠાથી વેગળો થઇ જાય, પણ દીકરી તો તેનો સ્નેહાળ, લાગણીશીલ, માયાળુ પ્રેમ વરસાવ્યે જ રાખે છે અને તેની સંવેદનાનું કવચ મા-બાપનું જતી ઉંમરે રક્ષણ કરે છે. એટલે જ હવે કહેવાય છે કે "Son is son till he gets his wife, but daughter is daughter till end of the life." એટલે તો આજનાં મમ્મી-પપ્પા જો બે સંતાનો હોય તો એક દીકરી માગે છે અને જો એક જ સંતાન હોય તો તે દીકરી જ હોવી જોઇએ તેવું માનતાં થઇ ગયાં છે. તેઓ માને છે કે દીકરો એટલે જીવનભરની Liability,

જ્યારે દીકરીને વરાવી દીધી એટલે જવાબદારી પૂરી! છતાંય દીકરી હંમેશાં આજીવન મા-બાપ સાથે સતત સ્નેહથી-પ્રેમથી-લાગણીથી-સંવેદનાથી જોડાયેલી જ રહે છે. લગન થઈ ગયાં બાદ તનથી ભલે દૂર હોય, પણ મનથી મા-બાપથી ખૂબ જ નજીક હોય છે. માતા-પિતાનાં સુખ-દુઃખની સાચા અર્થમાં ભાગીદાર, અભ્યાસમાં આગળ, ફરજમાં મોખરે, સેવામાં ઉત્કૃષ્ટ, સહનશીલતામાં અવ્વલ તેમ જ કરકસર અને બીજા વ્યવહારમાં હંમેશાં અગ્રક્રમે હોય છે.

ઘરમાં દીકરી તો દાદા-દાદીની લાડકી હોય છે. દાદા માટે દીકરી તો મૂડીનું વ્યાજ ગણાય છે. દીકરી હંમેશાં પિતા કરતાં પણ દાદાની વધારે નજીક હોય છે. પેલું લોકગીત એ માન્યતાને પૃષ્ટિ આપે છે. વાગડની વઢકણી સાસુની ફરિયાદ દીકરી એના પિતાને કે માતાને નથી કરતી. એ કરે છે એના દાદાને. 'દાદા હો દીકરી...' આમ દીકરી કુટુંબના બધા સભ્યો વચ્ચે કડીરૂપ હોય છે. એ બધા જ કુટુંબીજનોની દુલારી છે. 'ગોળ વિના મોળો કંસાર, દીકરી વિના સૂનો સંસાર.' દીકરી હોય તે ઘરમાં કપડાં, ઘરેણાં, શણગારની ધમાલ ચાલતી જ હોય છે. ઘર, ઘર ન રહેતા એક મંદિર બની જાય છે. કહેવાય છે કે પિતાનો અઢળક પ્રેમ અને માતાનું નિર્મળ વહાલ ભેગું થઈને આકાશે ચડે અને તેમાંથી જે વાદળાં બંધાય અને વરસે એ દીકરી!

પોતાના ઘરમાં દીવો કરે એ દીકરો અને બીજાનાં ઘરમાં જઈ દીવો કરે એ દીકરી. દીકરી નાની હોય કે મોટી, પિયરમાં હોય કે સાસરે, તે હંમેશાં મા-બાપને સ્નેહની હૂંફ આપતી જ રહે છે. એટલે જ 'દીકરી વહાલનો દરિયો' કહેવાય. એટલે જ એના સ્નેહમાં ક્યારેય ઓટ આવતી જ નથી.

બદલાતા સમય સાથે આજે નથી દીકરી સાપનો ભારો કે નથી રહી દીકરી ગાય જેવી કે જે દોરે ત્યાં જાય. આજે તો દરેક કુટુંબમાં દીકરી વહાલનો દરિયો બની ગઈ છે. આપણા જૈન સંસ્કારોમાં તો હજારો વર્ષથી દીકરીનું સ્થાન કુટુંબમાં અનોખું જ રહ્યું છે.

આવા કાળજા કેરા કટકાને પારકી થાપણ ગણીને અજાણી વ્યક્તિને હાથમાં આપતા બાપનો જીવ કેમ ચાલતો હશે? બાપ મનથી કેટલો ભાંગી પડતો હશે! દીકરીને વિદાય આપતા બાપની શું હાલત થતી હશે? દીકરીનાં લગ્ન ટાણે થતી બાપની મનોવેદના અનુભવીયે!

આ અંક આપના હાથમાં આવશે ત્યારે તા. ૨૯ મેના રોજ આપણા ચૅરમૅન જિતુભાઈ કોઠારીની હાલત પણ કાંઈક અંશે આવી જ હશે!!

### દીકરી મારી વહાલનો દરિયો

*દીકરી તારું પાનેતર હું આજ ખરીદી લાવ્યો છું*
*તારી મારી જુદાઈનું હું બીજ વાવીનો લાવ્યો છું.*
*નાનાં નાનાં પગલાં ભરતી કાલી ઘેલી બોલી બોલતી*
*અતીતની એ યાદોમાં હું આજ ખોવાયું છું.*
*પાંચીકા અને સંતાકૂકડી આપણે કેવું મજાનું રમતાં'તાં*
*તારા માટે જીવનનો શણગાર લઈને આવ્યો છું.*
*તારી ઢીંગલીના લગ્નમાં બહુ મહાલ્યો રે બેટા*
*મારી ઢીંગલીના લગ્નમાં ઢીલો થઈને આવ્યો છું.*
*કાળજા કેરો કટકો મારો ગાંઠથી છૂટતો જાય*
*પિયરના પથ મૂકીને સાસરિયે સમાઈ જાય.*
*દીકરી મારી વહાલનો દરિયો, મનનો મૂંઝાયો છું*
*તુજને અળગી કરવાને હું વિવશ બનીને આવ્યો છું.*
*કેમ કરીને વિદાય કરીશ, મનને મનાવવા લાગ્યો છું*
*સાસરિયાં સુખી થશે આશીર્વાદ આપવા આવ્યો છું.*
*પારકી થાપણ પરત કરતા આંસુના તોરણ બંધાય*
*જેના માટે તું ઘડાઈ, તેને સોંપવા આવ્યો છું.*

જેજેસી-અમૃતનગર તથા ઘાટકોપર સેન્ટરની કમિટીને આવો સુંદર, હૃદયને ઝણઝણાવી જાય તેવો હૃદયસ્પર્શી સુંદર કાર્યક્રમ આપવા બદલ અભિનંદન.

હજી પણ એક સુંદર કાર્યક્રમ : તા. ૧૯-૪-૨૦૧૧ના કાર્યક્રમના ઇન્ટરવલમાં સેન્ટરમાંથી આયંબિલની ઓળી કરનાર કુલ ૪૮ સભ્યોનું સ્ટેજ પર મેમેન્ટો આપીને સન્માન કરવામાં આવ્યું.

## જેજેસી-લેડીઝ વિંગ રાજકોટ

દર બે-ત્રણ મહિને કાર્યક્રમના વિગતવાર રિપોર્ટ મળે છે તે પ્રમાણે જાન્યુઆરી-માર્ચ, ૨૦૧૧ના રિપોર્ટ આ પ્રમાણે છે.

૧) રવિવાર, તા. ૩૦-૧-૨૦૧૧ના રોજ જેજેસી-ધોરાજી દ્વારા આયોજિત 5 Centre Meetમાં ૬૦ જેટલી સખી



બહેનો બસ દ્વારા હાજરી આપવા ગયાં. રૂટમાં પાટણવાવના જૈન દેરાસર તથા વીરપુરમાં જલારામ બાપાનાં દર્શન કર્યાં. મિટમાં પણ ઊલટભેર ભાગ લઈને રચનાત્મક સૂચનો આપ્યાં.

૨) મંગળવાર, તા. ૨૯-૩-૨૦૧૧ના રોજ ભાભા ડાઈનિંગ હૉલ ખાતે કારોબારી મિટિંગ સાથે કાર્યક્રમનું આયોજન જમવા સાથે કરવામાં આવ્યું. તે દરમિયાન સેન્ટરનાં બહેનોનાં તેજસ્વી વિધાર્થી સંતાનોનું સરસ્વતી સન્માન પણ કરવામાં આવ્યું.

કુ. જસ્મિન કુમુદબહેન (કમિટી સભ્ય) ગિરીશભાઈ બાવીશી યુનિવર્સિટીમાં MBAમાં પ્રથમ આવતાં તેનું બહુમાન કરવામાં આવેલ. હોળીનો તહેવાર નજીક આવતો હોઈ હોળીને લગતાં ગીતોની રમઝટ બોલાવી બધી સખી બહેનોએ આનંદ કર્યો. બાદ ઈનામો પણ આપવામાં આવ્યાં.

## જેજેસી-મહેસાણા

રવિવાર, તા. ૨૬-૧૨-૨૦૧૦ના રોજ સેન્ટરનાં ૭૦ જેટલાં દંપતી સભ્યો તથા બાળકો એક ધર્મયાત્રા બ્રાહ્મણ વાડા-ચારૂપ-મેગાણી-રૂણી તથા લીલડિયા એમ પાંચ પ્રાચીન તીર્થોની પંચતીર્થ યાત્રા કરી ધન્ય બની ગયાં.

રવિવાર, તા. ૬-૩-૨૦૧૧ના રોજ સેન્ટર દ્વારા એક અનોખા કાર્યક્રમમાં મ્યુઝિકલ હાઉઝી રાખેલ. લોકકલાકાર જાગૃતિ બારોટ દ્વારા સંચાલિત આ કાર્યક્રમમાં સભ્યોને રસ પડે તેવી Instant Quizનો કાર્યક્રમ જમવા સાથે રાખવામાં આવેલ. આ ઉપરાંત સેન્ટર દ્વારા ધોરણ ૧૦ અને ૧૨મામાં ભણતા વિધાર્થીઓને બોર્ડ Exam પહેલાં પુષ્પગુચ્છ અને પેનનો સેટ શુભાશિષ સાથે અર્પણ કરેલ.

## જેજેસી-અંકલેશ્વર

■ દિનેશ ઝોબાલિયા

આપણી સાંપ્રત પેઢી નસીબદાર છે કે તેઓ સમાજના આમૂલ પરિવર્તનના સાક્ષીદાર છે. વર્ષો પહેલાંની કલ્પના કરો કે દરેક ગામ કે શહેરના છેવાડે, થોડે દૂર અવાવરુ જગ્યામાં 'મોહન છાપરી' તરીકે ઓળખાતા સ્મશાન, જ્યાં જવા-આવવાની કોઈ જ સુવિધા ન હોય, રસ્તો બરાબર ન હોય, ધોમધખતા તડકાથી કે ધોધમાર વરસાદથી બચવા કોઈ આશ્રય ન હોય. છતાં પોતાનાને આખરી વિદાય આપવા જવું જ પડે. આજે સ્મશાનનાં રૂપરંગ ૪૦-૪૫ વર્ષ પહેલાં જામનગરે આણેલી ક્રાંતિ બાદ સમૂળગાં બદલાઈ ગયાં છે.

તે જ રીતે શબને Last Journey કરાવતી રીતમાં સમૂળગું પરિવર્તન આવી ગયું છે. છેલ્લાં થોડાં વર્ષોથી 'કાંધ' પર ઠાઠડી લઈ જવાને બદલે વ્હીલવાળી હાથગાડી આવી ગઈ, પણ હવે તો સ્મશાન દૂર હોય તો Ambulanceમાં લઈ જવાની પ્રથા આવી ગઈ છે. તેમાં પણ પરિવર્તન આવી રહ્યું છે. માણસની 'અંતિમયાત્રા'ને પણ ગૌરવવંતી બનાવવા હવે આવે છે. 'શબવાહિની' (Hearse).

'જૈન જાગૃતિ સેન્ટર-અંકલેશ્વર' દ્વારા અંકલેશ્વર શહેર તથા આજુબાજુના ૧૫ કિ.મી.માં વસતા સમગ્ર લોકોના લાભાર્થે સ્વ. કંચનબહેન રતનલાલ ધોકાના સ્મરણાર્થે શ્રીકાંતા અનોખીલાલ ધોકા પરિવારના સૌજન્યથી, મૃત્યુ બાદ મૃતકના પાર્થિવ દેહને સ્મશાન સુધી લઈ જવા માટે એક લેટેસ્ટ શબવાહિની (Hearse)ની લોકાર્પણવિધિ શનિવાર, તા. ૩૦-૪-૨૦૧૧ના રોજ જેજેસી-સેન્ટ્રલ બોર્ડથી પધારેલા સર્વશ્રી ચૅરમૅન જિતુભાઈ કોઠારી, રમેશભાઈ મોરબિયા, સંજય શાહ, પ્રફુલ્લ કામદાર, અનોખીલાલ જૈન, હરીશભાઈ જોષી, ભૂપેન્દ્રભાઈ શ્રોફ તથા અન્ય સંઘોના આગેવાનોની હાજરીમાં કરવામાં આવી.

રૂા. ૬ લાખના ખર્ચે બે મહિનાની મહેનતથી બનેલી આ શબવાહિની ખૂબ જ સુંદર, આકર્ષક તેમ જ પારદર્શક છે જેથી સગાં-સ્નેહીઓ-મિત્રો અંદર રાખેલ પાર્થિવ દેહનાં દર્શન કરી શ્રદ્ધાંજલિ આપી શકે.

આવા સુંદર પ્રોજેક્ટથી પ્રભાવિત થઈ જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ તરફથી ૫૧,૦૦૦ તથા સ્થાનિક આગેવાન શ્રી મુકેશભાઈ શાહ તરફથી રૂા. ૫૧,૦૦૦/- આપવામાં આવ્યા.

આ શબવાહિનીને રૂપકડું નામ આપ્યું 'અંતિમયાત્રા રથ' જેના માટે મહેનત કરનાર 'ઑટો બોડી'ના માલિક શ્રી બ્રિજેશભાઈ તથા શ્રી ભાસ્કરભાઈનું સન્માન કરવામાં આવ્યું.

શ્રી જિતુભાઈએ લોકાર્પણવિધિ સંપન્ન થયા બાદ માર્મિક રીતે પૂછ્યું કે આ અંતિમયાત્રા રથમાં પ્રથમ યાત્રા કોણ કરશે? વળતો જવાબ આપતાં પ્રમુખ શ્રી વિનોદભાઈ ધોકાએ જણાવ્યું કે માનવજાતના સર્વસામાન્ય દુશ્મન એવા ઈર્ષ્યા, મોહ, અહંકાર, લોભ જેવા ૧૮ અવગુણોને રથમાં અંતિમવિધિ માટે લઈ જવામાં આવશે. દરેક મૅગા સિટી કે મેટ્રો સિટીની તાતી જરૂરિયાતનું રૂપ હવે આવી શબવાહિની થશે જ. અભિનંદન જેજેસી-અંકલેશ્વરને.

હવે જ્યારે અંતિમયાત્રા (The Last Journey)ની વ્યવસ્થાની વાત કરી રહ્યા છીએ ત્યારે એક વિરાગી વાત વાગોળી લઈએ. બહુ જ પુણ્યનું ભાથું બાંધ્યા પછી માનવઅવતાર મળે તો તેને ક્ષુલ્લક ભૌતિક વ્યવસ્થામાં વેડફ્યા વિના 'કાંઈક' એવું કરવાની સનાતન સલાહ

જ્ઞાનીપુરુષો આ પ્રમાણે આપે છે :

*માનવ જીવડા સમજી લેજે, આ કાયા નથી રહેવાની*
*ભાતું તારું બાંધી લેજે, 'ત્યાં' જરૂર પડશે ખાવાની*
*સંસારમાં રહીને સંત બનજે, દુખિયાની સેવા કરવાની*
*રડતાના તું આંસુ લૂછજે, ફરજ પાળજે હસાવવાની*
*માતા-પિતાની સેવા કરજે, તક છે આશિષ લેવાની*
*ગુરુચરણમાં વંદન કરજે, માળા અરિહંતની ફેરવવાની*
*સાઠ વર્ષે તું ત્યાગી બનજે, નહીંતર ઘડી આવશે પસ્તાવાની*
*શક્ય એટલું પુણ્ય કરજે, સુવાસ તારી મહેકવાની*
*સમય લઈને સામાયિક કરજે, જરૂર છે સઘળું ત્યજવાની*
*ચિઠ્ઠી ફાટશે ઉપરવાળાની, જ્યારે વેળા થશે જવાની*
*કુટુંબ સૌ સાથે મળીને, ચમચી પાણી પાવાની*
*સ્નેહીઓ સૌ ભેળા મળીને કરશે ઉતાવળ 'કાઢવાની'*
*લાકડા ભેળા બાળી દેશે, જલદી હશે કામ પર જાવાની*
*ત્રીજા દિવસે પ્રાર્થના કરાશે, અધીરાઈ છે સોગ મૂકવાની*
*ઘડીકમાં સૌ ભૂલી જાશે, વેળા આવશે ફોટો લટકાવવાની*
*સગી છે દુનિયા સ્વાર્થની, સાથે કોઈ ના આવવાની*
*માટે હે જીવડા, નક્કી કરી લેજો તારે હવે શું કરવાની*

## જેજેસી-મોરબી

તા. ૧૫-૩-૨૦૧૧ ને શુક્રવારના રોજ શ્રી મહાવીરજયંતીની પૂર્વસંધ્યાએ સેન્ટર દ્વારા મોરબીના સમસ્ત જૈનો માટે જામનગરના જૈન સંગીતકાર, ભક્તિકાર શ્રી વિક્રમભાઈ મહેતાના કંઠમાં જૈન સ્તવન-મહાવીરવંદનાના ભવ્ય કાર્યક્રમનું આયોજન કરી સૌ સાધર્મિક ભાઈ-બહેનોને ભક્તિમાં તરબોળ કરી દીધાં. કાર્યક્રમના અંતર્ગત લક્કી ડ્રો (ધાર્મિક)નું આયોજન પણ કરવામાં આવ્યું તેમ શ્રી દિનેશ પી. દોશી જણાવે છે.

## જેજેસી-જેતપુર

તા. ૨૭-૩-૨૦૧૧ ને રવિવારના રોજ સેન્ટરના સભ્યો માટે એક પરિચય મિલન કાર્યક્રમનું આયોજન થયું. દરેક સભ્યોએ સ્ટેજ પર આવીને પોતાના કુટુંબના દરેક સભ્યોનો પરિચય આપ્યો. સેન્ટરના જ સભ્યોએ સુંદર જૈન સ્તવનો ગાઈ દરેકને ધર્મમય બનાવી દીધા.

## જેજેસી-એલીસ બ્રિજ

તા. ૨૭-૩-૨૦૧૧ ને રવિવારના રોજ સેન્ટરના સભ્યોનો એક સ્નેહમિલનનો કાર્યક્રમ જમણ સાથે રાખવામાં આવ્યો. છેલ્લે અવનવી રમતો ઉપરાંત ઘણાંબધાં ઈનામો આપતી હાઉઝીની રમત પછી સૌ વિખરાયા. એકંદરે સમયાંતરે આવો કાર્યક્રમ ફળદાયી બને છે.

## ત્યારે શું કરશું ? ?

■ ભાવેશ શાહ

શાસનદેવની કૃપાથી જૈન સમાજ આજે પ્રગતિનાં ઉચ્ચતમ શિખરો સર કરી રહ્યો છે. કદાચ વિશ્વની સૌથી પ્રગતિશાળી પ્રજા તરીકે જૈનોનું સ્થાન આદરભાવથી લેવાય એવો સમય બહુ દૂર નથી, પરંતુ આ ગગનચુંબી પ્રગતિને કારણે કેટલાક પ્રશ્નો પણ ઉપસ્થિત થઈ રહ્યા છે, જેનો ઉકેલ જો આપણે ન શોધી શકીએ તો આ પ્રગતિ પણ અભિશાપ બની શકે છે.

આજે જૂનાં ૨-૩ માળનાં મકાનો તૂટીને નવી ગગનચુંબી ઈમારતો બંધાઈ રહી છે. લોકો જમીનથી વધુ ને વધુ ઊંચે જઈ રહ્યા છે, પણ એક સમસ્યા ઊભરી રહી છે કે આપણા સાધુ-સંતો 'ગોચરી' વહોરવા આવે ત્યારે તેઓ લિફ્ટનો ઉપયોગ કરી શકતા નથી તેથી શ્રાવકો આ બહુમૂલ્ય લાભથી વંચિત રહી જાય છે અને સાધુ-સંતોને પણ વધુ ને વધુ દૂર સુધી જવું પડે છે. મુંબઈ જેવા શહેરમાં રિડેવલપમેન્ટ પ્રોજેક્ટોને કારણે લગભગ ૨-૩ વર્ષમાં દરેક વિસ્તારોમાં ટાવરો ઊભાં થઈ જશે ત્યારે આ સમસ્યા અતિવિકરાળ બની જશે. આપણાં બાળકોને-ભાવિ પેઢીને સાધુ-સંતોને વહોરાવવાનું જ્ઞાન-સમજ મળશે જ નહિ તો શું થશે ? જે રીતે આપણે ધર્મસ્થાનકોમાં વધુ સંખ્યામાં શ્રાવકો વ્યાખ્યાનનો લાભ લઈ શકે તે માટે 'માઈક' વાપરવાની છૂટ રાખી, અલબત્ત તે માટે પણ ખાસ્સું મનોમંથન કરવામાં આવ્યું હતું, કેટલાય દૂરંદેશી લોકોએ આવું સૂચન કર્યું હતું ત્યારે શરૂઆતમાં ખાસ્સો સંકોચ, નવા વિચાર બાબતનો ડર વગેરે હતું જ, પરંતુ આજે આપણે તેનાથી થયેલો લાભ પણ નજરે જોઈ શકીએ છીએ. પહેલાં વસતિ ઓછી હતી, દિન-પ્રતિદિન વસતિમાં વધારો થવાથી અત્યંત મજબૂરીવશ આ છૂટ લેવી પડી છે, પણ તેના કારણે શ્રાવકગણમાં છેલ્લામાં છેલ્લી વ્યક્તિ સુધી સંતોના વ્યાખ્યાન સ્પષ્ટ સાંભળી શકાય છે અને દરેક વ્યક્તિ કંઈક સારું ગ્રહણ કરીને જાય છે. તે જ રીતે એક પ્રગતિશાળી-વિચારશીલ પ્રજા તરીકે આપણી નમ્ર ફરજ છે કે આવનારા સમયમાં ઉદ્ભવનારી સમસ્યાનો ઈલાજ વહેલી તકે શોધે જેથી આપણા સાધુ-સંતોને અશાતા ઓછી થાય, આપણાં બાળકો-ભાવિ પેઢી આપણાં ધર્મ-સંસ્કૃતિને સતત ધબકતાં રાખે. આ લખાણ દ્વારા હું સકળ સંઘોને, સાધુ-સંતોને, સર્વ સાધર્મિક શ્રાવકોને આ બાબત વિચારવિમર્શ કરી આ પ્રશ્નને વહેલી તકે 'હલ' કરવાની વિનંતી કરું છું. જો સાધુ-સાધ્વીજીને લિફ્ટનો ઉપયોગ કરવાની છૂટ રાખવામાં આવે તો આ સમસ્યા ખાસ્સી હળવી થઈ શકે તેમ છે, અલબત્ત આ બાબતે સકળ સંઘો સાધુ-સંતો વિચારવિમર્શ કરે, અન્ય કોઈ વ્યવહારુ સૂચન પણ વિચારે તેવી નમ્ર વિનંતી સાથે આ લેખ પૂરો કરું છું.

■ બીજ રમેશ સંઘવી-તંત્રી

# શ્રી મહાવીર જન્મકલ્યાણક મહોત્સવ

તા. ૧૬-૪-૨૦૧૧ ને શનિવાર એટલે કે ચૈત્ર સુદ ૧૩નો દિવસ ભારતમાં મહાવીર ભગવાનનો જન્મકલ્યાણક દિન મહોત્સવરૂપે ઊજવાયો. દરેક પંથના ફિરકાના જૈનોએ પોતાની રીતે અથવા સંયુક્ત રીતે આ પ્રસંગ ઊજવ્યો. મહાનગરોમાં તો બધા જ ફિરકા લગભગ Merge થઈ ગયા છે. જૈન જાગૃતિ સેન્ટરે તેમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. દરેક ગામમાં, શહેરમાં વહેલી સવારના સમયે સફેદ વસ્ત્રો પરિધાન કરેલા જૈનોની શાંત રેલી-પ્રભાતફેરી નીકળેલી. સાધુ-ભગવંતોના મુખેથી મહાવીરવાણી સાંભળી મહાવીરજયંતી ઊજવી. જેજેસીનાં બહુધા સેન્ટરોના રિપોર્ટ આવ્યા છે.

## જેજેસી - બોટાદ

જેજેસી-સેન્ટ્રલ બોર્ડ તથા અન્ય દાતાશ્રીઓના સૌજન્ય સાથે કલ્યાણક ઉત્સવ ઊજવાયો. પ્રભાતફેરી - નવકારશી અને જિનેન્દ્ર દર્શન, સાંજે સંગીતના સથવારે શત્રુંજયની ભાવયાત્રા તથા મહાવીર ભગવાનનું શોભિત પારણું ઝુલાવવાનો લાભ લગભગ ૫૦૦ જૈનોએ લીધો.

## જેજેસી - ભાવનગર

મહાવીર ભગવાનની સંગીતમય ભાવવંદના કાર્યક્રમ બાદ નવકારશીનો લાભ (કીર્તિભાઈ સખપરા દ્વારા લીધેલ આદેશ) કુલ ૫૦૦ ઉપરાંતની હાજરી.

## જેજેસી - કાંદિવલી તથા મલાડ

શુભ દિવસે જૈન સોશિયલ ગ્રુપ મલાડ-ગોરેગામના સથવારે ઈન્દ્ર-ઈન્દ્રાણી બની ગીત-સંગીત-વાજિંત્રના નાદ સાથે, ઘંટનાદ અને શંખનાદના નાદ સાથે ઢોલ-શરણાઈના મધુર ધ્વનીમાં, પ્રભુભક્તિમાં તન-મન-ધન સર્વસ્વ પ્રભુ ચરણે સમર્પિત કરવાના ભાવ સાથે તલ્લીન બની પ્રભુનો જન્મોત્સવ ઊજવ્યો. હરખઘેલા સભ્યોએ શું શું નિહાળ્યું?

**સંક્ષિપ્તમાં.. શું.. શું.. માણશો? નિહાળશો? જાણશો?**

❁ પ્રભુનું ચ્યવન કલ્યાણક.. ૧૪ સુપનનાં દર્શન ❁ પ્રભુનું જન્મકલ્યાણક વિધાન ❁ ઘંટનાદ-શંખનાદ દ્વારા પ્રભુના જન્મની આકાશવાણી ❁ સોના-રૂપા-હીરા-માણેક-મોતી-અક્ષતની અદ્‌ભુત વર્ષા સાથે પ્રભુનો જન્મોત્સવ-મેરુ મહોત્સવ ❁ મઘમઘતાં ફૂલોનો અદ્‌ભુત શણગાર ❁ દેવવિમાન જેવા દિવ્ય વાતાવરણમાં ભવ્યાતિભવ્ય આંગી રચેલા મહાવીરસ્વામી ભગવાન ❁ પ્રભુનાં જીવનચરિત્રને આવરી લેતી તસવીરોનો મનમોહક શણગાર ❁ દીવડાઓની ભવ્યજ્યોતિની દીપમાલા ❁ રજવાડી ઠાઠમાં રાજા-રાણી, ઈન્દ્ર-ઈન્દ્રાણીને શોભે તેવા વસ્ત્રપરિધાનમાં સુસજ્જ એવા જૈન જાગૃતિ-જૈન સોશિયલ ગ્રુપનાં તમામ સભ્યો ❁ પ્રભુની ભાવમાતા બનીને પ્રભુને પારણામાં ઝુલાવવાનો અણમોલ લહાવો ❁ કુમારપાળ મહારાજા-મહારાણી બનીને પ્રત્યેક આત્માઓ દ્વારા પ્રભુની ભવ્યાતિભવ્ય આરતી-મંગળદીવો. ❁ સુંદર પ્રભાવના ❁ યથાશક્તિ જીવદયા, સાધર્મિક ભક્તિ, સુપાત્રદાન, ગુપ્તદાન, સાધુ-સાધ્વી વૈયાવચ્ચનું મંગલ અભિયાન ❁ ખરા અર્થમાં જૈન હોવાનો ભવ્ય સાક્ષાત્કાર ❁ પ્રભુ સાથેની અદ્‌ભુત સંવેદના...


## જેજેસી - જૂહુ બીચ - જુહુ - બીચ સાઈડ, વિલે પાર્લે તથા સી સાઈડ



ઉપરોક્ત સેન્ટરો દ્વારા જૈન સોશિયલ ગ્રુપ અંધેરી-પાર્લા-સાંતાક્રુઝ તથા જે.એસ.જી.ઈન્ટ. ફેડરેશન, બૉમ્બે રિજિયનના સહયોગમાં શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામી જન્મકલ્યાણક મહોત્સવની ઉજવણી જેમના ચારેતરફ ડંકા વાગે છે અને પરમતત્ત્વની પાદુકા લઈને મળવા જવાય તેવા, બેંગલોર નજીકના પાવન તીર્થ કૃષ્ણગિરિ ધામના કોટીકોટી વંદનસમા પ. પૂ. યતિવર્ય વસંત વિજયજી મ.સા.ની પાવન નિશ્રામાં ધામધૂમથી કરવામાં આવી. પૂજ્યશ્રીએ સુંદર-મનનીય-મનભાવન શૈલીમાં ઉદાહરણો તથા દાખલાઓ સાથેનું પ્રવચન 'જન્મથી જન્મ સુધી' વિષય પર આપી હકડેઠઠ ભાઈદાસ હૉલ ઉપરાંત બહાર રોડ પર પ્રસરેલી મેદનીને મંત્રમુગ્ધ કરી દીધી. ભક્તિ સંગીત તથા ગૌતમપ્રસાદમઢ્યા આ કાર્યક્રમથી સભ્યો ખુશખુશાલ થઈ ગયા.

## જેજેસી - નોર્થ ઈસ્ટ

સેન્ટરના સૌજન્યથી ઘાટકોપર ખાતેનાં ૩૩ દેરાસર, ૧૪ ઉપાશ્રય, ૧૧ જૈન જાગૃતિ સેન્ટર તથા ૨૮ જૈન સંસ્થા દ્વારા સંયુક્તપણે મહાવીર જન્મકલ્યાણક મહોત્સવ ગુરુકુળ સ્કૂલના પટાંગણમાં યુગદિવાકર પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ



મ.સા. તથા પૂજ્ય મુનિરાજ શ્રી કૃપાબિંદુ વિજયજી મ.સા. તથા અન્ય વાણીપ્રખર મુનિરાજોની ઉપસ્થિતિમાં બહુ જ ભવ્ય રીતે ઊજવવામાં આવ્યો. મહાવીરનાં જીવનદૃશ્યો ઉપસાવતી નૃત્યનાટિકા 'હું મહાવીર ક્યારે બનીશ' બાળકો દ્વારા રજૂ કરવામાં આવી. શ્વેત વસ્ત્રધારિત ૩૦૦૦ જેટલાં શ્રાવક-શ્રાવિકાઓએ સવારની શોભાયાત્રામાં ભાગ લઈ ગુરુકુળ સ્કૂલના પટાંગણમાં પ્રવચનનો લાભ લીધો.

## આનંદમેળો

### જેજેસી-કાંદિવલી તથા દહિસર, શિવાજી પાર્ક તથા દાદર

બે મહિના પહેલાં જ ઘાટકોપર ખાતેનાં જૈન જાગૃતિ સેન્ટરોએ ભેગાં મળીને એક ભવ્યાતિભવ્ય આનંદમેળાનું આયોજન કરેલું. તેવી જ રીતે તા. ૨૪-૪-૨૦૧૧ના રોજ જેજેસી-કાંદિવલી અને જેજેસી દહિસરે સંયુક્તપણે કાંદિવલીની એસ. વી. પી. સ્કૂલના ગ્રાઉન્ડમાં તથા જેજેસી-શિવાજી પાર્ક તથા જેજેસી-દાદરે પણ સંયુક્તપણે તા. ૨૪-૪-૨૦૧૧ના રોજ સેન્ટ મેરી ધી વર્જિન ચર્ચ ખાતે આનંદમેળાનું આયોજન કર્યું. જૈન જાગૃતિ સેન્ટરના આનંદમેળામાં ઘણી બધી ફેન્સી જણસો, અલબેલુ ચટપટું ખાવાનું તથા વિવિધ રમતો વેચાય છે, અલબત્ત આનંદ તો વહેંચાય છે જ. કોઈક જ હશે જે આવા કાર્યક્રમથી અનિવાર્ય સંજોગોને આધીન વંચિત રહ્યા હોય.

કાંદિવલી-દહિસરના આનંદમેળામાં અપૂર્વ વ્યવસ્થા વચ્ચે હૈયેહૈયું દળાય એવી ગિરદી થઈ. ૯૧ સ્ટૉલે ન ધારેલો વકરો કર્યો અને છેલ્લે તો સૂપડાં સાફ! કોણે કેટલો નફો લણી લીધો એ તો ખબર ન પડી, પણ બધા ખુશખુશાલ હતા. છેલ્લે મુંબઈનો લાડકો બની ગયેલો કાંદિવલીનો બાળ કર્ણિક આવતા બધા આનંદમાં આવી ગયા.

આવી જ રીતે એ જ દિવસે, એ જ સમયે ૨૪-૪-૧૧ ને રવિવારે સેન્ટ મેરી ધ વર્જિન ચર્ચ ગ્રાઉન્ડમાં શિવાજી પાર્ક અને દાદરના સંયુક્ત આનંદમેળામાં જેજેસીના સભ્યો ઊમટયા. આશરે લગભગ ૭૦ જેટલા સ્ટૉલની સભ્યોએ મોજ માણી અને આનંદ આનંદ વ્યાપી ગયો.

## અભિનંદન

### જેજેસી. - લે. વિં. સેન્ટ્રલ બોર્ડ

સેન્ટરનાં ભૂતપૂર્વ પ્રમુખ શ્રીમતી મંજુલાબહેન ગાલા, માતબર સંસ્થા શ્રી કચ્છી વીસા ઓશવાળ સ્થાનકવાસી જૈન મહાજનની થયેલ ચૂંટણીમાં સતત ત્રીજી વખત વિશાળ બહુમતીથી ચૂંટાઈ આવ્યાં. છેલ્લાં છ વર્ષોથી સંસ્થાની ચિંચપોકલી ખાતે આવેલ પાંચ સ્કૂલોનાં માનદ્ મંત્રીપદે રહી તેનું સફળ સંચાલન કરી સ્કૂલોને વૉર્ડ, જિલ્લા અને રાજ્યકક્ષાએ અનેક પારિતોષિક અપાવી નારીશક્તિનું જ્વલંત ઉદાહરણ તેમણે પોતાની કાર્યદક્ષતાથી પૂરું પાડયું છે. હજી પણ તેઓ ખૂબખૂબ આગળ વધે તેવી સેન્ટ્રલ બોર્ડની શુભેચ્છા.

### જેજેસી - એલીસ બ્રિજ

સેન્ટરના સભ્ય શ્રી સમીરભાઈ શાહની પુત્રી કુમારી કવિશા શાહ, જે હાલમાં ધોરણ છઠ્ઠામા અભ્યાસ કરી રહી છે, તેણે ૨૦૦૮થી રમાઈ રહેલી જુદી જુદી Under 9 અને Under 11 ચેસ સ્પર્ધામાં સારો દેખાવ કરી ગુજરાત સ્ટેટ ચૅમ્પિયનશિપમાં બીજું અને ત્રીજું સ્થાન પ્રાપ્ત કરેલ છે અને ૨૦૧૧માં પ્રથમ નંબર મેળવેલ છે. હાલમાં તે ગુજરાત રાજ્યના પ્રતિનિધિ તરીકે નેશનલ ચેસ સ્પર્ધા રમવા ચેન્નાઈ ગયેલ છે. Best Luck કવિશા. જેજેસી તારા માટે ગૌરવ અનુભવે છે.

ચેસ-શતરંજ એવી રમત છે કે જે બાળકોની બુદ્ધિપ્રતિભા ખીલવે છે. લૌકિક જિંદગીની સફરમાં ઘણી સ્પર્ધાઓ છે. પુષ્કળ પ્રતિસ્પર્ધિઓ હોય છે. હરીફાઈના જમાનામાં લડાઈ ધીરજપૂર્વક, ચતુરાઈથી, હોશિયારી અને અનુભવથી કુશળતાપૂર્વક લડીને હરીફોને હંફાવી આગળ વધવું જરૂરી છે. જરૂર પડ્યે હરીફોના ખભા ઉપર પગ મૂકીને આગળ જવું પડે છે. હરીફોને અંધારામાં રાખવા પડે છે, હરીફોનું ધ્યાન બીજે દોરી અચાનક હુમલો કરવો પડે, ક્યારેક સંજોગોવસાત્ સમાધાન કરવું પડે, પણ ફાઈનલ ગોલ હરીફોને ચિત કરવાનું હોય છે. આ બધું કરવા માટે જબ્બર Forward Planningની આવડત જરૂરી છે. બે-ચાર Alternative હરીફ જે સ્ટેપ ચાલે તેના જવાબમાં ચાર-પાંચ સ્ટેપ વિચારી ત્રણ-ચાર સ્ટેપ પછી કઈ ચાલ ચાલવી તેનું પ્લાનિંગ મગજ કરે એટલે બુદ્ધિપ્રતિભા ખીલે જ ખીલે. એ બાળક પછી જીવનમાં ક્યારેય પાછળ ન રહે. તેને સંજોગો પ્રમાણે પીછેહઠ કરતા પણ આવડે અને લાગ જોઈને સંજોગોને વશમાં લેતા પણ આવડે અને જો હારી જાય તો ખેલદિલીપૂર્વક સન્માનીય હારને સ્વીકારતા પણ આવડે. ફરી વાર તૈયારી કરી નવેસરથી 'ગૅમ' રચતા પણ આવડે.

Out door રમતની સાથે આ Indoor રમત દરેક બાળકોને શીખવવી જોઈએ અને ચેસ રમતા કરવા જોઈએ. ચાણક્યએ ચંદ્રગુપ્તને રાજવહીવટના બધા પાઠ શતરંજના સહારે જ શીખડાવેલા.

# યુવામેળો

## જેજેસી - બોરીવલી

થોડા સમયથી જેની રાહ જોવાતી હતી તે જેજેસી-બોરીવલી આયોજિત યુવામેળો તા. ૧-૦૫-૨૦૧૧ને રવિવારના રોજ રઘુલીલા મૉલ કાંદિવલી ખાતે ભવ્યતાથી સંપન્ન થયો. કુલ ૩૩૫ યુવક-યુવતીઓએ હોંશભેર વિનાસંકોચે ભાગ લીધો.



શ્રી જિતેન્દ્ર કોઠારી (ચૅરમૅન)ના પ્રમુખસ્થાને યોજાયેલા આ સમારંભનું ઉદ્‌ઘાટન શ્રી કિશોર શાહ (ચૅરમૅન-ચૅરિટેબલ ટ્રસ્ટ)ના હસ્તે થયું. સમારંભના મુખ્ય અતિથિ તરીકે માતુશ્રી હીરાબહેન રતિલાલ શાહ અને માનવંતા મહેમાનોમાં જે.જે.સી-સેન્ટ્રલ બોર્ડ તથા ચૅરિટેબલ ટ્રસ્ટના માનદ્ સભ્યો ઉપસ્થિત રહ્યા.

સેન્ટ્રલ બોર્ડના સેક્રેટરી જનરલ શ્રી સંજય બી. શાહે ખાસ હાજરી આપી આશીર્વચન આપ્યા. આ પ્રોજેક્ટ જેજેસી-સેન્ટ્રલ બોર્ડ તથા ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા પ્રેરિત હતો તો મુખ્ય આધારસ્તંભ માતુશ્રી તારાબહેન ચુનીલાલ હીરાચંદ મોદી હતાં. ઉપરાંત માતુશ્રી હિરૂબહેન કરસનભાઈ બચુભાઈ સત્રા તથા માતુશ્રી મુક્તાબહેન જયંતીલાલ મહેતાએ દાતા તરીકે ફરજ નિભાવી.

શ્રી જિતુભાઈએ જણાવ્યું કે આવા યુવામેળાએ સમાજ પરથી ઘણો બોજ હળવો કર્યો છે અને હવે ચોક્કસ પરિણામલક્ષી બની ગયા છે. તેમણે રૂા. ૫૦,૦૦૦/- ચૅરિટેબલ ટ્રસ્ટ તરફથી બોરીવલીને આપ્યા તો તેમાં ચાર હજાર ઉમેરી બોરીવલીએ એ રકમ Education ફંડમાં આપી.

શ્રી કિશોરભાઈએ માર્મિક વાણીમાં જણાવ્યું કે જીવનને સફળ બનાવવું તે યુવક-યુવતીના હાથમાં છે. પસંદગી એવી કરજો કે પાછળથી અફસોસ ન થાય અને એકબીજાને Adjust કરવાની ક્ષમતા કેળવજો. કોઈ જ દંપતી 100% Perfect હોતાં નથી.

સેન્ટરના પ્રમુખ શ્રી મણિકાંતભાઈએ જણાવ્યું કે આવા સમાજઉપયોગી કોઈ પણ પ્રોજેક્ટ કરવા જેજેસી-બોરીવલી કટીબદ્ધ છે. દરેક મહાનુભાવનું યથાઉચિત સન્માન કરવામાં આવ્યું. દરેક યુવક-યુવતીના અરસપરસ પરિચય સ્ટેજ પરથી કરાવવામાં આવ્યા.

દરેક ભાગ લેનાર વડીલો તથા યુવક-યુવતીઓએ આ યુવામેળામાં ભાગ લીધા બાદ સંતોષ સાથે આભારની લાગણી વ્યક્ત કરી.

જે.જે.સી-બોરીવલી કારોબારીને સેન્ટ્રલ બોર્ડનાં અભિનંદન.

## વાર્ષિક સામાન્ય સભા

■ જેજેસી-કાંદિવલી દ્વારા શુક્રવાર, તા. ૨૨-૪-૨૦૧૧ના રોજ ભાઈદાસ સભાગૃહ, વિલે પાર્લે ખાતે વાર્ષિક સામાન્ય સભાનું આયોજન કરવામાં આવેલ.

■ જેજેસી-જુહુ દ્વારા ગુરુવાર, તા. ૧૨-૫-૨૦૧૧ના રોજ સાંજના ૭.૦૦ કલાકે જશોદા રંગ મંદિર-વિલે પાર્લે ખાતે વાર્ષિક સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

■ જેજેસી-વિલે પાર્લે દ્વારા ગુરુવાર, તા. ૨૬-૫-૨૦૧૧ના રોજ ભાઈદાસ હૉલ, વિલે પાર્લે (વેસ્ટ) ખાતે રાત્રે ૮.૩૦ કલાકે વાર્ષિક સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

## જૈન તત્ત્વજ્ઞાન અભ્યાસ

નવી પેઢીને પ્લુટો અને સૉક્રેટિસની ફિલોસોફી ભણાવવામાં આવે છે, પણ જેમાં વિશ્વની દરેક સમસ્યાઓનું સમાધાન છે એવી 'જૈન ફિલોસોફી' - પ્રભુ મહાવીરનો સંદેશ કોઈ જ અભ્યાસક્રમમાં ભણાવવામાં આવતો નથી. પરંતુ Jain Academy Education Research Centre Promotion Trustના પ્રયત્નોથી 'જૈન તત્ત્વજ્ઞાન' અભ્યાસ મુંબઈ યુનિવર્સિટીમાં દાખલ કરી શકાયો છે.

વર્ષ ૨૦૧૧-૨૦૧૨ના ઍડમિશન તા. ૧૫-૬-૨૦૧૧થી શરૂ થશે. સમય ૧૦.૦૦ થી ૨.૦૦ p.m.

વિશેષ માહિતી માટે સંપર્ક : ડૉ. બિપીન દોશી : ૯૮૨૧૦૫૨૪૧૩, શિલ્પા છેડા : ૯૩૨૩૯૮૦૬૧૫.

# RETRO CLASSICS

## જેજેસી-જૂહુ બીચ, બીચ સાઇડ

■ આર્મેશકુમાર જૈન

સહોદર ગણાતાં આ બન્ને સેન્ટર Identical કાર્યક્રમ રાખે છે, પણ પોતપોતાની સાનુકૂળતાએ સભ્યોને દર્શાવે છે. મેગા કાર્યક્રમ સંયુક્તપણે રાખે છે.

તાજેતરમાં એક ભવ્ય કહેવાય તેવો સંગીતનો જાજરમાન કાર્યક્રમ Fabricate કર્યો અને બન્ને સેન્ટરના કદરદાન સભ્યોએ માણ્યો. એમાંય જેજેસી-બીચ સાઇડનો તો ૭મો જન્મદિવસ હતો એટલે તો તેના સભ્યો હરખઘેલા થઈ ગયા.

જુહુ બીચ બુધવાર, તા. ૨૭-૪-૨૦૧૧, બીચ સાઇડ મંગળવાર, તા. ૨૬-૪-૨૦૧૧.

ભારતીયોના લોહીમાં જ સંગીત વણાયેલું છે. પ્રાચીન સમયથી ભારતીય પ્રજા ગીત-સંગીત અને નૃત્યથી બહુ જ નજીકથી સંકળાયેલી છે. એમ કહી શકાય કે બાળક જન્મે અને રડે તે પણ કોઈ એકાદ રાગમાં રડે! ભારતમાં મરશિયાં પણ લયબદ્ધ હોય. સેંકડો વર્ષની ગીત-સંગીતની આરાધના વડે ભારતમાં સંગીતનું ખેડાણ થયું છે તે દુનિયામાં ક્યાંય નથી થયું. માનવજીવનની કોઈ પણ લાગણી કે ઊર્મિઓને અભિવ્યક્ત કરી શકાય તેટલા રાગ-આલાપ આપણી સંગીતની દુનિયામાં મોજૂદ છે. આપણે બધા જાણીએ છીએ કે હજી ૫૦૦ વર્ષ પહેલાં મહાન સંગીતજ્ઞ રામદાસના ચેલા તાનસેન મેઘમલહાર રાગ છેડતા તો સૂકાભઠ્ઠ આકાશમાં ન જાણે ક્યાંથી પાણી ભરેલી વાદળી આવી ધરતીને ભીની કરી જતી! કેટલી તાકાત હતી ભારતીય સંગીતમાં! કેટલાંય સંગીત 'ઘરાનાં' વિશ્વવિખ્યાત થયાં. દરેક પાસે પોતાની અલગ ઓળખ હતી.

આ બધા સંગીતપ્રકારોનું સંકલન શરૂ થયું સિનેમાના ઉદયથી. એ અરસામાં 'થાળીવાજું' – ગ્રામોફોનનું આગમન થયું. મુંબઈ સંગીતની દુનિયાનું મથક બન્યું અને તેનાથી આકર્ષાઈ દેશભરમાંથી સેંકડો ગીતકારો અને સંગીતકારો મુંબઈમાં ઊતરી આવ્યા અને ત્યારથી ગીત-સંગીતની કળાનું Renaisance શરૂ થયું. એ સમય એટલે ૧૯૪૦નું વર્ષ, ૨૦મી સદીનો ચોથો દશકો. સિનેમાએ આ વિકાસમાં અમૂલ્ય યોગદાન આપ્યું. આપણે તે કાળને એટલે કે ૧૯૪૦થી ૧૯૯૦ના સમયને ફિલ્મી સંગીતનો સુવર્ણકાળ કહીશું. અત્યારે જેઓ ૫૦ વર્ષ ઉપરના છે તેઓએ આ સુવર્ણકાળ જોયો છે, અનુભવ્યો છે અને માણ્યો છે અને એમનાં જીવન ધન્ય બની ગયાં છે. ગીતકારો ન જાણે ક્યાંથી કેવા ભાવસૂચક શબ્દો શોધી લાવી ગીતો લખતાં અને સમકાલીન સંગીતકારો તેને સામાન્ય લોકભોગ્ય તરજોમાં ઢાળી લાખો-કરોડો માણસોને ઝૂમતા કરી દેતા. એ સમયનાં એકેએક ગીત સમજવા જેવા અને માણવા જેવાં બન્યાં. આપણો આ અમૂલ્ય ખજાનો બની ગયો. એવાં ગીત અને તરજો બની કે કોઈ માણસને હાથે-પગે દોરડાથી બાંધી દો અને કોઈ પણ એક Melodious ગીત વગાડો. બાંધેલા છે તોપણ હાથ-પગ નૃત્ય કરવા માંડશે એવો જાદુ આ ગીતોમાં છે.

આ બધા સંગીતકારો-ગાયકો અને ગીતકારોને Tribute આપતો સંગીતમઢ્યો કાર્યક્રમ આપી બધાને પાગલ કરી દીધા શ્રી જિતુભાઈ કોઠારી આણિ મંડળીએ! કાર્યક્રમનું નામ રાખ્યું Retro-Classics. ગીતો ક્લાસિક ખરાં, પણ લોકપ્રિય-લોકભોગ્ય.

હુશ્નરામ ભગતરામ, ખેમચંદ પ્રકાશ, સી. રામચંદ્ર, સચીન'દા બર્મન, રાહુલ'દા બર્મન, શંકર-જયકીશન, સરદાર મલિક, મદન મોહન, નૌશાદ, જયદેવ, લક્ષ્મીકાંત-પ્યારેલાલ, રવિ... બાપ રે કેટલાં નામો છે આપણી સિલ્વર સૃષ્ટિના ગોલ્ડન પિરિયડમાં!! સલામ આ કાર્યક્રમને આકાર આપનારને. કલ્પના કરો કે સ્ટેજ ઉપર એક સમયે ૩૦ જેટલાં (અથવા વધારે) વાજિંત્રો અને જુદાજુદા સમયે, જુદા જુદા ગીત વખતે કુલ ૫૦ જેટલા વાદકો અને ગાયકો! શું ભવ્યતા હતી! Konic Singers મહમદ રફી, કિશોરકુમાર, મન્ના ડે, નૂરજહાં, ગીતા દત્ત, લતા મંગેશકર, આશા ભોંસલે જાણે સદેહે સ્ટેજ પર આવી ગયાં! It was really an unique & Exiciting experience!

સભ્યો ખુશ. ઉપર જતા બધાને જમાડ્યા. મને કોઈએ ઓળખ્યો નહીં, કોઈએ જમવાનો આગ્રહ કર્યો નહીં એટલે બંદા ચૂપચાપ સરકી ગયા!

**ગરીબમાં ગરીબ પણ કરી શકે**
**એવું મહાદાન**
**એટલે ચક્ષુદાન**



# ક્વૉલિટી અને સ્વાદમાં દબંગ
# મા-દિકરી, સાસુ-વહુ સહુને સંગ
# હિમાદ્રી મસાલા



રાજાપુરી હળદર | સુંગધીત ધાણાજીરૂ | રેશમપટ્ટી ખાંડેલું | ગરમ મસાલા

સો ટકા ઉત્કૃષ્ટ મસાલા ખરીદવાની વાત આવે ત્યારે ક્વૉલિટી, સ્વાદ અને શુદ્ધતા માટે એક અવાજે મા-દિકરી, સાસુ-વહુ કહે સહુ **હિમાદ્રી મસાલા** છે દબંગ (એટલે કે નંબર વન), જેનાથી આપણે જીતતા આવ્યા કાયમ રસોઈનો જંગ.

હિમાદ્રી મસાલામાં મઘમઘે છે ઉત્કૃષ્ટ સામગ્રીનું અચૂક મિશ્રણ... ભરેલ મસાલા, ચાટ મસાલા, બિરયાની મસાલા, ચા મસાલા તથા અન્ય મસાલા.

**બારે માસ ભરવા લાયક**

• કાશ્મીરી ખાંડેલા • રેશમપટ્ટી ખાંડેલા • રાજાપુરી ગોલ્ડન હળદર • સુગંધીત ધાણાજીરૂ • જીરૂ • રાઈ બારીક • મેથી • વરીયાળી • ઈંદોરી ગ્રીન [illegible] • સૂવા • તલ • ધાણાદાળ • ધોયેલા કોકમ • અજમો • રાઈના કુરીયા • મેથીના કુરીયા • મેથીનો સંભાર • મરી • આંબાની હિંગ પાવડર • સૂંઠ પાવડર • પીપરામૂળ • રેડીમીક્સ મસાલા

**હિમાદ્રી મસાલા**

ભારતની સૌથી પહેલી ISO 22000 સર્ટીફાઈડ મસાલા કંપની

**હિમાદ્રી ફૂડ્ઝ પ્રા. લિ.**
૧/૧૦૭, કેશવજી નાયક રોડ, ન્યુ ચીંચબંદર, મુંબઈ - ૪૦૦૦૦૯.
ફોન : ૪૦૫૬૧૦૦૦ • ફેક્સ : ૪૦૫૬૧૦૯૯.
E-mail : marketing@himadrimasala.com • Web : www.himadrimasala.com

**સિઝનનાં નવા મસાલા તથા રેડીમિક્સ પેકેટ નિચેના સેલ્સ ડેપો પર મળશે.**

| એરિયા | સેલ્સ ડેપો | ફોન નં. | એરિયા | સેલ્સ ડેપો | ફોન નં. | એરિયા | સેલ્સ ડેપો | ફોન નં. |
|---|---|---|---|---|---|---|---|---|
| ચોપાટી | દિપાલીબેન શાહ | 9867945477 | અંધેરી (વે) | કુસુમબેન શેઠ | 26312443 | વસઈ (વે) | એસ. કૃષ્ણા જનરલ સ્ટોર | 0250-2338680 |
| કાલબાદેવી | ચંદ્રિકા મસાલા | 66375893 | જોગેશ્વરી (વે) | પુષ્પાબેન પારેખ | 26799506 | નાલાસોપારા (ઈ) | ઉમાબેન ગાંધી | 0250-2433428 |
| ફોર્ટ | નિલેશ પ્રોવિઝન સ્ટોર્સ | 22613885 | મલાડ (વે) | પ્રેમીલાબેન શાહ | 28897488 | વિરાર (વે) | સંદિપ શેઠ | 0250-2512800 |
| માટુંગા (વે) | ભાવનાબેન આચાર્ય | 9833019204 | મલાડ (વે) | મહેકબેન / વિશાખા મહેતા | 28881581 | પરેલ | ભાવનાબેન કોટક | 24700660 |
| સાંતાક્રુઝ (વે) | જયશ્રીબેન ચૌહાણ | 26492777 | કાંદિવલી (વે) | જયશ્રીબેન વોરા | 29671214 | સાયન (વે) | જસ્મીનાબેન મુતા | 24020259 |
| વિલેપાર્લે (વે) | મીનાબેન શાહ | 26231179 | કાંદિવલી (વે) | શિવાનીબેન પંચાલ | 9867492939 | ચેમ્બુર | વિમળાબેન ગોસર | 25215614 |
| અંધેરી (ઈ) | નિર્મળાબેન ગાલા | 28398334 | બોરીવલી (ઈ) | અંજુબેન ભાટીયા | 9323565597 | ઘાટકોપર (વે) | મધુબેન ભટ્ટ | 25167737 |
| અંધેરી (વે) | શીલાબેન પાઠક | 26285204 | બોરીવલી (વે) | પ્રિતીબેન વસા | 28996496 | થાણા (વે) | રંજનબેન હરિયા | 25339321 |
| અંધેરી (વે) | કાજલબેન દોશી | 26771913 | ભાયંદર (ઈ) | રૂપાબેન જોશી | 28161820 | કલ્યાણ (વે) | લીનાબેન મહેતા | 9930880239 |
| અંધેરી (વે) | મધુ ઝવેરી | 9221418401 | ભાયંદર (વે) | મીનાબેન પંડ્યા | 9819906779 | ડોમ્બીવલી (વે) | અમિતાબેન પોપટીયા | 9022752127 |

# અત્યારે શું કરીશું

## સાવચેતીના સૂર

હાઈવે પર વિહાર કરતાં સાધુ-સાધ્વીજીના વાહનો દ્વારા વારંવાર થતા અકસ્માતો વિશે આપણે વાંચીએ છીએ, જાણીએ છીએ. જ્યારે જ્યારે આવી ઘટનાઓ બને છે ત્યારે શહેરોમાં-ગામમાં સભાઓ ભરાય છે, સલાહસૂચનો અપાય છે, સરકારને આવેદનપત્રો અપાય છે, ઠરાવો પસાર થાય છે, ઊહાપોહ થાય છે, દૈનિકોમાં સમાચાર છપાય છે, પ્રજામત ઉશ્કેરાય છે, પણ થોડા દિવસોમાં વાત સમી જાય છે અને ફરી પાછું ઠેરનું ઠેર.

સામાન્ય રીતે આવા અકસ્માતોનું પ્રમાણ મે-જૂન અથવા ઑક્ટોબર-નવેમ્બર અને ડિસેમ્બરમાં વધુ હોય છે, કારણકે આ અરસામાં સ્થળપરિવર્તન થાય છે. ચાતુર્માસના મુકરર સ્થળે સમયસર પહોંચી જવા માટે મોટી સંખ્યામાં સાધુ-સાધ્વીજીઓ લાંબા-ઉગ્ર વિહાર કરતાં હોય છે.

તડકો અને ગરમીથી બચવા વહેલી પરોઢે મોંસૂંઝણા પહેલાં જ વિહારની શરૂઆત થાય છે. આ સમય જ અકસ્માતનું કારણ બને છે. આ દિવસો દરમિયાન વહેલી સવારે ઝાકળ-ધુમ્મસથી વાતાવરણ ધૂંધળું હોય છે, સંતોનાં કપડાં સફેદ હોય છે, જેથી રાતભર ગાડી ચલાવીને થાકી ગયેલા વાહનચાલકોની ઘેરાતી આંખે સાઇડમાં ચાલતી માનવઆકૃતિનો ખયાલ ન પણ આવે અને પરિણામે અકસ્માત સર્જાય છે એ હકીકત હવે સામાન્ય બની ગઈ છે.

થોડી સમજણપૂર્વકની સાવચેતીનાં પગલાંથી આવી દુર્ઘટના નિવારી શકાય.

થોડાં સૂચનો આ સાથે આપ્યાં છેઃ

૧) કોઈ પણ સંજોગોમાં મોંસૂંજણું ન થાય ત્યાં સુધી વિહારનો પ્રારંભ ન કરવો જોઈએ. વિહારનો સમય ટૂંકો કરી દિવસો વધારી નાખવા જોઈએ.

૨) ભારે વાહનોની સતત આવન-જાવન થતી હોય તેવા રસ્તાનો ઉપયોગ ન કરતા થોડાક કાચા અને પારંપરિક રસ્તા-ગાડાવાટનો ઉપયોગ કરવો.

૩) રસ્તાની ડાબી બાજુએ ન ચાલતા, જમણી બાજુએ એટલે કે સામેથી આવતાં વાહનોની સામે ચાલવાથી વધુ સલામતી રહેશે. પાછળથી આવતાં વાહન કરતાં સામેથી આવતાં વાહનોથી સાવચેત રહી શકાય છે.

૪) રોડના છેક કિનારા પર કીડીઓની હાર ચાલે તેમ એકની પાછળ એક એ રીતે ચાલવું જોઈએ. વાતો-ચર્ચાની ધૂનમાં બે-ચાર જણ સાથે ચાલે તો અકસ્માતની શક્યતા વધી જાય છે.

૫) વ્હીલચૅર દ્વારા વિહાર કરતાં સાધુ-સાધ્વીજીએ, ચૅર સાથે ન ચાલતા રોડની નીચે ચાલવું જોઈએ. વ્હીલચૅર ચલાવનારાઓએ સાથેનાં શ્રાવક-શ્રાવિકાઓ કે ભોમિયાઓએ ''રેડિયમ રિફ્લેક્ટિંગ જેકેટ (High Visibility Safty Jacket) કે જે માર્કેટમાં પ્રાપ્ય છે તે પહેરવા જોઈએ. વ્હીલચૅર પર Reflecting ધજા ફરકાવવી જોઈએ અથવા લાંબી લાકડી પર ઉપરના છેડે ચમકદાર કલરના Reflecting પટ્ટા વિંટાળવા જોઈએ. આનાથી વાહનચાલક દૂરથી વ્હીલચૅર અને માનવઆકૃતિ જોઈને સાવચેત થઈ જાય અને અકસ્માતની શક્યતા ટાળી શકાય.

૬) ઉપરાઉપરી ભારે વાહનો બાજુમાંથી પૂરઝડપે પસાર થાય ત્યારે રોડ પર કામચલાઉ Vaccum સર્જાય છે અને હવાના દબાણથી નાનાં વાહનો કે ચૅર કે માણસો થોડી સેંકડ માટે ખેંચાઈ જતાં હોય છે જેથી પાછળ આવતાં વાહનથી અકસ્માત સર્જાય છે.

૭) વિહારના રસ્તે જો રેલવે ફાટક આવતી હોય તો ફાટક ક્રોસ કરવા જરા પણ ઉતાવળ ન કરવી. બન્ને બાજુ દૂર દૂર સુધી જોઈને જ સાવચેતીપૂર્વક પાટા ક્રોસ કરવા.

૮) વિહાર દરમિયાન સ્વાધ્યાય કે ગાથા કંઠસ્થ કરવાનો પ્રયત્ન ન કરો. ફક્ત નવકાર મંત્ર આદિનો જ જાપ કરવો.

૯) વિહાર દરમિયાન આપની નજર નીચે તેમ જ સામે હોવી જોઈએ. બીજી કોઈ પણ દિશામાં જોવાનું ટાળો.

૧૦) વળાંકવાળા રોડ, ચાર રસ્તા, સિંગલ રોડ, ચઢાણ, ઉતરણવાળા રોડ પર ખાસ સાવચેતી રાખવી.

૧૧) વ્હીલચૅરવાળાએ મોટી બૅટરી સાથે જ રાખવી અને અંધારાં દરમિયાન તેને ચાલુ જ રાખવી. તે બાબત કરકસર ન કરવી.

૧૨) જ્યાં સુધી કુદરતી પ્રકાશ ન થાય ત્યાં સુધી બધા જ સાધુ-મહાત્માઓએ સાથે જ રહેવું જોઈએ. પ્રકાશ થયા બાદ ભલે આગળ-પાછળ થવાય.

મે-જૂન એ વિહારનો સમય છે. બધાં સાધુ-સાધ્વીજીઓને અમે અંતરની આરજૂ સાથે અપીલ કરીએ છીએ, વિનવણી કરીએ છીએ અને દર્દભરી ચેતવણી પણ આપીએ છીએ કે ઉપર વર્ણવેલા નિયમોનું પાલન જરૂરથી કરશો. અમારાથી કાંઈક અજુગતું લખાઈ ગયું

હોય તો માફ કરશો. મિચ્છા મિ દુક્કડમ.

**જૈન સંઘોને અપીલ**

એક સમય હતો જ્યારે મોટા રોડ ન હતા, ભારે વાહન ન હતાં, આટલો ટ્રાફિક ન હતો ત્યારે સાધુ-સાધ્વીજીઓ સાથે એક ગામથી બીજે ગામ વિહાર દરમિયાન સંઘનાં સેવાભાવી ભાઈ-બહેનો રહેતાં. હવે એ વ્યવસ્થા પડીભાંગી છે. કોઈ પણ ફિરકાના કે કોઈ પણ ગચ્છના કે સંઘાડાના સાધુ હોય તે આપણા ગુરુ જ છે. તેમની સેવા કરવી, રક્ષા કરવી કોઈ પણ જૈનની પ્રથમ ફરજ છે. તેથી હવે ચેતી જાવ.

૧) તમારા સંઘમાં વિહાર સમિતિ બનાવો. ચાર-છ સેવાભાવી સ્વયંસેવકોનું ગ્રુપ બનાવો.

૨) ઉપાશ્રયમાં કોઈ પણ જૈન સાધુ પધારે અને વિહાર કરે ત્યારે ઓછામાં ઓછા બે શ્રાવકો વારાફરતી મહાત્માઓ સાથે રહે તેવી વ્યવસ્થા કરશો.

આ લેખ દરેક સાધુ-સાધ્વીજીને વંચાવી નિયમોને અનુસરવા વિનવણી કરશો.

*મિચ્છા મિ દુક્કડમ*

*સૌજન્ય : વિવિધ પરિપત્રો*

*સંકલન : રમેશ સંઘવી*

---

# એ... સાદ સાંભળજો રે...

**જેજેસી પરિવારના દરેક સેન્ટરના કમિટી સભ્યો તથા સામાન્ય સભ્યો, સાંભળજો...**

જેજેસી-સેન્ટ્રલ બોર્ડ તથા ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત ૧૭મા સમૂહલગ્ન તા. ૧૧-૧૨-૨૦૧૧ ને રવિવારે નિર્ધાર્યા છે.

દર વર્ષની જેમ ૨૧ યુવક-યુવતીનાં લગ્ન કરાવવામાં આવશે. તે માટે Registration કરવાનું શરૂ થઈ ગયું છે. વહેલા તે પહેલાના ધોરણે ૨૧ કપલ લેવામાં આવશે. વર અને કન્યા, બન્ને પક્ષના વડીલોએ રૂબરૂમાં સેન્ટ્રલ બોર્ડની ઑફિસમાં જઈ જરૂરી ફૉર્મ ભરી મુકરર કરેલ ચાર્જ ભરવાનો રહેશે. ૨૧ નામ આવ્યાં બાદ કોઈ પણ હિસાબે બીજાં નામ લેવામાં આવશે નહીં.

સંપર્ક કરો : સચીન પવાર

૨૦૧, માથારુ આર્કેડ, સુભાષ રોડ, વિલે પાર્લે (ઈસ્ટ) (ગરવારેની પાછળ). ફોન નં. ૦૨૨-૬૫૭૨૬૬૩૬ અને ૦૨૨-૬૬૯૭૩૦૩૮.

૨) જેજેસી-સેન્ટ્રલ બોર્ડ આયોજિત આગામી છઠ્ઠી Inter Centre Cricket Tournament તા. ૧૫-૧૬, જન્યુઆરી, ૨૦૧૨ના દિવસોમાં રમાડવાનું મુકરર કરેલ છે. આ મૅચ Day-Night રમાવાની છે. World Cup કે IPLની પ્રતિકૃતિ સમાન નિયમોથી રમાડવામાં આવશે. બહુ જ ઉત્સાહ, ઉન્માદ, નિખાલસતા અને ખેલદિલીથી સ્પર્ધા રમાય છે.

સેન્ટ્રલ બોર્ડ ઈચ્છે છે કે જેજેસી પરિવારનાં બધાં જ સેન્ટરો આમાં જોડાય. બહારગામથી રમવા આવતી ટીમ માટે રહેવાની, જમવાની તથા ટ્રાન્સપોર્ટની બધી વ્યવસ્થા સેન્ટ્રલ બોર્ડ કરશે. જો કોઈ નાના સેન્ટરમાંથી ટીમ બનતી ન હોય તો બે-ત્રણ સેન્ટર મળીને ટીમ બનાવી શકશે. તે માટે અગાઉથી સેન્ટ્રલ બોર્ડની મંજૂરી લેવી આવશ્યક છે. ટુર્નામેન્ટને લગતા નિયમો પછીથી જણાવવામાં આવશે.

તો ક્રિકેટમાં ભાગ લેવા અત્યારથી જ તૈયારી શરૂ કરી દેશો એમ સેન્ટ્રલ બોર્ડ જણાવે છે.

૩) દરેક સેન્ટરની કારોબારી કમિટીને વિદિત કરવાનું કે વર્ષ ૨૦૧૦ના હિસાબ તૈયાર કરી તેને ઑડિટ કરાવી AGM બોલાવી રજૂ કરે અને તા. ૩૦-૬-૨૦૧૧ પહેલાં બેલેન્સશીટ અને બીજા એકાઉન્ટ સેન્ટ્રલ બોર્ડમાં સબમિટ કરે.

બંધારણ પ્રમાણે આ ફરજિયાત છે. તેમ નહીં કરનાર સેંટર ઉપર Punitive Action લઈ શકાય.

૪) હજી ઘણાં સેન્ટરોએ તેમના ૨૦૧૨ વર્ષના Mailing Address 'જાગૃતિ સંદેશ'ને મોકલ્યાં નથી. તેમના સેન્ટરના સભ્યો તરફથી ફરિયાદ આવે છે કે તેમને 'જાગૃતિ સંદેશ' મળતા નથી. તો સત્વરે Mailing Addressની C.D. તથા Print out 'જાગૃતિ સંદેશ'ને મોકલી આપે.

# જેજેસી – નોર્થ ઈસ્ટ

## જૈન ક્રિકેટ ટુર્નામેન્ટ

**આંખે દેખ્યો અહેવાલ : આર્મેશકુમાર જૈન**

ક્રિકેટનો માહોલ બરાબર જામ્યો છે. પહેલા વર્લ્ડ કપ અને ત્યાર બાદ IPL. આ રમતથી શારીરિક સુસજ્જતા (Fitness) તો મળે જ છે, પણ ખેલદિલીથી રમવામાં આવે તો માણસમાં કેટલા બધા ગુણ ઊભરી આવે છે.


જેજેસી પરિવારનું એક અણમોલ સેન્ટર જેજેસી-નોર્થ ઈસ્ટ તેના દશમાં વર્ષમાં પ્રવેશ્યું તો તેની ઉજવણીના એક ભાગરૂપે કેટલાય અન્ય કાર્યક્રમ સાથેસાથે ઘાટકોપર પંથકના સર્વે જૈન સમાજને આવરી લેતી એક ક્રિકેટ ટુર્નામેન્ટનું ભવ્ય આયોજન કર્યું.

આ ટુર્નામેન્ટમાં ઘાટકોપરની લગભગ બધી જ જૈન સંસ્થા-દેરાસરો, ઉપાશ્રયો, જૈન મંડળોએ મળીને ૨૪ ટીમ બનાવીને ભાગ લીધો. બધી જ સગવડાતાઓથી સજ્જ ક્રિકેટ મેદાન (ફાતિમા હાઈ સ્કૂલ)માં તા. ૧૭ અને ૨૩-૨૪ એપ્રિલ એમ ત્રણ દિવસ માટે Day-Night મૅચ રમાડવામાં આવી. કુલ ૩૬૦ ખેલાડીઓ વચ્ચે જંગ ખેલાયો. ઉત્તેજનાભરી રમત રમાઈ.

ટુર્નામેન્ટના થોડા અંશો

૧) બધા જ ૩૬૦ ક્રિકેટરોને Distictive colour code સાથેના Uniforms.

૨) Professional Umpires, Comentators, Expert Comentator, Live Telecast with Replay Views, Over Giant Screen, Live Comentary Over Mike, Scores, Live Appropriate Music Clips, Built up Pavalions, Viewing Gallaries, Comfortable Seating Arrangements, અદલાબદલ World Cupની પ્રતિકૃતિ!



જેજેસીના સેન્ચ્યુરી બૅટ્સમૅન શ્રી જિતેન્દ્ર કોઠારી

૩) આઠ આઠ ઓવરની ગૅમ, Knock Out Systems, એ બધું સેન્ટ્રલ બોર્ડની ટુર્નામેન્ટની જ પ્રતિકૃતિ! ફક્ત એક જ ધરખમ ફેરફાર. દરેક ઈનિંગ્ઝમાં બૅટિંગ લેતી ટીમને પાંચમી ઓવર Pover Game તરીકે રમવાની. તેમાં જે કાંઈ રન થાય તેના ડબલ ગણવાના અને જો ખેલાડી આઉટ થાય તો ટીમના સ્કોરમાંથી પાંચ રન કમી. આનાથી ખૂબ જ Exitement આવેલ.

ખાસ ધ્યાનાકર્ષક વાત એ હતી કે ટુર્નામેન્ટની Opening Ceremany અને Closing Ceremany! બન્ને એવી ભવ્યતાથી ખૂબ આકર્ષક રીતે ભારે ખર્ચાળ રીતે કરવામાં આવી કે કાયમ યાદ રહી જશે. Openingમાં શ્રી જિતુભાઈ કોઠારી તથા શ્રી કિશોરભાઈ શાહ મેદાનમાં ઊતર્યા અને ઉત્તેજના વ્યાપી ગઈ.

Closingમાં Laser Showએ બધાને ખુશ કરી દીધા. Man of the Match (દરેક મૅચ), Best Bowler, Best Batsman વગેરે થોકબંધ ખેલાડીઓને ઉપરાંત ટુર્નામેન્ટના શિલ્પીઓને મેમેન્ટો આપીને સન્માનવામાં આવ્યા. વિજેતા ટીમ (ચૅમ્પિયન) ઘોઘારી સમાજ તથા રનરઅપ ટીપ જેજેસી-અમૃતનગરને કપ પ્રદાન કરવામાં આવ્યા.

આ ટુર્નામેન્ટને Nit (નીટ)- ક્રિકેટ કપ નામ આપવામાં આવેલ.

જેજેસી-નોર્થ ઈસ્ટના પ્રમુખ શ્રી નીતિનભાઈ સંઘવીને આવો અલૌકિક કાર્યક્રમ ઘાટકોપરના જૈન સમાજને આપવા બદલ ખૂબ ખૂબ ધન્યવાદ.



જેજેસીના યુવાન બૅટ્સમૅન શ્રી કિશોર શાહ

# APPEAL FOR EDUCATION PROJECT

■ સંજય શાહ – ચંદ્રવદન આર. શાહ

**J.J.C. Central Board Charitable Trust's educational assistance Scheme. Theme project which Fly high like a kite in the field of education.**

With rapid growth of globalization, education is essential in order to making living in this materialistic world. In today's globalization, a master degree in the education field is a must if you want to fulfill your desire in life.

To help the needy bright students our J.J.C. Central Board Charitable trust started their theme project in the field of education for completing their higher education either in India & Abroad.

To help more & more students, Kahanraj Sarvodaya Trust, Subhash Runwal Education trust and Vasant Atma Charitable Trust joined hands with J.J.C. & we got continuous good support from them. We also get support from Donors and our members of various centres & that is the reason we could give financial assistance to as many 2368 students & good amount in the vicinity of ''RS. TEN CRORES'' in short period of less than Six Years till 2010.

A Wonderful result is achieved with the help & Co-operation of our esteemed members of Jain Jagruti Centres & our respected donors & our associate trusts.

**We Sincerely believe & can always say "Education makes machines which act like men & produces men who act like machines." Good education results in better & brighter futures for entire family.**

In Order to satisfactorily fulfill our target for year 2011. We request all our respected members of all centres to donate generousely towards theme projects. Good hearted families of your close friends & relatives can also be involved for such important purpose.

Our project is progressing very fast and has become quiet popular in our society. Applications & demands are increasing at high speed & hence our requirements & targets are also growing up substantially our dedicated efforts with your valuable support is necessary to uplift the needy students of our society by providing monetary relief during their higher education. We have decided from this year to give upto Rs. 1,50,000/- for study in India and upto Rs. 2,50,000/- for study in abroad.

**Lastly through this, we appeal all the members of various groups of J.J.C. and established trust to donate generousely to fulfill the requirements of year 2011.**

**Cheques may be forwarded through your centre in the name of "Jain Jagruti Centre Central Board Charitable Trust" You will get receipt with exemption certificate u/s 80-G of I.T.Act.**

---

## BOOKS

એક ૧૧ વર્ષની ઢીંગલી જો Bookનું, Readingનું મહત્ત્વ સમજી શકતી હોય તો.....!? – તંત્રી

Book ! it gives you everything
While you have expected nothing
Books have many resorces
From holy books to text book.
From text Book to Work Book
From Jokes to facts books
From atlas to dictionaries
The books are better than movies
There is no limit for the never ending
knowledge power
This will be till the end of out life!

**MAHEK J. MEHTA**
**in association with JJC-Amrut Nagar**

## ઍસિડિટીથી દૂર રહેવાના સરળ નુસખા

પેટમાં ગૅસ્ટ્રિક ગ્લૅન્ડમાંથી જ્યારે સામાન્ય કરતાં વધુ પ્રમાણમાં અમ્લ (ઍસિડ) નીકળે ત્યારે ઍસિડિટીની સમસ્યા ઉદ્‌ભવે છે. ભાગ્યે જ એવી કોઈ વ્યક્તિ હશે જેને વત્તેઓછે અંશે ઍસિડિટીની સમસ્યા ન હોય. સામાન્યપણે મસાલેદાર તથા તળેલા પદાર્થો ખાવાથી તેમ જ અનિયમિત ભોજન લેવાથી આ સમસ્યા સર્જાય છે. આજની તાણયુક્ત લાઈફસ્ટાઈલમાં ઍસિડિટી એક આમસમસ્યા બની ગઈ છે. અહીં તેના કેટલાક સરળ અને ઘરગથ્થુ નુસખા પ્રસ્તુત છે.

★ પૂરતું પાણી પીઓ. કૉફીને બદલે હર્બલ ટીનું સેવન કરો.
★ રોજ એક ગ્લાસ હૂંફાળું પાણી પીઓ.
★ કેળું, ખીર, તરબૂચ ઈત્યાદિ ખાદ્યપદાર્થોનો રોજિંદા આહારમાં સમાવેશ કરો. તરબૂચનો જ્યૂસ ઍસિડિટીની સામે સૌથી કારગર ઉપાય છે.
★ જો આપને ઍસિડિટીની સમસ્યા હોય તો નારિયેળના પાણીનું સેવન કરો.
★ રોજ એક ગ્લાસ ઠંડું દૂધ પીઓ.
★ રાત્રે સૂવાના કમસે કમ ત્રણ કલાક પહેલાં જમવાનું લો.
★ લંચ અને ડીનર અથવા બે 'મીલ' વચ્ચેનો વધુ સમયગાળો પણ ઍસિડિટી થવાનું મુખ્ય કારણ હોઈ શકે છે, તેથી લાંબા સમય સુધી પેટ ખાલી રાખવું નહીં. એકાદ કલાકના અંતરે થોડું થોડું ખાતા રહો.
★ અથાણું, મસાલેદાર અને તીખાતમતમતા ખાદ્યપદાર્થોથી દૂર રહો.
★ પાણીમાં ફુદીનાનાં કેટલાંક પાંદડાં નાખી ઉકાળો અને આ પાણી રોજ ભોજન બાદ પીઓ.
★ લવિંગ ચૂસવાથી પણ ઍસિડિટીમાં રાહત મળે છે.
★ ગૉળ, કેળું, લીંબુ અને દહીંનું સેવન કરવાથી ઍસિડિટીમાં જલદી આરામ મળે છે.
★ સ્મોકિંગ અને શરાબનું સેવન કરવાથી ઍસિડિટીમાં વધારો થાય છે, તેથી આ બન્નેથી દૂર રહો.

...અને આ બધાની સાથેસાથે અમુક હળવી કસરતો કરવી તથા દરરોજ અમુક નિશ્ચિત અંતર ચાલવાનું રાખવાથી ઍસિડિટીથી આસાનીથી છુટકારો મેળવી શકાય છે. એટલું યાદ રાખો કે આ ઍસિડિટીની સમસ્યા આપણા અનિયમિત જીવનવ્યવહારને કારણે જ ઉદ્‌ભવતી હોય છે અને એટલે જ એ દૂર કરવાનું પણ આપણા જ હાથમાં છે.

samyak
BUNGALOWS
૩ BHK ટ્વીન બંગલો ૧૬૫ વાર, ૨૮ લાખ*
૨ BHK રૉ - હાઉસ ૧૧૫ વાર, ૧૮ લાખ*
શંખેશ્વરમાં ઘરનું ઘર




• નવપદની ઓળી • પર્યુષણ પર્વ
• ચાતુર્માસ આરાધના કરવા ઉત્તમ આવાસ • પૂજ્ય સાધુ સાધ્વીજી ભગવંત માટે ઉપાશ્રય
• JITO ગ્રુપ • જૈન સોશ્યલ ગ્રુપ • શ્રી શંખેશ્વર-પૂનમ ગ્રુપ
• સામાયિક મંડળ • મહિલા મંડળ • યુવક મંડળ • સ્નાત્ર મંડળ
નાં ગ્રુપ બુકીંગ માટે સ્પે. ડીસ્કાઉન્ટ
લોન પેપર્સ ઉપલબ્ધ
પઝેશન એપ્રિલ ૨૦૧૨
ઑફિસ: "હેમકુંજ" ૧૮, જૈન નગર, સંજીવની હોસ્પિટલ સામે, પાલડી, અમદાવાદ.
સાઈટ: સમ્યક બંગ્લોઝ, દાદાવાડી ની સામે, જી.ઈ.બી. સબ સ્ટેશન પાસે, શંખેશ્વર-૧૩, ગુજરાત.
SAMYAK Developers
સંપર્ક: ૦૯૯૨૫૦ ૬૪૦૩૭, ૦૯૮૨૪૧ ૪૯૪૩૮, ૦૯૮૨૫૦ ૬૪૦૩૭
E-mail: sales@samyak.biz Website: www.samyak.biz

# ધોરણ ૧૨ પછી શું ?

■ ચંદ્રકાંત પટેલ

**રુક જાના નહિ તું કહી હાર કે...**
**કાંટો પે ચલ કે મિલેંગી રાહે બહાર કે...**

સામાન્યતઃ આપણે ત્યાં ભણવા બાબત કે કેરિયર બાબત ગાડરિયા પ્રવાહમાં જ વિદ્યાર્થીઓ અને મા-બાપ તણાઈ જતાં હોય છે. તેમાં જોઈતી મનગમતી લાઇનમાં જવા માટે ઓછા માર્ક્સ આવે તો નિરાશાની ગર્તમાં સરી પડે છે. એવું ન થવું જોઈએ. દરેક લાઇનમાં નિષ્ઠા જ કામ આવે છે. તક ઝડપવાની તૈયારી હોય અને જાગૃત હોઈએ તો દરેક લાઇનમાં યોગ્ય વળતર મળી જ રહે છે. નહિતર એક જમાનામાં S.S.C.માં ફર્સ્ટ ક્લાસ નહીં મેળવનાર વિદ્યાર્થીઓ Arts લાઇનમાં જઈ Lawનો અભ્યાસ કરી આજે માતબર આવક મેળવનારા, સમાજમાં પ્રતિષ્ઠા પામનાર ખ્યાતનામ વકીલો બની ગયા છે. યાદ રાખો કે તક માત્ર દરવાજો ખખડાવી શકે. દરવાજો ખોલીને તકને ઝડપી લેવાની મહેનત તો આપણે જ કરવી પડે.

શ્રી ચંદ્રકાંત પટેલનો આ લેખ કદાચ ઘણાને ઉપયોગી થશે. આ પ્રકારની જાણકારીવાળા લેખ 'જાગૃતિ સંદેશ'માં આવકાર્ય છે.

– *તંત્રી*

આ લેખ તમારા હાથમાં આવશે ત્યારે લગભગ ધોરણ-૧૨નું પરિણામ આવી ગયેલ હશે. ખાસ કરીને ધોરણ-૧૨માં વિજ્ઞાનપ્રવાહમાં જે લોકોએ બી ગ્રુપ રાખેલ છે તેવા વિદ્યાર્થીઓ માટે હું આ લેખ લખી રહ્યો છું.

ધોરણ-૧૨ના વિજ્ઞાન-પ્રવાહમાં એ ગ્રુપ અને બી ગ્રુપ એમ બે રાખવામાં આવેલ છે જેમાં એ ગ્રુપમાં પાસ થનાર વિદ્યાર્થીઓ મોટે ભાગે એન્જિનિયરિંગમાં જતા હોય છે. એન્જિનિયરિંગની જુદીજુદી લાઇનો અને વધતી જતી કૉલેજો અને તેમાં પ્રાપ્ત સીટો જોતાં પચાસ ટકા મેળવનાર દરેક વિદ્યાર્થીને પણ લગભગ ઍડ્મિશન મળી જશે અને તેઓએ નિરાશ થવાનું રહેતું નથી. એટલું જરૂર છે કે કદાચ પોતાની મનગમતી કૉલેજમાં ઍડ્મિશન ન મળે તોપણ તેનાથી અભ્યાસમાં કોઈ ફરક પડવાનો નથી. વિદ્યાર્થી જો મહેનતુ હોય તો ગમે તે કૉલેજમાં સફળતા પ્રાપ્ત કરી શકે છે. બહુ જ ઉચ્ચ સ્ટાન્ડર્ડ ધરાવતા ગુજરાત અને મહારાષ્ટ્રમાં ખૂબ જ ઓછી કૉલેજો છે કે જ્યાં વિદ્યાર્થીને સંપૂર્ણપણે સારી રીતે અભ્યાસ કરાવવામાં આવે છે. આ સિવાયની ૯૦ ટકા કૉલેજોમાં લગભગ સ્થિતિ સરખી છે, કારણકે પ્રાધ્યાપકો ઉપલબ્ધ નથી અને જે છે તે એટલા કુશળ અને ક્વોલિફાઇડ નથી. તેમ છતાં એ ગ્રુપમાં પચાસ ટકા કે તેથી નીચે માર્ક્સ મેળવનાર વિદ્યાર્થીઓના મનમાં હવે આગળ શું કરવું? તેવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. તે જ રીતે બી ગ્રુપમાં સામાન્ય રીતે મેડિકલ ડેન્ટલ ફિઝિયોથેરપી અને ફાર્મસીમાં વિદ્યાર્થીઓ ઍડ્મિશન મેળવતા હોય છે જે ૭૦ થી ૭૫ ટકાની વચ્ચે બંધ થતું હોય છે. આથી તેનાથી નીચે માર્ક્સ મેળવનાર વિદ્યાર્થીઓમાં નિરાશા વ્યાપે છે. તેવા વિદ્યાર્થીઓએ આ લેખમાં જણાવેલ અભ્યાસક્રમ પર વિચાર કરવો જરૂરી છે અને આવા વિદ્યાર્થીઓએ નિરાશ થવાની જરૂરત નથી.

વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓ કાયદા વિદ્યાશાખામાં ઍડ્મિશન મેળવી તેઓ વધારે સારી રીતે સફળતા મેળવી શકે છે અને તેના માટે પાંચ વર્ષનો લૉનો ડિગ્રી કોર્સ ઘણી જગ્યાએ થાય છે અને તેમાં ઍડ્મિશન મેળવી પાંચ વર્ષનો લૉનો ડિગ્રી કોર્સ કરી અને ડાયરેક્ટ તેઓ વકીલાતના વ્યવસાયમાં જંપલાવી સારી સફળતા મેળવી શકે છે. તે જ રીતે જુદાજુદા વિષયો પર બીએસસી થવાય છે, જેમાં કૅમેસ્ટ્રી, ફિઝિક્સ, મેથેમેટિક્સ, આઇટી, બીએસસી કેમિકલ વગેરે પ્રકારના કોર્સ ખૂબ જ સારી રીતે કરી શકાય તેમ છે. આ દિશામાં છેલ્લાં પાંચ વર્ષથી વિદ્યાર્થીઓએ ઍડ્મિશન લેવાનું લગભગ ટાળેલ હોવાના કારણસર આ ક્ષેત્રમાં દુષ્કાળ વ્યાપ્યો છે. બીએસસી કર્યા પછી એમએસસી કરી અને પ્રોફેસર તરીકે ઘણી સારી જોબ મેળવી શકાય તેમ છે. હાલમાં મોટા ભાગની કૉલેજોમાં પ્રોફેસરોની અછત છે. છઠ્ઠા પગાર પંચ પછી પ્રોફેસરોના માસિક પગાર રૂપિયા ૪૦,૦૦૦/- થી ૭૫૦૦૦/- વચ્ચે થયેલ છે અને આ ઉપરાંત કૉલેજ સમય પછી ફાજલ સમયમાં તેઓ ટ્યુશન કરતા હોય છે અને અગર તેઓની રુચિ પ્રમાણે તેઓ નવા રિસર્ચનું કામ પણ કરતા હોય છે. રિસર્ચ અને ડેવલપમેન્ટ તે વિષય ૨૧મી સદીનો સૌથી વધુ ઝડપથી વિકસતો વિષય છે. જુદાંજુદાં ક્ષેત્રોમાં નવીનવી શોધો માટે થઈને દરેક મોટી કંપનીઓ એક ખાસ રિસર્ચ વિભાગ રાખે છે. ખાસ કરીને દવા, પેટ્રોકેમિકલ્સ, ઑટોમોબાઇલ્સ વગેરે વિભાગ રિસર્ચમાં ખૂબ જ ધ્યાન આપે છે અને હાલમાં બીએસસી, એમએસસી થયેલ વિદ્યાર્થી મળતા નથી તે લાઇન પર આવા વિદ્યાર્થીઓએ ધ્યાન કેન્દ્રિત કરી

નિરાશાને ખંખેરી નાખવાની જરૂરત છે. તે જ રીતે ધોરણ-૧૨ના વિજ્ઞાનપ્રવાહ પછી જે વિદ્યાર્થીઓએ એન્જિનિરિંગમાં, મેડિકલમાં કે ફિઝિયોથેરપી વગેરેમાં કે ફાર્મસીમાં ઍડ્‌મિશન મેળવેલ નથી તેવા વિદ્યાર્થીઓ બીસીએ અને એમસીએ થઈ શકે છે અને બીઈની સમકક્ષ ડિગ્રી મેળવી તેઓ વ્યવસાય તરફ ધ્યાન આપી શકે છે. એ યાદ રાખવું કે માર્ક્સની ટકાવારી ઍડ્‌મિશન માટે ખૂબ જ જરૂરી છે, પરંતુ ઓછા માર્ક્સ મેળવનાર વિદ્યાર્થી બોદો છે તેમ માની તેઓએ હતાશામાં ગરક થવાની કોઈ જ જરૂરત નથી, પરંતુ તેઓએ ઉપર કહ્યા પ્રમાણે નવી દિશાઓ તરફ ધ્યાન કેન્દ્રિત કરી નિરાશાને ખંખેરી નાખવાની જરૂરત છે.

ધોરણ-૧૨ પછી નેવલ એન્જિનિયરિંગ, ઍરફોર્સ એન્જિનિયરિંગમાં ખૂબ જ સારી તકો રહેલી છે. તે અંગેની અવારનવાર છાપામાં જાહેરાત આવે છે. આઈઆઈએસટી એટલે કે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ સ્પેસ સાયન્સ ટેકનૉલૉજીમાં બી ટેક એટલે કે બેચલર ઑફ ટેકનૉલૉજી અને બાદમાં માસ્ટર પોલ ટેકનોલૉજીનો કોર્સ તિરુવનંતપુરમમાં થાય છે. બી ટેકનો કોર્સ ૩ વર્ષનો છે. આ અંગેની એન્ટ્રસ એક્ઝામ દરેક વર્ષે જૂન માસમાં લેવાય છે અને પ્રવેશપરીક્ષા પાસ થનાર વિદ્યાર્થીએ કોઈ પણ પ્રકારની કૉલેજ ફીઝ ભરવાની રહેતી નથી તેમ જ રહેવાનું-જમવાનું સરકાર તરફથી ફ્રી આપવામાં આવે છે તેમ જ તેની બુક્સ અને પ્રૅક્ટિકલ સાધનો પણ સરકાર પૂરાં પાડે છે. પાસ થયા પછી પાંચ વર્ષ સરકારમાં નોકરી કરવી ફરજિયાત છે અને તેનો શરૂઆતનો પગાર માસિક રૂા. ૪૫૦૦૦/- છે. આમ ધોરણ-૧૨માં વિજ્ઞાનપ્રવાહમાં ઓછા માર્ક્સ મેળવનાર વિદ્યાર્થીઓ નાસીપાસ થવાને બદલે આ તરફ ધ્યાન આપે તે ખૂબ જ જરૂરી છે.

બીએસસીમાં મિનિમમ ૬૦ ટકા સાથે પાસ થનાર વિદ્યાર્થી નેવલ એન્જિનિયરિંગમાં એટલે કે નેવલ એ ટ્રાફિક કન્ટ્રોલર ઑફિસર્સની પોસ્ટ પર જવા માટેની અરજી કરી શકે છે, જેમાં પુરુષની હાઈટ ૧૫૭ સે.મી. તથા સ્ત્રીની હાઈટ ૧૫૨ સે.મી. હોવી જરૂરી છે તેમ જ તેની આંખોનું વિઝન ચોખ્ખું હોવું જરૂરી છે. તેની એન્ટ્રસ એક્ઝામ બેંગલોર, ભોપાલ, કોઈમ્બતુરમાં લેવાય છે જે દર વર્ષે લગભગ ઑગસ્ટથી નવેમ્બર માસ વચ્ચે લેવાય છે અને આવી ટેસ્ટમાં બુદ્ધિચાતુર્યની ટેસ્ટ, ચિત્રની ઓળખ, ગ્રુપ ડિસ્કશન ટેસ્ટ લેવામાં આવે છે અને તેમાં પાસ થનાર વ્યક્તિને ટ્રેનિંગ માટે બોલાવવામાં આવે છે અને આવી ટ્રેનિંગ પૂરી થયા પછી બે વર્ષ માટે પ્રોબેશન પર નિમણૂક કરવામાં આવે છે. આ પોસ્ટ પર વધારેમાં વધારે ૧૪ વર્ષ કામ કરી શકાય છે. ૧૪ વર્ષ પછી પેન્શન, ગ્રેજ્યુઈટી વગેરે લાભ મળે છે. આ પોસ્ટ પર નિમણૂક પામનાર વ્યક્તિને માસિક રૂા. ૪૫૦૦૦/-, યુનિફૉર્મ એલાઉન્સ, ડ્રાઈવિંગ એલાઉન્સ વગેરે અલગથી મળે છે તેમ જ આ ઉપરાંત ફ્રી મેડિકલ ટ્રીટમેન્ટ, કૅન્ટીન ફેસિલિટી વગેરે મળે છે અને તેઓને રહેવા માટે વેલફર્નિશ્ડ ઍકોમોડેશન મફત મળે છે તેમ જ સરકાર તરફથી કાર તથા મકાન લેવા માટે ૪ ટકા લેખે વ્યાજે લોન આપવામાં આવે છે અને સરકાર તેનો ૪૦ લાખ રૂપિયાનો વીમો ઉતારે છે. વર્ષમાં ૬૦ દિવસની રજા મળે છે અને ૨૦ દિવસની કેઝ્યુઅલ લીવ મળે છે અને તેમના ડિપેન્ડડને ફ્રી ટ્રાવેલિંગ મળે છે. આમ આ બધા પર ધ્યાન કેન્દ્રિત કરી નિરાશા ખંખેરી નાખવાની જરૂરત છે.

વધુ માહિતી માટે સંપર્ક : મોબાઈલ નં.: ૯૪૨૬૯૧૮૬૧૯



# પંચપરમેષ્ઠી

■ ડૉ. આરતી વોરા

પરમેષ્ઠી શબ્દનો સામાન્ય અર્થ જોઈએ તો જેઓ પરમ પદમાં અર્થાત્ ઊંચા સ્થાનમાં ‘જિન’ અર્થાત્ સ્થિત રહેલા હોય તે. જેઓ ઉચ્ચ સ્થાને બિરાજમાન હોય છે તેને પરમેષ્ઠી કહેવાય છે. પંચ શબ્દનો અર્થ પાંચ સંખ્યા થાય છે. પંચપરમેષ્ઠી એટલે પાંચ પરમસ્થિત, પણ એ પંચપરમેષ્ઠી કોને કહેવાય? અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ આ પાંચનું સ્થાન પંચપરમેષ્ઠીમાં રહેલું છે. આ પાંચ પૈકી અરિહંત અને સિદ્ધ દેવ છે અને આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ ત્રણ ગુરુ છે. આમ પંચપરમેષ્ઠીમાં દેવ અને ગુરુનો સમાવેશ થાય છે.

નવકાર મંત્રમાં પંચપરમેષ્ઠીને નમસ્કાર કરવામાં આવે છે તેથી તેને ‘પંચપરમેષ્ઠી નમસ્કાર’ કે ‘પરમેષ્ઠી મંત્ર’ પણ કહેવાય છે. નવકાર મંત્રનાં અન્ય નામો નમસ્કાર મંત્ર, નમસ્કાર મહામંત્ર, સિદ્ધમંત્ર, ણમોકાર મંત્ર છે. શાસ્ત્રોમાં તેને ‘પંચમંગલ’ કે ‘પંચમંગલ મહાશ્રુત સ્કંધ’ તરીકે ઓળખવામાં આવે છે. નવકાર મંત્રમાં કોઈ પણ એક ધર્મ, દેવ કે ગુરુને વંદના નહિ કરતાં મનુષ્યલોકમાં રહેલા સર્વ ક્ષેત્રના અને સર્વ કાળના સકલ દેવો અને સકલ સાધુઓને નમસ્કાર કરવામાં આવે છે એ આ મંત્રની વિશિષ્ટતા છે. હવે આપણે પંચપરમેષ્ઠી વિશે જોઈએ.

**અરિહંત** - અરહિંતને અરહંત, અરૂહંત કે અર્હત પણ કહે છે. अर्ह એટલે યોગ્ય હોવું અથવા લાયક હોવું. જેઓ રાજા-મહારાજા-દેવો વગેરે વડે પૂજાવાને યોગ્ય વીતરાગ મહાપુરુષ છે તે અરિહંત કહેવાય છે. જેઓ વંદન-નમસ્કારને યોગ્ય છે, પૂજા-સત્કારને યોગ્ય છે, સિદ્ધિગમનને યોગ્ય છે તે અર્હત કહેવાય છે. જગતમાં પ્રકાશ કરનાર, આત્મપદાર્થને બતાવનાર, ત્યાગને ફળ સહિત દેખાડનાર અરિહંત જ છે. અરિ એટલે શત્રુ અને હંત એટલે હણનાર. આમ અરિહંત શબ્દનો અર્થ શત્રુને હણનાર થાય છે. જેણે કર્મરૂપી શત્રુનો નાશ કર્યો છે, હણ્યા છે તે અરિહંત છે. અહીં શત્રુનો અર્થ વેરી કે દુશ્મન ન સમજતા આંતરશત્રુ સમજવાના છે અને તેને હણવાના છે. આપણાં મોટાંમાં મોટાં આંતરશત્રુ કે દૂષણો કષાય-રાગ-દ્વેષ છે જેને આપણે દૂર કરવાનાં છે.

અરિહંત અઢાર દોષોથી રહિત હોય છે અને બાર ગુણોથી યુક્ત હોય છે. અરિહંતના બાર ગુણો પૈકી આઠ પ્રતિહાર્ય અને ચાર મૂલાતિશય હોય છે. જે પ્રતિહારી એટલે કે સેવકની જેમ સાથે જ રહે છે તે પ્રતિહાર્ય કહેવાય છે. અશોક વૃક્ષ, સુરપુષ્પવૃષ્ટિ, દિવ્ય ધ્વનિ, ચામર, આસન, ભામંડલ, દુંદુભિ અને છત્ર આ આઠ પ્રતિહાર્ય છે. અતિશયનો અર્થ વિશિષ્ટ જ્ઞાન થાય છે.

ચાર મૂલાતિશય - જ્ઞાનાતિશય (કેવળજ્ઞાન હોવું), વચનાતિશય (પાંત્રીસ ગુણોયુક્ત વાણી હોવી), પૂજાતિશય (સૂર-અસૂર-મનુષ્યો વડે પૂજા થવી) અને અપાયાપગમાતિશય (આફત કે સંકટનો નાશ થવો) છે. જેને તીર્થંકર નામકર્મનો બંધ થયો હોય તેને અરિહંત કહેવાય છે. અરિહંતનાં ચાર ઘાતી કર્મોનો નાશ થયો હોય છે અને ચાર અઘાતી કર્મોનો નાશ કરી સિદ્ધ થાય છે. નમસ્કાર મંત્રમાં સહુથી પહેલી વંદના અરિહંતને કરવામાં આવી છે. સિદ્ધનું સ્થાન અરિહંત કરતાં ઊંચું છે, છતાં અરિહંતવંદના મોખરે છે, કારણકે અરિહંત સિદ્ધ થવાનો માર્ગ બતાવે છે. સિદ્ધ બનવામાં તે સહાયક બને છે.

અરિહંત શબ્દનું નિરૂક્ત શ્રી ભદ્રબાહુએ આવશ્યક નિર્યુક્તિમાં આ પ્રમાણે કર્યું છે :

इंद्रिय विषय कसाये, परीसहे वेदणा उवसग्गे।
एए अरिणो हंता, अरिहंता नेण पुच्चंति।।

ભાવાર્થ ઈન્દ્રિયો - (જે અપ્રશસ્ત ભાવમાં વર્તતી હોય તે)
વિષયો - (ઈન્દ્રિય ગોચર પદાર્થો - વિલાસનાં સાધનો)
કષાયો - (ક્રોધ, માન, માયા, લોભ આદિ માનસિક ભાવો)
પરિષહો - (ભૂખ, તરસ આદિના બાવીસ પ્રકારો)
વેદનાઓ - (શારીરિક અને માનસિક દુઃખના અનુભવો)
ઉપસર્ગો - (જે મનુષ્ય, તિર્યંચ કે દેવોએ કર્યા હોય તે)

આ સઘળા અંતરંગ ભાવશત્રુ છે, એ શત્રુને હણનારા અરિહંત કહેવાય છે. આચાર્ય હરિભદ્રસૂરિ કહે છે કે કર્મરૂપી બીજના અભાવથી જેનો ભવરૂપી અંકુર ઊગતો નથી તે અરિહંત છે. ધર્મતીર્થની સ્થાપના કરનાર ચતુર્વિધ સંઘની સ્થાપના કરનાર, લોકોને મોક્ષનો માર્ગ બતાવનાર અરિહંત છે. અરિહંતને તીર્થંકર, જિનેશ્વર કે સર્વજ્ઞ પણ કહેવાય છે. તીર્થંકર એટલે તીર્થની સ્થાપના કરનાર, જિનેશ્વર એટલે જિનોમાં શ્રેષ્ઠ અને સર્વજ્ઞ એટલે સર્વ પદાર્થોને તેના સર્વ ગુણો અને પર્યાયો સહિત સંપૂર્ણપણે જાણનાર અર્થાત્ ત્રણે કાળના સર્વ ભાવોને હાથમાં રહેલા નિર્મળ જળની માફક સાક્ષાત્ જોનાર.

સિદ્ધ : જેનાં ચાર ઘાતી કર્મો અને ચાર અઘાતી કર્મોનો

નાશ થયો હોય અને શુદ્ધ સ્વરૂપને પામ્યા હોય તે સિદ્ધ કહેવાય છે. જેણે બધું હાંસલ કર્યું છે, સિદ્ધિ પ્રાપ્ત કરી છે તે સિદ્ધ ભગવાન છે. જેણે આઠે કર્મોથી મુક્તિ મેળવી મોક્ષની પ્રાપ્તિ કરી હોય તે સિદ્ધ કહેવાય છે. જેમણે કર્મોનો સંપૂર્ણ ક્ષય કરી સિદ્ધશિલા પર સ્થાન મેળવ્યું છે તેવા આત્મા સિદ્ધ કહેવાય છે. સિદ્ધો સર્વ દુઃખોથી સર્વથા તરી ગયા હોય છે. જન્મ-જરા-મરણનાં બંધનોથી મુક્ત થયા હોવાથી તેઓ શાશ્વત અને અવ્યાબાધ સુખનો અનુભવ કરે છે.

શ્રી અભયદેવસૂરિજી ભગવતીજીની ટીકામાં કહે છે કે જેણે પ્રાચીન સમયથી બંધાયેલા કર્મને બાળી નાખ્યું છે, જે મોક્ષના મહેલની ટોચે પહોંચ્યા છે, જેનું શાસન પ્રવર્તી રહ્યું છે, જે સંપૂર્ણપણે કૃતકૃત્ય થયેલા છે તે સિદ્ધ ભગવંત મને મંગલ કરનારા થાઓ.

શ્રી દેશના સંગ્રહમાં જણાવે છે કે સિદ્ધ ભગવંતો અવિનાશી એવાં જ્ઞાન-દર્શન-સુખ-વીર્ય વગેરે ગુણોથી યુક્ત હોવાથી, સ્વવિષયે હર્ષનો ઉત્કર્ષ-પ્રકૃષ્ટ અનુમોદનાનો ભાવ ઉત્પન્ન કરનારા હોવાથી અને ભવ્ય જીવોને ઉપકાર કરનારા હોવાથી નમસ્કારને યોગ્ય છે.

જૈન ધર્મ સિદ્ધની સંખ્યા અનંત માને છે. સિદ્ધનું સ્થાન લોકના અગ્રિમ ભાગમાં આવેલા સિદ્ધ ક્ષેત્રમાં છે. બધાં કર્મોનો નાશ થયાં પછી પાંચ હ્સ્વાક્ષર ઉચ્ચારતા જેટલો સમય લાગે તેટલા જ સમયમાં તેઓ સીધા ઉપર જઈ સિદ્ધશિલા પર સ્થાન મેળવે છે. તેઓ આઠ કર્મોથી સંપૂર્ણ મુક્તિ પામે છે તેથી વિશુદ્ધ આત્માના આઠ ગુણોને પ્રાપ્ત કરે છે, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત અવ્યાબાધ સુખ, અનંત ચારિત્ર, અક્ષય સ્થિતિ, અરૂપીપણું, અગુરુલઘુત્વ અને અનંત વીર્ય આ આઠ ગુણો સિદ્ધના છે. સિદ્ધની ગણના અરિહંતની જેમ દેવોમાં જ થાય છે. કહેવાય છે કે 'નમો સિદ્ધાણં' મંત્રનો જાપ કરવાથી સંસારનાં બધાં દુઃખોને ટાળી શકાય છે. આત્મા અને શરીરના ભેદનું જ્ઞાન હોવાથી આત્માના ખરા સ્વરૂપનું જ્ઞાન થાય છે અને અવિનાશી સુખનો આનંદ મળે છે. નવકાર મંત્રમાં બીજા પદમાં સિદ્ધને વંદના કરવામાં આવી છે.

આચાર્ય - આચાર્ય માટે એક જ વાક્યમાં કહેવું હોય તો એમ કહી શકાય કે જે પોતે પાંચ આચાર પાળે અને બીજા પાસે પળાવે તે આચાર્ય. જે આત્મામાં ચરે તે આચાર્ય. જે સ્વમાં રહે અને પરમાંથી પીગળી જાય તે આચાર્ય કહેવાય. જે સાધુ ગચ્છના વડા હોય, આચારનું સારી રીતે પાલન કરતા હોય અને બીજાને તે આચાર પાળવાનો ઉપદેશ આપતા હોય તે આચાર્ય કહેવાય. જિન શાસનના અર્થના ઉપદેશક હોવાથી તેના અભિલાષી મનુષ્યો વિનયરૂપી મર્યાદાથી જેમની સેવા કરે છે તેમને આચાર્ય કહેવામાં આવે છે. તેઓ પંચવિધ આચારને આચરનારા અને પ્રરૂપનારા છે, તેમ જ સાધુઓને તેમના વિશિષ્ટ આચાર દર્શાવનારા હોવાથી તેઓ આચાર્ય કહેવાય છે. સૂત્ર તથા અર્થને જાણનાર, લક્ષણથી યુક્ત, ગચ્છના નાયક, ગણની ચિંતાથી વિમુક્ત એવા આચાર્ય ભગવાન અર્થની વાચના આપે છે. પાંચ પ્રકારના આચારનાં નામો જ્ઞાનાચાર, દર્શનાચાર, ચરિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર છે. તેઓ આચાર્યપદ પામતાં પહેલાં આગમ અને સૂત્રોનો પૂરો અભ્યાસ કરી તેના પર પ્રભુતા મેળવે છે. પછી અરિહંતોએ બતાવેલા મોક્ષમાર્ગને અનુસરે છે અને બીજાઓને એ માર્ગે ચાલવા સમજાવે છે. આચાર્યના છત્રીસ ગુણો હોય છે. તેઓ પાંચ વિષયોને જીતનારા, નવ વાડ સહિત બ્રહ્મચર્યને પાળનારા, ચાર કષાયોથી રહિત, પાંચ મહાવ્રતને પાળનારા, પાંચ આચારના પાળનારા, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિના પાળનારા હોય છે. સાધુઓમાં તેઓનું ઉચ્ચતમ સ્થાન હોય છે. નમસ્કાર મંત્રમાં ત્રીજા પદમાં આચાર્યને વંદના કરવામાં આવી છે.

ઉપાધ્યાય - ઉપાધ્યાય પણ સાધુની કક્ષામાં જ આવે છે. જે સાધુ જ્ઞાન અને ક્રિયાનો અભ્યાસ કરાવે તે ઉપાધ્યાય. જે બાર અંગવાળો સ્વાધ્યાય (અર્થથી) જિનેશ્વરોએ પ્રરૂપેલો છે અને (સૂત્રથી) જે ગણધરોએ કહેલો છે તે સ્વાધ્યાયનો શિષ્યોને ઉપદેશ કરે છે તેથી તે ઉપાધ્યાય કહેવાય છે. જેની પાસે જઈને અધ્યયન કરાય અને જેની સમીપે નિવાસ કરવાથી શ્રુતનો આય (અર્થાત્ લાભ) થાય છે તે ઉપાધ્યાય કહેવાય છે. જેમનાથી આધિઓ-મનની પીડા નાશ પામે છે તે ઉપાધ્યાય કહેવાય છે. તેઓ સૂત્રના જ્ઞાનમાં પારંગત હોય છે. તેઓ આચાર્ય પાસે જૈન ધર્મના સિદ્ધાંતો શીખ્યા પછી બીજાઓને શીખવવાની યોગ્યતા પ્રાપ્ત કર્યા બાદ ઉપાધ્યાયપદની પ્રાપ્તિ કરે છે. તેઓ મુનિઓને જૈન આગમો ભણાવે છે. તેમની પાસે શીખીને દરેક વ્યક્તિ સાચું જ્ઞાન, સાચી શ્રદ્ધા અને સાચો આચાર સમજીને પછી આચરણમાં મૂકી શકે છે. તેઓ આધ્યાત્મિક જ્ઞાનના પ્રતિનિધિ છે. તેમની ભણાવવાની પ્રવૃત્તિ સદા ચાલતી હોવાથી જૈન સાધુઓમાં તેમનું સ્થાન ઊંચું છે. તેઓ શ્રી અરિહંત ભગવંતોએ પ્રરૂપેલા શ્રુતજ્ઞાનનું યથાર્થ અધ્યયન કરી અન્ય સાધુઓને, અન્ય મુમુક્ષોને તેનું શિક્ષણ આપે છે, તેનો યોગ્ય વિનિમય કરે છે, તેથી ઉપાધ્યાય વંદનયોગ્ય છે. ઉપાધ્યાયના પચીસ

ગુણો હોય છે. અગિયાર અંગ શાસ્ત્રો અને બાર ઉપાંગ શાસ્ત્રોમાં નિપુણતા અને ભણાવવા તેમ જ ચારિત્ર તથા ક્રિયામાં કુશળતા મેળવવી અને અન્ય સાધુઓને તેમાં કુશળ કરવા. નમસ્કાર મંત્રમાં ચોથા પદમાં ઉપાધ્યાયને વંદના કરવામાં આવી છે.

સાધુ - સંસારમાં રહે તે સંસારી અને સંસારથી અલિપ્ત રહે તે સાધુ. નિર્વાણ અને મોક્ષમાર્ગની સાધના કરતા હોય તેને સાધુ કહેવાય. જે ચારિત્રગુણમાં સ્થિર હોય તેને સાધુ કહેવાય. પાંચ મહાવ્રતની સાથે અષ્ટ પ્રવચન, માતાનું પાલન, ગુરુકુલવાસ, ઈચ્છાકારાદિ સમાચારીનું પાલન હોય તો જ સાધુપણું ગણાય છે. જે સ્વહિતને અને પરહિતને સાધે અથવા મોક્ષના અનુષ્ઠાનને સાધે તે સાધુ કહેવાય. નિર્વાણ સાધક યોગોને-ક્રિયાઓને સાધુઓ સાધે છે અને સર્વ પ્રાણીઓ પર સમવૃત્તિને ધારણ કરે છે તેથી તેઓ ભાવસાધુ કહેવાય છે. તેઓ સાચા વૈરાગી, સંત અને મુનિ હોય છે તેથી તેઓ સંસાર છોડી ત્યાગનું જીવન જીવે છે. તેઓ દીક્ષા લેતી વખતે પાંચ મહાવ્રત ગ્રહણ કરે છે અને તેનું ચુસ્તપણે કડક રીતે પાલન કરે છે. તેઓનું જીવન રાગ-દ્વેષરહિત અને બ્રહ્મચર્યયુક્ત હોય છે. તેઓ જુદી જુદી ધાર્મિક પ્રવૃત્તિઓમાં રત રહે છે. લોકોને સત્ય, અહિંસા, નૈતિકતા, દાન, દયા, તપ વગેરેનો ઉપદેશ આપે છે. તેઓ શ્રી અરિહંત દેવોએ પ્રરૂપેલા ચારિત્ર ધર્મને અંગીકાર કરી નિર્વાણ માટે સદા પ્રયત્નશીલ રહે છે તેથી નમસ્કારને યોગ્ય છે. સાધુના સત્તાવીશ ગુણો હોય છે. પાંચ મહાવ્રત, એક રાત્રિભોજનનો ત્યાગ, છ કાય જીવોની રક્ષા, પાંચ ઈન્દ્રિયો પર સંયમ, ત્રણ ગુપ્તિનું પાલન, એક લોભનો નિગ્રહ, એક ક્ષમા રાખવી, એક આત્માની નિર્મળતા, એક વસ્ત્ર વગેરેની પડિલેહણા, એક પ્રેક્ષા ઉપેક્ષાદિ સંયમપાલન, એક પરિષહ અને એક ઉપસર્ગો સહન કરવા. નમસ્કાર મંત્રમાં સાધુઓને વંદના પાંચમાં પદમાં કરવામાં આવી છે. આ વંદના કેવળ દ્રવ્યસાધુને જ નહીં, પણ ભાવસાધુને અને સકલ લોકમાં રહેલા સર્વ સાધુને કરવામાં આવે છે.

આમ આપણે જોઈ ગયા કે અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પંચપરમેષ્ઠી છે અને તેના અનુક્રમે બાર, આઠ, છત્રીસ, પચીસ અને સત્તાવીશ ગુણો હોવાથી પરમેષ્ઠી-પંચક એકસો ને આઠ ગુણોવાળું હોય છે. ૧૦૮ની સંખ્યાને પ્રાચીનકાળથી અદ્‌ભુત રહસ્યવાળી માનવામાં આવે છે. ૧૦૮ વખત જપાયેલો મંત્ર સિદ્ધ થાય છે અને ૧૦૮ વખત કરેલી વંદના ઉત્કૃષ્ટ ગણાય છે.

જેમ રત્નોની પેટી નાની અને મૂલ્ય ઘણું હોય છે તે રીતે પંચપરમેષ્ઠીને નમન કરવારૂપ મંત્ર પ્રમાણમાં નાનો (અક્ષરો ઓછા) છે, પણ તેનું મૂલ્યફળ ઘણું છે. તે ચૌદ પૂર્વના સારરૂપ છે, તેમાં આગમો વ્યાપ્ત રહેલા છે તેથી તેને મહાશ્રુત સ્કંધ કહેવાય છે. પંચપરમેષ્ઠી મંત્રનું ફળ આ લોકમાં અર્થ, કામ, આરોગ્ય અને પરલોકમાં મુક્તિ છે. મુક્તિ ન મળે ત્યાં સુધી સદ્‌ગતિ, ઉત્તમકુળમાં જન્મ અને સદ્‌બોધની પ્રાપ્તિ તો અવશ્ય મળે જ છે.

## યુવા સંસ્કાર

આજની યુવા પેઢીને યોગ્ય માર્ગે વાળવામાં આવે તો પચાસ વર્ષ પછી ભારત વિશ્વનો શ્રેષ્ઠ દેશ ગણાશે. જેમ World Cupમાં ભારત ચૅમ્પિયન છે તેમ યુવા પેઢીમાં ખૂબ જ શક્તિ, જોમ અને ધગશ છે અને ભારત એક શક્તિશાળી રાષ્ટ્ર તરીકે બહાર આવશે.

યુવા પેઢીએ શક્તિશાળી બનવા જીવે ત્યાં સુધી સાત વ્યસન : દારૂ, માંસાહાર, જુગાર, ચોરી, શિકાર, પરસ્ત્રીગમન અને વેશ્યાગમનનો ત્યાગ કરવો જોઈએ.

ઈંદોરના એક ડૉક્ટરે પોતાના પ્રિસ્ક્રિપ્શન પેપરની પાછળ છપાવ્યું છે કે :

૧) શરાબથી કૅન્સર અને ટી.બી. થાય.
૨) ઈંડાથી મૃત્યુ અને હાર્ટઍટેક આવે
૩) માંસાહારથી આંતરડાંનું કૅન્સર, હાડકાં નબળાં અને પથરી થાય.
૪) ધૂમ્રપાનથી ફેફસાંમાં કૅન્સર, દમ, અનિદ્રા, કબજિયાત થાય.

આ બધી સૂચનાઓ દરદીઓની જાગૃતિમાં તેમ જ યુવા પેઢીને ઘણી ઉપયોગી પુરવાર થઈ શકે છે.

વધુમાં ટીવી નામના રાક્ષસે યુવા પેઢીનું સત્યાનાશ વાળ્યું છે.

ટીવીમાં નર્તકીઓને અર્ધનગ્ન દેહપ્રદર્શન માટે વીતરકો સારું એવું મહેનતાણું આપતા હોય છે, પરંતુ યુવા પેઢી પર આની અવળી અસર થાય છે. સમાજમાં ગુનાખોરી, બળાત્કાર વધતાં જાય છે. સરકારે આવી સિરિયલો પર પ્રતિબંધ લગાડવો જોઈએ. વર્તમાનના વિષમ જીવનમાં યુવા પેઢી પોતાની અંગત સૂજબૂજ વાપરી આગળ વધશે તો ભારત ૫૦ વર્ષમાં એક શક્તિશાળી રાષ્ટ્ર તરીકે બહાર આવશે.

■ શાહ પ્રવીણચંદ્ર હરજીવનદાસ (બોરીવલી)

## ડિગ્રી મેળવ્યા બાદ પગભર થવા માટે...

સામાન્ય રીતે મોટા ભાગના યુવાનોની એવી માન્યતા હોય છે કે માસ્ટર ડિગ્રી મેળવી લેવાથી તેઓ કૉર્પોરેટ કંપનીની દુનિયામાં સહેલાઈથી પ્રવેશ મેળવી શકશે! પરંતુ શૈક્ષણિક ડિગ્રીહોલ્ડર બની જવાથી કાર્ય પૂર્ણ નથી થતું. કૉર્પોરેટ કંપનીઓમાં પગલાં માંડતી વખતે જ સૌપ્રથમ તેઓના ઈન્ટરવ્યયૂમાંથી પસાર થવાનું હોય છે. તેથી ડિગ્રીહોલ્ડર યુવાનોએ પોતાના જોબ ઈન્ટરવ્યૂમાં સર્વોત્તમ અને ઉત્કૃષ્ટ પ્રકારનો દેખાવ કઈ રીતે કરી શકે તે શીખવું અત્યંત આવશ્યક બાબત છે. તે માટે ઈન્ટરવ્યૂને લગતી મહત્ત્વની જાણકારી હોવી જરૂરી છે. જેમ કેઃ રિઝ્યુમ એકદમ વ્યવસ્થિત અને પૂરતી માહિતીવાળું હોવું જોઈએ. ઈન્ટરવ્યૂમાં પુછાતા સવાલોના જવાબ કઈ રીતે આપવા, ડ્રેસિંગ, કેવી રીતે ચાલવું, ઊઠવું, બેસવું, બોડી પોશ્ચર, બોડી લેગ્વેંજ વગેરે. આ બધી બાબતોમાં નિપુણ થવા માટે જરૂરી છે તમારી પર્સનાલિટી ડેવલપમેન્ટ, કેમ કે કોઈ પણ ક્ષેત્રમાં જોબ કરવા માટે તમારી પાસે માસ્ટર ડિગ્રી ઉપરાંત તમારી પર્સનાલિટી પણ એક પ્રભાવ પાડી શકે તેવી હોવી જરૂરી છે. તમારુ વ્યક્તિત્વ અને સ્ટાઈલ, વર્તન કંપની અને જોબની રિક્વાયરમેન્ટ અને કૉર્પોરેટ કલ્ચર સાથે મૅચ સાથે તેવું હોવું અત્યંત આવશ્યક છે.

ઈન્ટરવ્યૂ શબ્દ મોટા ભાગના યુવાનોના મનમાં એક ''ફીયર ફેક્ટર'' ઊભું કરે છે. ડિગ્રી ક્વૉલિફિકેશન, ટેલેન્ટ, સ્કીલ હોવા છતાં શા માટે આવું બને છે ? કારણ કે ઈન્ટરવ્યૂ લેનાર પેનલ સામે પોતાને યોગ્ય રીતે કેમ રજૂ કરી શકાય તે બાબતથી અજાણ હોવાને કારણે આ ભય મનમાં ઉત્પન્ન થાય છે અને નર્વસનેસને લીધે તમને સાદા પ્રશ્નોના જવાબ આપવાનું પણ મુશ્કેલીભર્યું લાગે છે. સૌપ્રથમ તમારા ઈષ્ટદેવનું સ્મરણ કરો, પૂરી શ્રદ્ધા અને ભાવ સાથે પ્રાર્થના કરો અને આગળ વધો, તમે ચોક્કસ તમારા ધ્યેય સુધી પહોંચી શકશો. તમે એક બાબત પર ફોકસ કરશો તો તમારું ટેન્શન દૂર થઈ જશે. તમારે જે કાર્ય પર ફોકસ કરવાનું છે તે કાર્ય એકદમ સહેલું છે. તમારે ઈન્ટરવ્યૂમાં એકદમ કોમન અને સિમ્પલ પ્રશ્નો હોય છે કે જેના જવાબ થોડા ટ્રીકવાળા હોઈ શકે, તેના તમારે કુશળતાપૂર્વક, યોગ્ય રીતે સાચા જવાબો આપવાના છે. જે મુખ્યત્વે તમારા પોતાના વિશે જ હશે. જેનું જ્ઞાન પૂર્ણ તથા તમારી પાસે છે જ. તમારૂ ક્વૉલિફિકેશન, એજ્યુકેશન, એબિલિટીઝ, સ્કીલ સેટ, ટેલેન્ટ, બસ આટલું વિચારશો તો ઈન્ટરવ્યૂ દેવો તમારે માટે ખૂબ સહેલો બની જશે.

સૌપ્રથમ તો તમારું રિઝ્યુમ ખૂબ જ વ્યવસ્થિત રીતે બનાવેલું હોવું જરૂરી છે. ઈન્ટરવ્યૂના સ્થળ પર સમયસર પહોંચવું અત્યંત મહત્ત્વપૂર્ણ છે. તમે કંપનીમા જે પોસ્ટ અથવા પોઝિશન માટે એપ્લાય કરેલું છે તેની રિક્વાયરમેન્ટ મુજબનું ક્વૉલિફિકેશન, સ્કીલ સેટ તમારી પાસે હોવા જરૂરી છે. એ સાથે જ કંપનીના બ્રેકગ્રાઉન્ડ વિશે પણ તમારી પાસે પૂરતી માહિતી હોવી જરૂરી છે, કારણકે ઈન્ટરવ્યૂના ટાઈમ પર તમને એવા સવાલ પૂછી શકવાની શક્યતા છે જેમ કે તમે આ જોબ શા માટે જોઈન કરવા માગો છો? અથવા તમે કઈ રીતે વિચાર્યું કે તમે આ જોબ માટે યોગ્યતા ધરાવો છો?

ત્યારે તમે કંપનીના રીક્વાયરમેન્ટ મુજબ ક્વૉલિફાઈડ અને કંપનીના બેકગ્રાઉન્ડ વિશે માહિતી ધરાવતા હશો તો આ સવાલોના જવાબ આત્મવિશ્વાસપૂર્વક આપી શકશો. Mentally Prepared for this તમારું કૉમ્યુનિકેશન સ્કીલ ઉત્તમ હોવું જરૂરી છે, કેમ કે જોબ પ્રોફાઈલમાં કસ્ટમર, કલ્યાયન્ટ અને મૅનેજમેન્ટ સાથે ડીલિંગમાં આ બાબત એકદમ આવશ્યક છે,

જ્યારે તમે ઈન્ટરવ્યૂ આપવા માટે કૅબિનમાં દાખલ થાવ છો ત્યારે એવું ક્યારેય ના વિચારો કે એમ્પલોયર (ઈન્ટરવ્યૂ લેનાર ઑફિસર) સમક્ષ માત્ર તમે જ વાત કરી રહ્યા છો, કારણકે એ ટાઈમ પર તમારા બોડી લેંગ્વેજની અશાબ્દિક ભાષા તમારી આંતરિક મનોસ્થિતિને રજૂ કરે છે. અંદર દાખલ થતી વખતે પ્રથમ ૩૦ સેકન્ડસ તમારા માટે ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે. એ પ્રથમ ૩૦ સેકન્ડ દરમિયાન તમારા વિશે એક ચોક્કસ ઈમ્પ્રેશન એમ્પોલયરના મનમાં પડે છે. એના માટે તે પોતાનું ધ્યાન તમારી જે બાબતો પર કેન્દ્રિત કરે છે તે આ પ્રમાણે છે! તમારો ઈતિહાસ, ડ્રેસીંગ, બોડી લેંગ્વેજ (તમારી ચાલ, પોશ્ચર, ચહેરાના હાવભાવ આઈ કૉન્ટેક્ટ) આ બધી બાબતો તમે નોર્મલ રીતે તમારા વર્તનમાં વણી શકો તે માટે જરૂરી છે તમારો આત્મવિશ્વાસ, જો તમે આત્મવિશ્વાસથી સભર હશો તો તમારી જાતને એમ્પલોયર સમક્ષ કુશળતાપૂર્વક રજૂ કરી શકશો. જ્યારે તમને સીટ પર બેસવાનું કહેવામાં આવે ત્યારે Thank you, અવશ્ય કહો અને ટટ્ટાર બેસો. ચહેરા પર સ્મિત જાળવી રાખો. તમારા હાથનું, માથાનું બિનજરૂરી હલનચલન ટાળો. આઈ કૉન્ટેક્ટ જાળવીને વાત કરો. આંખોની મુવમેન્ટ બહુ ના કરો.

તમારું લીસનિંગ સ્કીલ પાવરફૂલ હોવું જરૂરી છે કેમ કે તમને જે કાંઈ સવાલો પુછાય તે તમે ધ્યાનપૂર્વક સાંભળશો તો જ તમે તેના સચોટ જવાબ આપી શકશો જે તમને જોબ માટે સિલેક્ટ થવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે, તેથી લીસનિંગ સ્કીલ (સાંભળવાની કળા) કેળવવું અત્યંત મહત્ત્વની બાબત છે. સ્વામી વિવેકાનંદે કહેલું છે, 'આત્મવિશ્વાસ સૌથી મોટી મૂડી છે તેના આધારે ઘણા જંગ જીતી શકાય છે.'

**પારુલ સોલંકી (સાભાર)**

# ભાવપૂર્વક સ્મરણાંજલિ

**અવનિ પર અવતરણ**
**તા. ૪-૧૧-૧૯૪૦**
**(જેતપુર)**



**અરિહંતશરણ**
**તા. ૧૩-૫-૨૦૦૯**
**(મુંબઈ)**

## અ.સૌ. શ્રીમતી મંજુલાબહેન મનસુખલાલ દોશી

**(મૂળ વતન : મેદરડા - હાલ : ઘાટકોપર)**

તમો નથી અમારી પાસ,
થતો નથી હજુ અમોને વિશ્વાસ,
રહ્યો સદાયે હસાવતો સાથ,
રહી દુનિયામાં તમારી સુવાસ,
રહેશે જીવનમાં તમારી સ્મૃતિ,
અમોને નથી થવાની તેની પૂરતી,
મળે છે દેહ માટીમાં, પણ માનવીનું નામ જીવે છે.
મૃત્યુ પામે છે માનવી પોતે, પણ તેનાં સતકર્મો જીવે છે.
અરિહંત પ્રભુ સદ્‌ગત આત્માને શાશ્વત સુખ અને પરમ શાંતિ આપે
એવી અમારા સૌની પ્રાર્થના

**શ્રીમાન મનસુખલાલ છગનલાલ દોશી પરિવાર**
**પુત્રો - પ્રદીપભાઈ, વિરલભાઈ, સંજયભાઈ**
**પુત્રવધૂ :- નીતાબહેન, તૃપ્તિબહેન, મીનલબહેન**
**પુત્રી : પ્રીતિબહેન રાહુલભાઈ દેસાઈ**
**બાળગોપાળ : કેજલ, ભક્તિ, અવિત સ્મિત, મીત, વર્ષીલ, અદિતિ, પ્રિયાંશી**

# પિરામિડ વાસ્તુ

■ શ્રીમતી મીનાક્ષી શેઠ (પિરામીડ વાસ્તુ એક્સપર્ટ)

ભાગ – ૨

ગયા અંકમાં આપણે પિરામિડ વિષે જાણ્યું. પિરામિડ જીવનનાં ઘણાં જ પાસાં માટે ઉપયોગમાં લેવાય છે. ખાસ કરીને જ્યારે ઘરમાં વાસ્તુદોષ હોય, ઘરમાં નેગેટિવ એનર્જી હોય ત્યારે તેને પિરામિડ દ્વારા પૉઝિટિવમાં કન્વર્ટ કરી શકાય છે, પણ એના માટે આપણે આપણા ઘરનું વાસ્તુ સમજવું જરૂરી છે. આપણે જે ઘરમાં રહીએ છીએ, જીવનનો ૭૫ ટકા ભાગ જે ઘરમાં વિતાવીએ છીએ એ ઘરનું મહત્ત્વ અને વાસ્તુ વિષે જાણવું ખૂબ જ જરૂરી છે.

स्त्रीपुत्रादिक भोगसौख्यजनकं धर्मार्थ काय प्रदिमं।
जन्तुनामयनं सुखास्पदमिदं शीतांबुधर्मापहम्
वापीदेव गृहादिपुण्यमखिलं गेहात्समुत्थद्यते
गेहं पूर्वमुशन्ति तेन विबुधाः श्री विश्वकर्मादय।।

અર્થાત્ સ્ત્રી, પુરુષ, મિત્ર આદિનાં ભોગ તથા સુખને ઉત્પન્ન કરનાર ધર્મ, અર્થ તથા કામ આપનાર, જીવોનું નિવાસસ્થાન સુખોનું પ્રધાન સ્થાન, ઠંડી, ગરમી અને વરસાદથી બચાવનાર, વાવ, કૂવો, જળાશય અને દેવાલયનું સંપૂર્ણ પુણ્ય આપનાર ઘર જ છે એમ બ્રહ્માજીના પુત્ર વિશ્વકર્મા અને ઋષિમુનિઓ કહી ગયા છે.

'ધરતીનો છેડો ઘર' એ એકદમ સાચી હકીકત છે. ઘર મનુષ્યનું સર્વોત્તમ કાર્યક્ષેત્ર છે. ઘર મનુષ્યની પ્રતિષ્ઠાનું પ્રતીક છે. જૂના સમયમાં કહેવાતું કે જેને ગામમાં પોતાનું ઘર ન હોય અને સીમમાં ખેતર ન હોય તેને ત્યાં પોતાની દીકરી દેવી નહીં.

સૂર્ય, ચંદ્ર આદિ આકાશનાં ગ્રહો, નક્ષત્રો રાશિઓ આદિની અસર પ્રમાણે ઋતુચક્ર ફર્યા કરે છે. ઠંડી, ગરમી, વરસાદ, વાતાવરણ, પર્યાવરણ, ગુરુત્વાકર્ષણ, વિદ્યુત ચુંબકીય મોજાં, વૈશ્વિક કિરણો આદિ અનેક બાહ્ય પરિબળો સામે વાતાવરણમાં વધતા-ઘટતા સૂક્ષ્માતિસૂક્ષ્મ કીટાણુઓ, વાયરસ આદિ સામે ઘર સુરક્ષિત રહેવું જોઈએ. એ સિદ્ધાંત સમજાવવા ઋષિમુનિઓએ વાસ્તુશાસ્ત્રની, શિલ્પશાસ્ત્રની રચના કરી છે.

આપણાં ધર્મશાસ્ત્ર-વેદો, પુરાણો દરેકમાં વાસ્તુનો સવિશેષ ઉલ્લેખ છે. સ્થાપત્ય વેદમાં નગરશિલ્પ, દુર્ગશિલ્પ, વિમાનશિલ્પ, નૌકાશિલ્પ અને રથશિલ્પ વગેરેનો સમાવેશ થાય છે.

વિશ્વકર્માજીએ સૃષ્ટિની રચના બ્રહ્માજીના કહેવા પ્રમાણે કરી હતી. આપણી પૃથ્વીના સમગ્ર વાતાવરણને પર્યાવરણની ઊર્જાને બેલેન્સ કરવા વાસ્તુશાસ્ત્ર રચાયું છે. આ સૃષ્ટિની જેમ આપણી કાયા પણ પંચમહાભૂત તત્ત્વોથી બનેલ છે. પૃથ્વી, વાયુ, અગ્નિ, અવકાશ અને જળ આ પાંચે તત્ત્વોનું સમતુલન માનવમાત્રને શાંતિ, આરોગ્ય, પ્રગતિ, સમૃદ્ધિ, વિકાસ અને માનસિક સંતોષ આપે છે. જેમ શરીરમાં આ તત્ત્વોનું અસમતુલન થાય તો શરીરનું સ્વાસ્થ્ય બગડે છે, એવી જ રીતે ઘરમાં જે દિશાએ જે તત્ત્વ પ્રમાણેનું જે સ્થાન હોવું જોઈએ તે ન હોય તો ઘરનું સ્વાસ્થ્ય બગડે એટલે કે વાસ્તુદોષ ઉત્પન્ન થાય છે.

વાસ્તુમાં મુખ્ય ચાર દિશા, ચાર ઉપદિશા, બ્રહ્મસ્થાન અને મુખ્ય દ્વારનું મહત્ત્વ હોય છે. ઉત્તર, પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ એ આપણી મુખ્ય ચાર દિશાઓ છે. ઈશાન, અગ્નિ, નૈઋત્ય, વાયવ્ય એ ચાર ખૂણા અથવા ઉપદિશા કહેવાય છે. ઘરનું મધ્યસ્થાન એ બ્રહ્મસ્થાન કહેવાય છે. કઈ દિશામાં કયું તત્ત્વ રહેલું છે? અને કંઈ દિશામાં ઘરમાં શું હોવું જોઈએ? અગર દિશા પ્રમાણે ઘરનું બાંધકામ નથી તોય નેગેટિવ ઊર્જા ઉત્પન્ન થાય છે. એ નેગેટિવ ઊર્જાને પિરામિડ દ્વારા પૉઝિટિવમાં કેવી રીતે ફેરવી શકાય વગેરે દરેક પાસાંની હવે આપણે આગળના અંકોમાં ચર્ચા કરીશું.

सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामयाः।
सर्वेभद्रणि पश्यन्तु मा कश्विद दुःख भाग्यवेत्।।


વગર દવાએ સરળ ઉપચારથી
રજવાડીઠાઠથી જીવવાની કળા

હાર્ટના બ્લોકજેસ ઓછા કરવા • કમર અને સાઈટીકાનો દુખાવો • સ્પોંડીલાઇસીસ • ઘુંટણનો દુઃખાવો • માઇગ્રેન • ડિપ્રેસન • વજન ઘટાડવૂ • અન્યરોગોના ઇલાજ માટેની સલાહ અને ઉપાયો કોઈપણ જાતની દવા આપ્યા વગર તેમજ આપ લો છો એ દવા બંધ કરાવ્યા વગર ફકત બાહરી ઉપચાર, કોઈપણ આડઅસર વગર, જોખમ વગર અને લાભકારી નીચેની અલટરનેટીવ થૈરાપીને ઉપયોગ કરી • મેરીડીયન મસાજ થૈરાપી એક્યુપ્રેસર થૈરાપી • પાસ થૈરાપી • બુંહાગ ઇન્સટુમેન્ટ બધી મેરીડયનોલોજી પર આધારિત તેમજ નેચરોપેથી થૈરાપીના નિષ્ણાત.

આપના ઘરે આવીને તપાસીને સચોટ ઇલાજ કરવામાં આવશે

Raajendra S. Shah (Sr. therapist) Matunga, Mumbai.
Mob.: 9820002953 • Tel.: 022-24121234

# લગ્નઇચ્છુક યુવક-યુવતીઓની યાદી

લગ્નઈચ્છુક યુવક-યુવતીઓની યાદીમાં છપાવવા માટે નામ મોકલનાર વડીલોને ખાસ વિનંતી કે BIO-DATAમાં મોકલનારનું નામ, સહી તેમ જ ફોન નંબર/મોબાઈલ નંબર સ્વચ્છ અક્ષરમાં મોકલે. જે.જે.સી.-સેન્ટ્રલ બોર્ડની ઑફિસ દ્વારા તેઓનો સંપર્ક ટેલિફોન દ્વારા થયા બાદ જ તેમની વિગત ''જાગૃતિ સંદેશ''માં છાપવામાં આવશે. BIO-DATA મોડામાં મોડા દરેક મહિનાની ૩૦ તારીખ સુધીમાં ઑફિસમાં મળી જવો જોઈએ. મોડી Entry ત્યાર પછીના અંકમાં છાપવામાં આવશે.

## યુવતી

| નં. | નામ, જન્મતારીખ, ઊંચાઈ, અભ્યાસ, વ્યવસાય | ધર્મ, મૂળ વતન, હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | ભાવિકા વિનયભાઈ શાહ, ૨૪-૧૨-૧૯૮૪, ૫'-૦'<br>Home Science, Interior Designer & Decoration, – ટ્યુશન | વીસા શ્રી. શ્વે. દેરા. જૈન<br>ખંભાત – કાંદિવલી (ઈસ્ટ) | (ઘર) ૨૮૮૭૦૨૪૫<br>(મો) ૯૮૨૧૩૮૨૦૨૯ |
| ૨) | દિપાલી બિપીનચંદ ઝવેરી, ૨૬-૪-૧૯૭૬, ૫'-૦''<br>S.S.C. – (હળવો મંગળ છે) | સુરત વી.ઓ.શ્વે.દેરા.જૈન<br>સુરત – મુંબઈ | (મો) ૯૮૨૦૪૯૪૩૫૦<br>૯૭૬૯૦૫૮૭૧૫ |
| ૩) | દિશા ભરતકુમાર શાહ, ૫-૩-૧૯૮૪, ૫'-૧''<br>M.Com., – બિઝનેસ – બ્રાઈડલ મેંદી / મેકઅપ | વીસા શ્રીમાળી દેરા. જૈન<br>સુરત – ઘાટકોપર | (ઘર) ૨૧૦૨૨૮૧૨<br>(મો) ૯૮૬૯૩૧૭૬૨૩ |
| ૪) | મેઘા રાજેન્દ્રકુમાર શાહ, ૭-૬-૧૯૮૪, ૫'-૨''<br>B.M.S., M.B.A., – Kotak Mahindra Bankમાં સર્વિસ | વીજા. વીસા ઓ. જૈન<br>વીજાપુર – સાંતાક્રુઝ (વે) | (ઘર) ૨૬૬૦૫૧૦૪<br>(મો) ૯૩૨૨૨૨૭૫૭૧ |
| ૫) | નિધિ હસમુખરાય શાહ, ૧૧-૪-૧૯૭૪, ૫'-૨''<br>ડિપ્લોમા ઇન ઓપ્થાલ્મિક ટેક્નો. – પ્રતિષ્ઠિત હૉસ્પિટલમાં સર્વિસ | વીસા ઝાલા. સ્થા. જૈન<br>ધ્રાંગધ્રા – અંધેરી (વેસ્ટ) | (ઘર) ૨૬૨૧૧૧૭૮<br>(મો) ૯૮૨૦૦૯૬૩૦૩ |
| ૬) | નેહા સુરેશભાઈ શાહ, ૧૦-૧૧-૧૯૮૦, ૫'-૩''<br>MPE, DFM, M.Com., B.Com., – સર્વિસ (આસિ. મૅનેજર) | ઘો. વીસા શ્રી. દેરા. જૈન<br>શિહોર – વડાલા | (ઘર) ૨૪૧૨૧૭૯૦<br>(મો) ૯૮૬૭૮૪૫૦૦૫ |
| ૭) | પાયલ વિજયભાઈ ઝવેરી, ૧૭-૪-૧૯૮૧, ૫'-૪''<br>B.Com., M.B.A., INIFD Pre for USA – (ઘર-૨૪૯૮૫૭૮૭) | વીસા શ્રીમાળી દેરા. જૈન<br>પાટણ – વરલી (મુંબઈ) | (ઑ) ૨૪૯૮૫૭૮૭<br>(મો) ૯૮૯૨૯૬૬૭૭૯ |
| ૮) | દીપ્તિ ભુપતરાય ઠોસાણી, ૨૯-૫-૧૯૮૧, ૫'-૨''<br>B.Com.+Compute Telly Pursuing MBA, – સર્વિસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>સાવરકુંડલા – મલાડ | (ઘર) ૨૮૮૩૦૩૦૮૨૭/૨૧૧૪<br>(મો) ૯૬૧૯૭૦૭૪૯૪ |
| ૯) | પૂજા નીતિનભાઈ મહેતા, ૨૩-૭-૧૯૮૫, ૫'-૫''<br>M.Sc., M.Ed. – | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>હાલ રાજકોટ | (ઘર) ૦૨૮૧૦-૬૫૯૬૮૯૫<br>(મો) ૯૪૨૮૪૬૫૯૭૭ |
| ૧૦) | રુચિતા હરેનભાઈ ઝવેરી, ૧૫-૭-૧૯૮૬, ૫'-૫''<br>B.Com., – સર્વિસ (મંગળ છે) | દશા શ્રીમાળી દેરા. જૈન<br>હાલ સુરત | (ઘર) ૦૨૬૧-૨૪૧૦૧૦૧<br>(મો) ૯૮૨૫૭૯૩૩૩૦ |
| ૧૧) | સોનલ સનતભાઈ ગાંધી, ૨૫-૧૦-૧૯૭૭, ૫'-૦''<br>B.Com., Account Assistance Course & D.T.P. – | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>ગોંડલ – ગિરગામ | (ઘર) ૨૩૮૮૭૩૮૫<br>(મો) ૯૬૧૯૨૪૫૫૩૯ |
| ૧૨) | ઉન્નતિ શરદભાઈ શેઠ, ૩-૮-૧૯૮૩, ૪'-૧૧''<br>એમ.સી.એ., – બિઝનેસ | શ્વેતા. તપગચ્છ દેરા. જૈન<br>માંગરોળ – ઘાટકોપર | (ઘર) ૨૫૧૧૪૩૪૫<br>— |
| ૧૩) | જુલી નવીનચંદ્ર દોશી, ૩-૯-૧૯૭૯, ૫'-૪''<br>S.Y.B.Com., – (મંગળ છે – છૂટાછેડા લીધેલ છે) | વિજા.વી.ઓ.શ્વે.મૂ.પૂ.જૈન<br>વિજાપુર – ભાઈન્દર | (મો) ૯૯૬૯૯૬૩૧૦૦<br>૯૩૨૪૭૨૧૧૮૭ |

| | | | |
|---|---|---|---|
| ૧૪) | સોનલ અશોકભાઈ મહેતા (૧૨-૫-૧૯૭૭), ૫'-૨''<br>B.Com., – કૉમ્પ્યુટર ઑપરેટિંગ-ગ્રાફિક્સ-એકાઉન્ટિંગ (ટેલી ૫.૪) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>ભુંભલી – ઘાટકોપર | (ઘર) ૨૫૦૬૨૨૨૦<br>(મો) ૯૮૯૨૦૦૨૬૬૦ |

# યુવક

| નં. | નામ, જન્મતારીખ, ઊંચાઈ, અભ્યાસ, વ્યવસાય | ધર્મ, મૂળ વતન, હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | અંકિત નરેન્દ્રભાઈ ગાંધી, ૧૧-૧૧-૧૯૮૧, ૫'-૧૦''<br>B.E., – સર્વિસ | દેરાવાસી જૈન<br>વેજલપુર – યુ.એસ.એ. | (ઘર) ૨૮૫૭૪૧૦૩<br>(મો) ૯૩૨૩૭૦૫૨૮૬ |
| ૨) | ભાવેશ સનતભાઈ ગાંધી, ૨૫-૧૧-૧૯૮૨, ૫'-૭''<br>H.S.C., – બિઝનેસ (ઑટોમોબાઈલ અને પ્રિન્ટિંગ) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>ગોંડલ – ગિરગામ | (ઘર) ૨૩૮૮૭૩૮૫<br>(મો) ૯૯૮૭૭૬૭૭૪૫ |
| ૩) | ભાવેશ સનમુખરાય વૈદ, ૧૮-૩-૧૯૭૪, ૫'-૬''<br>S.S.C., – બિઝનેસ (સગપણ તૂટેલ છે) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>બિલખા – રાજકોટ | (ઘર) ૨૩૭૬૨૬૩<br>(ઑ) ૨૨૨૬૬૪૦ |
| ૪) | ભૌતિક જિતેન્દ્રકુમાર નાવડિયા, ૨૬-૪-૧૯૮૧, ૫'-૩''<br>S.Y.B.Com., – બિઝનેસ | નવગામ ભાવસાર<br>ભાવનગર – સાંતાક્રુઝ | (ઘર) ૨૬૦૪૮૭૨૦<br>(મો) ૯૮૧૯૦૦૮૦૪૬ |
| ૫) | ચેતન હસમુખભાઈ શાહ, ૨૯-૭-૧૯૭૫, ૫'-૬''<br>B.Com., – બિઝનેસ (છૂટાછેડા લીધેલ છે) | વીસા શ્રીમાળી દેરા. જૈન<br>લાઠીદળ – બોરીવલી | (મો) ૯૮૬૯૫૨૯૮૦૦<br>— |
| ૬) | ધવલ અશ્વિનભાઈ મહેતા, ૨૨-૯-૧૯૮૫, ૫'-૧૧''<br>B.Com., M.B.A. – | —<br>— | (મો) ૯૩૨૪૬૭૨૯૯૧<br>— |
| ૭) | હેમેન વિપિનભાઈ મહેતા, ૬-૧૨-૧૯૮૨, ૫'-૭''<br>B.Com., – બિઝનેસ (મંગળ છે) | સ્થાનકવાસી જૈન<br>મોરબી – બોરીવલી (વે) | (ઘર) ૨૮૯૧૮૩૬૯<br>(મો) ૯૩૨૧૭૧૬૭૭૫ |
| ૮) | હિતેષ કમલભાઈ ગોલ્છા, ૫-૨-૧૯૮૫, ૫'-૫''<br>MBA, BMS, IB, – | શ્વેતાંબર જૈન (મારવાડી)<br>ફાલોડી (રાજ.)-જુહુ | (મો) ૯૮૩૩૪૦૪૦૪૦<br>૯૩૨૪૫૬૩૩૭૩ |
| ૯) | જય મનીષભાઈ પારેખ, ૧૮-૨-૧૯૮૫, ૫'-૮''<br>ડિપ્લોમા ઇન પ્રોફેશનલ ઍરપોર્ટ મૅનેજમેન્ટ – સર્વિસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>ગોંડલ – રાજકોટ | (ઘર) ૨૪૭૩૬૯૩<br>— |
| ૧૦) | જિગર હર્ષદભાઈ શાહ, ૨૭-૯-૧૯૮૨, ૬'-૨''<br>C.A., ICAI, – સર્વિસ (આસિસ્ટન્ટ મૅનેજર) (મંગળ છે) | ઘોઘારી વી. શ્રી. દેરા. જૈન<br>શિહોર – વડાલા | (મો) ૯૮૧૯૭૯૯૫૪૭<br>૯૮૬૭૮૪૫૦૦૫ |
| ૧૧) | કૌશલ વિનોદભાઈ શાહ, ૧૮-૧૦-૧૯૮૧, ૫'-૬''<br>F.Y.J.C. – બિઝનેસ (છૂટાછેડા લીધેલ છે, મંગળ છે) | વીસા ઓસ. દેરા. જૈન<br>પ્રભાસપાટણ – બોરીવલી | (ઘર) ૨૮૦૫૯૯૧૦<br>(મો) ૯૮૯૨૦૧૬૩૬૭ |
| ૧૨) | મેહુલ મહેન્દ્રભાઈ શાહ, ૨૩-૧-૧૯૮૧, ૫'-૧૦''<br>T.Y.B.Com., – ડાયમંડમાં સર્વિસ-મૅનેજર | દેરાવાસી વીસા ઓ. જૈન<br>વેરાવળ – બોરીવલી (વે) | (ઘર) ૨૮૯૮૪૩૯૫<br>(મો) ૯૯૨૦૩૦૪૦૪૩ |
| ૧૩) | નિમિશ ભરતભાઈ પારેખ, ૩-૭-૧૯૮૨, ૫'-૭''<br>12th Pass – સર્વિસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>ગોંડલ – રાજકોટ | (મો) ૮૧૨૮૫૩૫૫૬૨<br>(ઑ) ૨૪૭૩૬૯૩ |
| ૧૪) | નિશિત ચેતનભાઈ શાહ, ૧૪-૮-૧૯૮૬, ૫'-૬''<br>B.E. Chem., P.G.D.B.M. – સર્વિસ | રોહીડા વી. પો. દેરા. જૈન<br>નવસારી – બોરીવલી | (મો) ૯૮૨૧૪૮૩૪૨૯<br>— |

| નં. | નામ, જન્મતારીખ, ઊંચાઈ, અભ્યાસ, વ્યવસાય | ધર્મ, મૂળ વતન, હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧૫) | નિકુંજ હેમેન્દ્રભાઈ શાહ, ૧૩-૩-૧૯૮૫, ૫'-૯''<br>B.Com., MBA, – બિઝનેસ (મંગળ છે) | વીસા ઓસ. દેરાવાસી જૈન<br>પ્રભાસપાટણ-બોરીવલી | (ઘર) ૨૮૬૨૨૭૧૨<br>(મો) ૯૩૨૩૮૧૦૩૪૩ |
| ૧૬) | પીયૂષ પ્રેમચંદ શાહ, ૨-૧-૧૯૭૮, ૫'-૪''<br>C.A., – સર્વિસ (ત્રણ વખત સગપણ તૂટેલ છે) (શનિ છે) | હા. વી. ઓ. જૈન-જામનગર<br>તરઘરી દેવરિયા-અંધેરી | (ઘર) ૨૬૮૩૯૯૮૧<br>(ઑ) ૨૮૨૧૪૬૬૯ |
| ૧૭) | સોહિલ ભરતકુમાર શાહ, ૩૦-૯-૧૯૮૨, ૫'-૧૦''<br>B.E. (Electronics & Telecom) – બિઝનેસ | કાંઠા સત્તા. વીસા શ્રી. જૈન<br>આગલોડ – અંધેરી | (ઘર) ૨૮૩૭૦૯૧૩<br>(ઑ) ૨૨૯૭૮૧૬૦ |
| ૧૮) | સંદીપ શશિકાંતભાઈ કરાણિયા, ૪-૧૨-૧૯૮૧, ૫'-૭''<br>B.Com., – બિઝનેસ (છૂટાછેડા લીધેલ છે) | હા. વી. ઓ. (જામનગર)<br>લાખાબાવડ – ભિવંડી | (ઘર) ૦૨૫૨૨-૨૫૫૩૨૭<br>(મો) ૯૯૭૦૨૫૭૩૮૩ |
| ૧૯) | સમકિત સુરેશભાઈ તલાજિયા, ૨૦-૨-૧૯૮૫, ૫'-૬''<br>Bachelor in Management Pursuing for M.B.A., – સર્વિસ | ભાવસાર-દેરાવાસી જૈન<br>વરતેજ – મુંબઈ | (ઘર) ૨૨૨૨૦૫૩૯૪૩<br>(મો) ૯૮૧૯૮૮૩૬૯૦ |
| ૨૦) | તેજસ હર્ષદભાઈ શાહ, ૨૧-૬-૧૯૮૩, ૫'-૧૧''<br>B.Com., – બિઝનેસ | દશા શ્રીમાળી ઝા. દેરા. જૈન<br>ધ્રાંગધ્રા – સાયન | (ઘર) ૨૪૦૮૩૫૩૮<br>(મો) ૯૮૨૦૩૯૬૧૯૨ |
| ૨૧) | તેજસ સુરેશભાઈ શાહ, ૧૫-૧૧-૧૯૮૨, ૫'-૧૧''<br>B.E., M.E., PGDBM – | નવસારી વિભાગ વી. પો.<br>નવસારી – અંધેરી | (ઘર) ૨૬૮૩૨૯૪૪<br>(ઑ) ૨૬૭૧૧૩૧૨ |
| ૨૨) | વીરેન પ્રવીણચંદ્ર શાહ (દોઢીવાળા), ૧૫-૬-૧૯૭૭, ૫'-૬''<br>B.Com., MCSD, PGDCA – સર્વિસ (સોફ્ટવેર ડેવલપર) | દશા ઝાલાવાડી સ્થા. જૈન<br>થાનગઢ – બોરીવલી | (ઘર) ૨૮૯૮૫૫૬૮<br>(મો) ૯૮૭૦૦૭૯૬૦૮ |
| ૨૩) | વિશાલ હસમુખભાઈ શાહ, ૨૧-૯-૧૯૭૮, ૫'-૬''<br>B.Com., Dip. in Advertising-Business | વીસા શ્રીમાળી દેરા. જૈન<br>લાઠીદળ – બોરીવલી | (મો) ૯૮૧૯૬૫૭૦૪૯<br>— |
| ૨૪) | વિપુલ રમેશભાઈ મહેતા, ૧૩-૧-૧૯૭૬, ૫'-૮''<br>C.A., CISA (USA CERT) – સર્વિસ (મો.: ૯૮૨૦૨૪૫૪૬૩) | દશા શ્રીમાળી દેરા. જૈન<br>ગાલા-મોરબી-ચાંદિવલી(મું) | (ઘર) ૨૫૦૬૦૩૫૭<br>(ઑ) ૬૬૮૮૪૦૦૦ |
| ૨૫) | મનીષ મનસુખલાલ ચંદરિયા, ૨-૧-૧૯૭૭, ૫'-૮''<br>B.Com., Computer – સર્વિસ (છૂટાછેડા લીધેલ છે) | હા. વી. ઓ. જૈન-જામનગર<br>રાવલસર – ભિવંડી | (ઘર) ૦૨૫૨૨૨૨૩૧૬૩<br>— |
| ૨૬) | વિશાલ બિપીનચંદ્ર ઝવેરી, ૮-૧૨-૧૯૭૩, ૫'-૬''<br>S.S.C., – ડાયમંડ એસોર્ટર-શૅરબજાર (હળવો મંગળ છે) | સુરત વીસા ઓસ. દેરા. જૈન<br>સુરત – મુંબઈ | (મો) ૯૭૬૯૦૫૮૭૧૫<br>૯૯૨૦૬૯૩૩૮૮ |
| ૨૭) | રાજન કિરીટકુમાર મહેતા (૭-૪-૧૯૮૫) ૫'-૧૦''<br>H.S.C., – પ્રિન્ટિંગનો બિઝનેસ (મંગળ છે) સગપણ મૂકેલ છે | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>વરાડિયા – ઘાટકોપર | (ઘર) ૨૧૦૨૩૭૭૪<br>(મો) ૯૮૨૧૪૪૨૮૫૦ |
| ૨૮) | મિતુલ ભુપતરાય ઠોસાણી (૧૬-૧-૧૯૭૯) ૫'-૮''<br>B.E. Mechanical – સર્વિસ (શનિ છે) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>સાવરકુંડલા – મલાડ | (ઘર) ૨૮૮૩૦૮૨૭<br>(મો) ૯૮૧૯૭૦૭૪૯૪ |
| ૨૯) | નયન દિલિપભાઈ મહેતા, ૬-૬-૧૯૭૯, ૬'-૦''<br>M.Com., – સર્વિસ – ITમાં મૅનેજર | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>રાજકોટ – ડોંબિવલી | (ઘર) ૦૨૫૧-૨૮૮૫૯૨૮<br>(મો) ૯૩૨૨૩૩૧૬૭૬ |